RNI NO GUJ/GUJ/2005/23890
ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક
# સૌરાષ્ટ્ર આસપાસ
સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !
AMRELI
www.aaspassdaily.com
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ
● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવ સામે લીલીયા રોડ, અમરેલી.
● સંવત ૨૦૮૨ પોષ વદ -૧૨ ગુરૂવાર, તા.૧૫-૦૧-૨૦૨૬ અંક : ૧૬ વર્ષ : ૨૧ email :rajkot@aaspassindia.com કિંમત રૂા. ૨-૫૦ પાના - ૮

# અમેરિકાએ ૭૫ દેશોના અરજદારો માટે વિઝા પ્રક્રિયા સ્થગિત કરી

## અમેરિકન ટેક્સ પેયર્સના નાણા બચાવવા અને વેલ્ફેર સ્કીમના થતાં દૂરઉપયોગને રોકવામાં માટે આ નિર્ણય લેવામાં આવ્યો હોવાનો દાવો

વોશિંગ્ટન

અમેરિકાએ વિઝા ધારકો અંગે મોટો નિર્ણય લીધો છે. જેમાં અમેરિકાને ૭૫ દેશોના અરજદારો માટે વિઝા પ્રક્રિયા પર રોક લગાવી દીધી છે. અમેરિકન ટેક્સ પેયર્સના નાણા બચાવવા અને વેલ્ફેર સ્કીમના થતાં દૂરઉપયોગને રોકવામાં માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે. આ કાર્યવાહી એવા અરજદારોને ધ્યાનમાં રાખીને કર્યો છે કે ખાસ કરીને સરકારી સહાય પર નભતા હતા. અમેરિકાના વિદેશ વિભાગના પ્રવક્તા ટોમી પિગોટના જણાવ્યા અનુસાર અમેરિકા પોતાની જૂની શક્તિઓનો ઉપયોગ અમેરિકન જનતાનો ફાયદો ઉઠાવનારા અને કલ્યાણ યોજનાઓ પર નિર્ભર બનનારાઓને રોકવા માટે કરશે.



ટ્રમ્પ વહીવટીતંત્રે સોમાલિયા, રશિયા, અફઘાનિસ્તાન, બ્રાઝિલ, ઈરાન, ઈરાક, ઈજિપ્ત, નાઈજીરીયા, થાઈલેન્ડ, યમન અને અન્ય દેશોના નાગરિકોના પ્રવેશ પર પ્રતિબંધ મૂક્યો છે. જેમાં સોમાલિયા અમેરિકન અધિકારીઓ દ્વારા કડક તપાસ હેઠળ છે. મિનેસોટામાં આ કાર્યક્રમોના વ્યાપક દુરુપયોગના ખુલાસા બાદ ઉચ્ચ તપાસ કરવામાં આવી હતી. જેમાં ટેક્સ પેયર્સના નાણાંથી ચાલતા વેલ્ફેર પ્રોગ્રામનો દૂરઉપયોગ પ્રકાશમાં આવ્યો હતો. તપાસમાં જાણવા મળ્યું હતું કે હજારો લોકો ખોટા દસ્તાવેજોનો ઉપયોગ કરીને સરકારી સહાય મેળવી રહ્યા હતા.

આ ઉપરાંત અમેરિકામાં નવેમ્બર ૨૦૨૫ માં જાહેર કરાયેલા નિર્દેશો બાદ કોન્સ્યુલર અધિકારીઓ હવે સ્વાસ્થ્ય, ઉંમર, અંગ્રેજી ભાષાની નિપુણતાનો અભાવ અને નાણાકીય સ્થિતિના આધારે વિઝા નકારી શકે છે. નવા નિયમો હેઠળ, વૃદ્ધ અથવા વધુ વજનવાળા અરજદારોને પણ વિઝા નકારી શકાય છે. આ ઉપરાંત ભૂતકાળમાં સરકારી રોકડ સહાય મેળવનાર અથવા લાંબા ગાળાની તબીબી સારવારની જરૂર હોય તેવી શક્યતા ધરાવતા કોઈપણ વ્યક્તિને અમેરિકામાં પ્રવેશવાથી પ્રતિબંધિત કરવામાં આવશે. વહીવટીતંત્રનો ધ્યેય એવા વિદેશી નાગરિકોને અટકાવવાનો છે જે અમેરિકન જાહેર સંસાધનો પર બોજ બની શકે છે.

# ભોપાલમાં ટ્રેક્ટર અને લોડીંગ વાહન વચ્ચે અકસ્માતમાં પાંચ લોકોના મોત

## મકર સંક્રાંતિ પર્વે પરિવાર પવિત્ર નદીના સ્નાન માટે જઈ રહ્યો હતો ત્યારે સર્જાયો અકસ્માત : ૧૨ લોકોને નાનીમોટી ઈજા

ભોપાલ

મધ્ય પ્રદેશના ભોપાલ જિલ્લાના બેરસિયા થાણા વિસ્તારમાં આવેલા વિધા વિહાર સ્કૂલ પાસે એક ટ્રેક્ટર-ટ્રોલી અને લોડિંગ વાહન વચ્ચે થયેલી જોરદાર ટક્કરમાં એક જ પરિવારના ૦૫ સભ્યોના ઘટનાસ્થળે જ કરૂણ મોત થયા હતા, જ્યારે ૧૨થી વધુ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. મૃતકો તમામ વિદિશા જિલ્લાના સિરોંજ વિસ્તારના રહેવાસી હતા અને એક જ પરિવારના સભ્યો હતા. મકર સંક્રાંતિના પવિત્ર પર્વ નિમિત્તે આખો પરિવાર લોડિંગ વાહનમાં સવાર થઈને હોશંગાબાદ ખાતે નદીમાં સ્નાન કરવા માટે જઈ રહ્યો હતો. સવારના સમયે જ્યારે તેમનું વાહન બેરસિયા પાસે પહોંચ્યું, ત્યારે સામેથી આવી રહેલી એક ટ્રેક્ટર-ટ્રોલી સાથે તેમની ધડાકાભેર ટક્કર થઈ હતી.

ટક્કર એટલી ભીષણ હતી કે લોડિંગ વાહનનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો અને તેમાં સવાર લોકો અંદર ફસાઈ ગયા હતા. આ દુર્ઘટનાને કારણે ઘટનાસ્થળે ચારેબાજુ ચીસાચીસ અને અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. પાંચ લોકોએ તો ઘટનાસ્થળે જ દમ તોડી દીધો હતો, જ્યારે અન્ય ગંભીર રીતે ઘાયલ થયા હતા. દુર્ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસ અને એસડીએમ સહિતનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. ઘાયલોને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યારે પાંચેય મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે હમીદિયા હોસ્પિટલ મોકલવામાં આવ્યા છે. ઘટનાની ગંભીરતાને જોતાં બેરસિયાના એસડીએમ આશુતોષ શર્મા, એએસપી નીરજ ચૌરસિયા અને ધારાસભ્ય વિષ્ણુ ખત્રીએ હોસ્પિટલ પહોંચીને ઘાયલોના હાલચાલ પૂછ્યા હતા અને ડોક્ટરોને શ્રેષ્ઠ સારવાર આપવા માટે નિર્દેશ આપ્યા હતા. પોલીસે આ મામલે ગુનો નોંધીને તપાસ શરૂ કરી દીધી છે.

# ગ્રીનલેન્ડને અમેરિકાથી બચાવવા NATOના છ દેશ મેદાનમાં આવ્યા

## સ્વીડન, નોર્વે, જર્મની, ફ્રાંસ, નેધરલેન્ડ અને કેનેડાની સેનાએ ગ્રીનલેન્ડ જવાની કરી તૈયારી

નુક

વિશ્વના સૌથી મોટા ટાપુ ગ્રીનલેન્ડને લઈને ફરી આંતરરાષ્ટ્રીય સ્તરે ગરમાવો જોવા મળી રહ્યો છે. વેનેઝુએલાના પેટ્રોલિયમ ભંડારો પર કબ્જો મેળવ્યા બાદ હવે યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની નજર ડેનમાર્કના સ્વાયત્ત પ્રદેશ ગ્રીનલેન્ડ પર છે. અમેરિકા ગ્રીનલેન્ડને પણ ધમકી આપી ચૂક્યું છે. જેને લઈને ગ્રીનલેન્ડે બીજા દેશોની મદદ માંગી છે. ત્યારે હવે છ દેશોની સેનાએ ગ્રીનલેન્ડ પહોંચવાની તૈયારી કરી છે.

આંતરરાષ્ટ્રીય મીડિયા પાસેથી મળતી માહિતી મુજબ, ગ્રીનલેન્ડને અમેરિકાથી બચાવવા માટે NATOના દેશો સક્રિય થયા છે. ડેનમાર્કના આહ્વાનથી અત્યારસુધી NATOના છ દેશો પોતાની સેના અથવા સૈનિકોને ગ્રીનલેન્ડ મોકલી રહ્યા છે. આ દેશોમાં સ્વીડન, નોર્વે, જર્મની, ફ્રાંસ, નેધરલેન્ડ અને કેનેડાનો સમાવેશ થાય છે. જોકે, સેના મોકલવાની પહેલ સ્વીડને કરી હતી.

સ્વીડનના વડા પ્રધાન ઉલ્ફ ક્રિસ્ટર્સને જણાવ્યું હતું કે, અમારો દેશ ડેનમાર્તના અનુરોધને લઈને ગ્રીનલેન્ડમાં સૈનિકો મોકલી રહ્યો છે.

# ગોલ્ડન ડોમ માટે ગ્રીનલેન્ડ પર કબજો જરૂરી : ટ્રમ્પ

## બીજી વખત રાષ્ટ્રપતિ બન્યા બાદ જાહેરાત કરી હતી કે તેઓ ગ્રીનલેન્ડને અમેરિકાનો ભાગ જ માને છે




વોશિંગ્ટન

અમેરિકાએ વેનેઝુએલા પર હુમલો કરીને તેને કબજે લીધા બાદ હવે તેની નજર ગ્રીનલેન્ડ પર છે. જે અંગે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ગ્રીનલેન્ડ અંગે એક મોટું નિવેદન આપ્યું છે. ડોનાલ્ડ ટ્રમ્પે ટ્વિટ કરી છે અને જણાવ્યું છે કે રાષ્ટ્રીય સુરક્ષા માટે ગ્રીનલેન્ડ જરૂરી છે. અમે જે ગોલ્ડન ડોમ બનાવી રહ્યા છીએ તેના માટે તે ખૂબ જ મહત્વપૂર્ણ છે.

ટ્રમ્પે પોતાની પોસ્ટમાં આગળ લખ્યું છે કે, આપણે તેની માટે નાટોનું નેતૃત્વ કરવું પડશે. જો આપણે નહીં કરીએ, તો રશિયા કે ચીન કરશે અને તે થવાનું નથી. અમેરિકાની વિશાળ લશ્કરી તાકાત વિના જેમાંથી મોટાભાગની મેં મારા પહેલા કાર્યકાળ દરમિયાન બનાવી હતી અને હવે તેને ઉચ્ચ સ્તરે લાવી રહ્યો છું. તેમજ નાટો અસરકારક બળ કે અવરોધક નહીં બને. અમેરિકા પાસે ગ્રીનલેન્ડ હોવાથી નાટો વધુ શક્તિશાળી અને અસરકારક બને છે. તેનાથી ઓછું કંઈ પણ સ્વીકાર્ય નથી. આ બાબત પર તમારા ધ્યાન બદલ આભાર

ડોનાલ્ડ ટ્રમ્પની આ ટ્વીટથી ગ્રીનલેન્ડ સહિત નાટો દેશોમાં ગભરાટ ફેલાયો છે. ટ્રમ્પે વર્ષ ૨૦૨૫ માં બીજી વખત રાષ્ટ્રપતિ બન્યા બાદ જાહેરાત કરી હતી કે તેઓ ગ્રીનલેન્ડને અમેરિકાનો ભાગ માને છે અને તેને કબજે કરશે. આ પછી ટ્રમ્પે ગ્રીનલેન્ડ પર નજર રાખી છે. ટ્રમ્પે હવે પોતાનું વલણ સ્પષ્ટ કરી દીધું છે કે તેઓ ગ્રીનલેન્ડથી ઓછું કંઈ સ્વીકારશે નહીં અને તે તેને કબજે કરશે. વેનેઝુએલા પર તાજેતરના હુમલા અને તેના રાષ્ટ્રપતિ નિકોલસ માદુરો અને તેમની પત્નીને લશ્કર દ્વારા બંધક બનાવીને અમેરિકા લઈ જવા પછી ટ્રમ્પે આ ચેતવણી આપી છે.

# એશિયન દેશોમાં ભારતીય પાસપોર્ટની તાકાત વધી

## ભારતીય નાગરિકો હવે ૫૫ દેશોમાં વિઝા-ફ્રી, વીઝા ઑન અરાઈવલ દ્વારા પ્રવાસ કરી શકશે

નવી દિલ્હી

વિશ્વમાં જેટલા દેશો આવેલા છે તેમાં કયાં દેશનો પાસપોર્ટ કેટલો મજબૂત છે તેનો એક રિપોર્ટ તૈયાર કરવામાં આવે છે. ભારતીય પાસપોર્ટની તાકાત વધી છે. એટલું જ નહીં, પરંતુ આ વર્ષે પણ એશિયાના દેશોના પાસપોર્ટની તાકાત વધી છે.

વિગતે જોઈએ તો સિંગાપુરનો પાસપોર્ટ દુનિયામાં સૌથી વધારે શક્તિશાળી છે. સિંગાપુરના નાગરિકો ૧૯૨ દેશમાં વિઝા વિના પ્રવાસ કરી શકે છે. આ યાદીમાં જાપાન અને ઉત્તર કોરિયા બીજા નંબરે આવે છે, ત્યાર બાદ ૧૮૮ દેશો સાથે યુએઈ પાંચમા સ્થાને આવે છે.

ભારત ૫ ક્રમ ઉપર ચડીને ૮૦મા ક્રમે પહોંચી ગયો છે, જ્યાં આલ્જીરિયા સાથે સમાન સ્થાન હવે ભારતીય નાગરિકો ૫૫ દેશોમાં વિઝા-ફ્રી, વીઝા ઑન અરાઈવલ દ્વારા પ્રવાસ કરી શકે છે. ૨૦૨૫માં ભારત ૮૫મા સ્થાને હતું. જેમાં સુધારો આવ્યો છે.

આ સુધારાથી ભારતીયોને એશિયા, આફ્રિકા, ઓશનિયા, કેરેબિયન અને મધ્ય પૂર્વમાં સરળતા મળશે. વિઝા-ફ્રી દેશોમાં થાઈલેન્ડ, મલેશિયા, મોરિશસ, નેપાળ, બાર્બાડોસ, ફિજી, સેન્ટ વિન્સેન્ટ એન્ડ ગ્રેનેડાઈન્ઝનો સમાવેશ થાય છે. જ્યારે વીઝા ઑન અરાઈવલ/ ETAમાં ઈન્ડોનેશિયા, માલદીવ, શ્રીલંકા, કેન્યા, જોર્ડન, ફિલિપાઈન્સનો સમાવેશ થાય છે.

૮૫મા રેન્ક પરથી ભારત ૮૦મા ક્રમે આવ્યું છે. આ રિપોર્ટ પ્રમાણે આગામી સમયમાં ભારતીય નાગિરકો માટે વેપાર, પર્યટન અને શિક્ષણ માટે લાભદાયી થઈ શકે છે. આ સાથે ભારતીય નાગરિકો માટે આંતરરાષ્ટ્રીય પ્રવાસ વધુ સરળ બની શકે છે.

# ટ્રમ્પના ટેરિફ અંગે અમેરિકાની સુપ્રીમ કોર્ટે ફરી ચુકાદો આપવાનું ટાળ્યું

## કોર્ટે બીજી વખત આ મામલે નિર્ણય ટાળ્યો : આગામી સુનાવણી અંગે પણ કોઈ નિર્દેશ ન આપ્યો

વોશિંગ્ટન

અમેરિકન રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા લાદવામાં આવેલા 'રેસિપ્રોકલ ટેરિફ' પર અમેરિકન સુપ્રીમ કોર્ટે કોઈ ચુકાદો આપ્યો નથી. કોર્ટે આ મામલે બીજી વખત નિર્ણય ટાળ્યો છે. અગાઉ ૯ જાન્યુઆરીએ પણ કોર્ટે આ કેસમાં ચુકાદો આપવાનું ટાળ્યું હતું. હવે આ કેસ પર ચુકાદો ક્યારે આવશે, તે અંગે કોર્ટ તરફથી હાલ કંઈ પણ સ્પષ્ટ કરવામાં આવ્યું નથી. સુપ્રીમ કોર્ટે આજે ત્રણ અન્ય કેસમાં ચુકાદા જરૂર આપ્યા હતા, પરંતુ ટેરિફ અંગેના કેસ પર ન તો કોઈ ચર્ચા થઈ અને ન તો સ્પષ્ટતા કરવામાં આવી કે આગામી સુનાવણી ક્યારે હાથ ધરવામાં આવશે. આ મામલો હાલ અનિશ્ચિતતામાં ફસાયેલો છે.આ કેસ એ બાબતની તપાસ સાથે જોડાયેલો છે કે શું રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પે પોતાના બંધારણીય અને કાયદાકીય અધિકારોની મર્યાદા ઓળંગીને લગભગ તમામ મોટા અમેરિકી વ્યવસાયિક ભાગીદારો પર ૧૦% થી ૫૦% સુધીનો ટેરિફ એકતરફી રીતે લાગુ કરી દીધો છે?

ટ્રમ્પે આ ટેરિફને યોગ્ય ઠેરવવા માટે ૧૯૭૭ના 'ઈન્ટરનેશનલ ઈમરજન્સી ઈકોનોમિક પાવર્સ એક્ટ' નો ઉપયોગ કર્યો હતો અને વ્યાપારિક નુકસાન તથા ફેન્ટાનિલ જેવા બિનકાયદેસર ડ્રગ્સની તસ્કરીને 'રાષ્ટ્રીય કટોકટી' ગણાવી હતી.બીજી તરફ, ડેમોક્રેટ શાસિત ૧૨ અમેરિકન રાજ્યોના ડેમોક્રેટિક ઝુકાવ ધરાવતા વેપારીઓ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીમાં કહેવામાં આવ્યું છે.

# મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણી : શાંતિપૂર્ણ માહોલમાં મતદાન શરૂ



## મુંબઈ ઉપરાંત રાજ્યની ૨૮ મહાનગરપાલિકાની પણ આજે ચૂંટણી

મુંબઈ

મહારાષ્ટ્રમાં આજે રાજકીય દ્દષ્ટિએ અત્યંત મહત્વપૂર્ણ દિવસ છે. રાજ્યની આર્થિક રાજધાની મુંબઈ સહિત કુલ ૨૯ મહાનગરપાલિકાઓ માટે આજે સવારે ૭:૩૦ વાગ્યાથી મતદાન શરૂ થઈ ગયું છે, જે સાંજે ૫:૩૦ વાગ્યા સુધી ચાલશે. આ ચૂંટણીને ૨૦૨૨માં શિવસેનાના વિભાજન બાદ મહારાષ્ટ્રના રાજકારણની દિશા નક્કી કરનારી 'અગ્નિપરીક્ષા' માનવામાં આવી રહી છે.

આ ચૂંટણી રાજકીય રીતે ખૂબ જ મહત્વની છે. એક તરફ શિવસેનાના વિભાજન બાદ ઉદ્ધવ ઠાકરે મુંબઈમાં પોતાનું રાજકીય વર્ચસ્વ પાછું મેળવવા માટે તેમના પિતરાઈ ભાઈ રાજ ઠાકરે સાથે ગઠબંધન કરીને મેદાનમાં ઉતર્યા છે. તો બીજી તરફ, ભાજપ-શિવસેના (શિંદે જૂથ) ગઠબંધન વિધાનસભા ચૂંટણીમાં શાસક મહાયુતિના દમદાર પ્રદર્શન બાદ પોતાની પકડ વધુ મજબૂત કરવા માંગે છે. મતદાન શરૂ થતાં જ નાગપુરમાં આરએસએસ પ્રમુખ મોહન ભાગવતે સવાર-સવારમાં પોતાનો મત આપ્યો હતો. મુંબઈમાં, બોલિવૂડ અભિનેતા અક્ષય કુમારે પણ વહેલી સવારે મતદાન કર્યું. મત આપ્યા બાદ તેમણે મુંબઈના નાગરિકોને મુંબઈવાસી હોવાના નાતે, આજે રિમોટ કંટ્રોલ આપણા હાથમાં છે. જો આપણે મુંબઈના અસલી હીરો બનવું હોય, તો આપણે ડાયલોગબાજી ન કરવી જોઈએ, પરંતુ બહાર આવીને પોતાનો મત આપવો જોઈએ."

બૃહદ મુંબઈ મહાનગરપાલિકાના ૨૨૭ વોર્ડ માટે કુલ ૧,૭૦૦ ઉમેદવારો મેદાનમાં છે. મુંબઈના ૧.૦૩ કરોડથી વધુ મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરશે, જેમાં ૫૫.૧૬ લાખ પુરુષ, ૪૮.૨૬ લાખ મહિલા અને ૧,૦૯૯ અન્ય મતદારોનો સમાવેશ થાય છે.

શાંતિપૂર્ણ મતદાન સુનિશ્ચિત કરવા માટે મુંબઈ પોલીસે સુરક્ષાના કડક બંદોબસ્ત કર્યા છે. ઠેર-ઠેર બેરિકેડિંગ કરવામાં આવી છે અને વાહનોની તપાસ કરવામાં આવી રહી છે. ચૂંટણી પંચે મતદારોની સુવિધા માટે મહિલાઓ દ્વારા સંચાલિત 'પિંક પોલિંગ બૂથ' બનાવ્યા છે અને વરિષ્ઠ નાગરિકોની મદદ માટે વિશેષ ટીમો તૈનાત કરી છે. સાંજે મતદાનના અંતિમ કલાકોમાં ભીડને નિયંત્રિત કરવા માટે ટોકન સિસ્ટમ પણ શરૂ કરવામાં આવી છે.

# ગુજરાતમાં ઉત્તરાયણ પર્વમાં અકસ્માતથી એક બાળક સહિત પાંચ વ્યક્તિએ જીવ ગુમાવ્યા

## પતંગ પાછળ દોડતા બાળકનું કાર અડફેટે મોત નીપજ્યું : પ્રતિબંધિત ચાઈનીઝ દોરીએ બે યુવાનનો ભોગ લીધો



અમદાવાદ,
ગુજરાતમાં ઉત્તરાયણ પર્વમાં પતંગની મજા માણવાની સાથોસાથ અકસ્માતની ઘટનામાં એક બાળક સહિત પાંચ વ્યક્તિએ જીવ ગુમાવ્યો છે,જ્યારે અનેક લોકોને ઈજા પહોંચી હોવાના બનાવ બન્યા છે. વડોદરાના વાઘોડિયા રોડ ખાતે પતંગની કપાયેલી દોરી પકડવામાં જતા એક ૩૩ વર્ષીય યુવાનનું મોત નિપજ્યું છે. અહીં રહેતા શંકર રાઠવા નામનો યુવક વીજલાઈનમાં ફસાયેલી પોતાની પતંગ કાઢવા જતો હતો, ત્યારે દોરી પકડતા જ તેને કરંટ લાગ્યો હતો અને તે ઢળી પડ્યો હતો.

તેને તાત્કાલિક હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, પરંતુ તેણે સારવાર દરમિયાન દમ તોડી દેતા ઉજવણી માતમમાં ફેરવાઈ હતી. યુવક ત્રણ વર્ષના બાળકનો પિતા હતો અને પરિવારનો આધાર હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

વડોદરા જિલ્લાના કરજણ વિસ્તારમાં ૧૦ વર્ષના બાળક હિમાંશુ કશ્યપનું પણ પતંગને કારણે મોત નિપજ્યું છે. આ બાળક પતંગ પકડવા દોડતો હતો ત્યારે ઝડપથી આવેલી કારની હડફેટે આવી જતા તેને ગંભીર ઈજા પહોંચી હતી, તેનું પણ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નિપજ્યું હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે.

ભરૂચ જિલ્લાના પીલુદરા ગામ અને અરવલ્લીના બાયડ તાલુકામાં પતંગની તીક્ષ્ણ દોરીના કારણે ગળું કપાઈ જતા બે યુવાનોના મોત થયા છે. આ ઘટનાઓએ પતંગબાજીના જોખમો પર ફરીથી ચર્ચા શરૂ કરી છે. પતંગ ચગાવવી જોખમી પણ સાબિત થઈ શકે છે, આમાંથી એક યુવકનું તો ચાઈનીઝ દોરીના કારણે ગળું કપાયું છે. જે દોરી પર પ્રતિબંધ છે, તેમ છતાં પણ લોકો તેનો પ્રયોગ કરી રહ્યાં છે.

બાયડ તાલુકાના ચોઈલા ગામમાં મોપેડ લઈને જતાં એક સગીર યુવકનું ચાઈના દોરીને કારણે ગળું કપાતા મોત થયું છે. ૧૭ વર્ષીય તીર્થ પટેલ નામના યુવકના દોરી ગળામાં દોરી આવી જતા તેનું ગયું કપાઈ ગયું હતું. તેને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો પરંતુ તબીબોએ તેને મૃત જાહેર કરી દીધો હતો.

ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકાના પીલુદરામાં પતંગની દોરીના કારણે એક યુવકનું મોત થયું હતું. રાહુલ પરમાર નામનો વ્યક્તિ બાઈક લઈને જતો હતો તે દરમિયાન દોરી ગળામાં આવી જતાં તેનું મોત થયું હતું.

# શક્તિપીઠ અંબાજી મંદિરને ઉત્તરાયણ પર્વમાં પતંગનો શણગાર કરાયો : ભાવિકો અભિભૂત

## ઉત્તરાયણ નિમિત્તે મંદિરના ગર્ભગૃહથી લઈને પરિસર સુધી કરવામાં આવેલી વિશેષ સજાવટ ભક્તો માટે આકર્ષણનું કેન્દ્ર બની



અંબાજી,
શક્તિપીઠ અંબાજીમાં મકરસંક્રાંતિના પર્વ નિમિત્તે ભક્તિ અને ઉત્સાહનો ત્રિવેણી સંગમ જોવા મળ્યો હતો. મા અંબાના દર્શનાર્થે વહેલી સવારથી જ શ્રદ્ધાળુઓનું કીડીયારું ઉભરાયું હતું. ઉત્તરાયણ નિમિત્તે મંદિરના ગર્ભગૃહથી લઈને પરિસર સુધી કરવામાં આવેલી વિશેષ સજાવટ ભક્તો માટે આકર્ષણનું કેન્દ્ર બની હતી. શ્રદ્ધાળુઓએ માતાજીના ચરણોમાં શીશ ઝુકાવી મકરસંક્રાંતિના પવિત્ર દિવસે ધન્યતા અનુભવી હતી.

મકરસંક્રાંતિના પર્વને અનુરૂપ આજે અંબાજી મંદિરને રંગબેરંગી પતંગોથી સજાવવામાં આવ્યું હતું. આકાશમાં જે રીતે પતંગોની રંગત જામે છે, તેવી જ રીતે મંદિરના પરિસરમાં પણ ચારેતરફ પતંગોના શણગાર જોવા મળ્યા હતા. શ્રદ્ધાળુઓ દ્વારા અર્પણ કરવામાં આવેલી આ પતંગોથી માતાજીના ધામને એ રીતે શણગારાયું હતું કે આવનાર દરેક ભક્ત મંત્રમુગ્ધ થઈ ગયા હતા. પતંગોના આ અનોખા શણગારે પરંપરાગત વાતાવરણમાં એક નવો જ પ્રાણ ફૂંક્યો હતો.

સામાન્ય દિવસોની સરખામણીએ આજે ઉત્તરાયણ હોવાથી મંદિરમાં ભક્તોની સંખ્યામાં મોટો વધારો જોવા મળ્યો હતો. બનાસકાંઠા સહિત સમગ્ર ગુજરાતમાંથી શ્રદ્ધાળુઓ પોતાના પરિવાર અને મિત્રો સાથે મા અંબાના આશીર્વાદ લેવા પહોંચ્યા હતા. ભક્તોને દર્શન કરવામાં કોઈ તકલીફ ન પડે તે માટે મંદિર ટ્રસ્ટ દ્વારા વિશેષ વ્યવસ્થાઓ કરવામાં આવી હતી. તમામ શ્રદ્ધાળુઓએ શિસ્તબદ્ધ રીતે લાઈનમાં ઉભા રહીને શાંતિપૂર્ણ માહોલમાં માતાજીના દર્શનનો લાભ લીધો હતો.

# અમદાવાદના મણિનગર વિસ્તારમાં યુવાનની ઘાતકી હત્યા



અમદાવાદ,
અમદાવાદના મણિનગરમાં આવેલા કાંકરિયા ફૂટબોલ ગ્રાઉન્ડ નજીક ગત રાતે ખૂની ખેલ ખેલાયો હોવાની ઘટના સામે આવી છે. અગાઉ થયેલા ઝઘડાની અદાવત રાખીને કેટલાક શખસોએ એક યુવકની ઘાતકી હત્યા કરતા ચકચાર મચી ગઈ છે. આ ઘટનાની જાણ થતાં જ કાગડાપીઠ અને મણિનગર પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને સમગ્ર વિસ્તારને કોર્ડન કરીને આરોપીઓને પકડવા કાર્યવાહી હાથ ધરી છે.

આ મામલે અમરાઈવાડીમાં રહેતા ૨૩ વર્ષીય રાહુલ રાઠોડે પોલીસ ફરિયાદ નોંધાવી છે. રાહુલે તેના નાના ભાઈ ચિરાગની હત્યા અંગે મંથન ઉર્ફે રૂત્વિક પરમાર તથા જયદિપ શાહ, હર્ષીલ શાહ અને વિજય ઉર્ફે વી.પી. પરમાર સામે ફરિયાદ નોંધાવી છે. સમાધાન કરવાના બહાને બોલાવીને આ શખસોએ ચિરાગ પર હુમલો કર્યો હતો.

ઉત્તરાયણે રાત્રે આશરે ૯.૪૫ વાગ્યે આ ખૂની ખેલ ખેલાયો હતો. આરોપી મંથન અને તેના મિત્રોએ પૂર્વ આયોજિત કાવતરું રચ્યું હતું. અગાઉ થયેલા ઝઘડાની અદાવત રાખીને સમાધાન કરવા માટે મંથને ચિરાગ રાઠોડ અને તેના મિત્ર નયનને કાંકરિયા ફૂટબોલ ગ્રાઉન્ડ ખાતે બોલાવ્યા હતા.

# દાહોદમાં રૂ.૧.૩૫ કરોડથી વધુ કિંમતના વિદેશી દારૂ અને બીયર ભરેલું કન્ટેનર ઝડપાયું

## પોલીસે ૧.૫૫ કરોડના મુદ્દામાલ સાથે બે પરપ્રાંતીય શખ્સની કરી ધરપકડ



દાહોદ,
દાહોદમાં એલ.સી.બી. અને કતવારા પોલીસે સંયુક્ત ઓપરેશન હાથ ધરીને ૧.૩૫ કરોડથી વધુ કિંમતનો વિદેશી દારૂ ઝડપી પાડ્યો હતો. ઈન્દોર-ગોધરા નેશનલ હાઈવે પર ગરબાડા ચોકડી પાસે વાહન ચેકિંગ દરમિયાન પોલીસે બાતમીના આધારે એક કન્ટેનરમાંથી રૂ. ૧.૩૫ કરોડથી વધુની કિંમતનો વિદેશી દારૂ અને બિયરનો જથ્થો ઝડપી પાડ્યો હતો. પોલીસે આ દારૂ પ્લાસ્ટિકના રોલની આડમાં છુપાવીને લઈ જવાતો હતો ત્યારે ઝડપ્યો હતો.

એલસીબી ને બાતમી મળી હતી કે એક બંધ બોડીના ટ્રકમાં દારૂનો જથ્થો ગુજરાતમાં ઘુસાડવામાં આવી રહ્યો છે. બાલાજી હોટલ સામે જ્યારે ટ્રક ને અટકાવી તલાશી લેવામાં આવી હતી, ત્યારે પોલીસ પણ ચોંકી ઉઠી હતી. ટ્રકમાં ઉપરના ભાગે પ્લાસ્ટિકના બબલ રોલ રાખવામાં આવ્યા હતા.

પોલીસે ૮૧૪ પેટીઓમાં કુલ ૩૩,૦૬૬ બોટલ વિદેશી દારૂ અને બિયર કિંમત રૂ. ૧,૩૫,૫૯,૨૯૮ અને ૨૦ લાખની કિંમતના આઈસર ટ્રક બે મોબાઈલ ફોન અને પ્લાસ્ટિકના બબલ રોલ સહિત કુલ રૂ.૧,૫૫,૭૦,૭૯૮નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ મામલે પોલીસે ટ્રકના ડ્રાઈવર અને ક્લીનરની ધરપકડ કરી છે, જેઓ મધ્યપ્રદેશના વતની હોવાનું જાણવા મળ્યું છે. દાહોદ ટાઉન "એ" ડિવિઝન પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી હતી.

# અમદાવાદ સહિત રાજ્યભરમાં ઉત્તરાયણ પર્વની ઉજવણી

## પતંગરસિયાઓએ દિવસભર પતંગ ઉડાડવાની મજા માણી : કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ,મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિતના નેતાઓએ પણ પોતાના મત વિસ્તારમાં પર્વની ઉજવણી કરી



અમદાવાદ,
અમદાવાદ સહિત રાજ્યભરમાં ઉત્તરાયણ પર્વની અનેરા ઉત્સાહ સાથે ઉજવવામાં આવી હતી.લોકોએ દિવસભર આકાશમાં પતંગ ચગાવવાની સાથોસાથ ખાણીપીણીની મજા માણી હતી. સવારથી જ આકાશ રંગબેરંગી પતંગોથી છવાઈ ગયું હતું. સામાન્ય નાગરિકોની સાથે રાજ્યના મુખ્યમંત્રી અને કેન્દ્રીય મંત્રીઓએ પણ પોતપોતાના મતવિસ્તારમાં જઈને જનતા સાથે પર્વની મજા માણી હતી. પરંપરાગત રીતે ઉજવાતા આ તહેવારમાં ભક્તિ, દાન અને આનંદનો ત્રિવેણી સંગમ જોવા મળી રહ્યો છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે અમદાવાદમાં પરિવાર સાથે ઉત્તરાયણની ઉજવણી કરી હતી. તેમણે વહેલી સવારે સુપ્રસિદ્ધ જગન્નાથ મંદિરે જઈને પૂજા-અર્ચના કરી હતી અને મંદિર પરિસરમાં ગૌમાતાનું પૂજન કરી ઘાસચારો ખવડાવ્યો હતો. ત્યારબાદ નારણપુરા વિસ્તારમાં પોતાના પરિવારના સભ્યો, પત્ની સોનલબેન અને પુત્ર જય શાહ સાથે ધાબા પર પતંગ ચગાવી હતી. પતંગબાજી બાદ તેમણે ગુજરાતી પરંપરા મુજબ બોર અને જામફળની જયાફત માણી ઉત્તરાયણનો અસલી આનંદ લીધો હતો. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પણ અમદાવાદના દરિયાપુર વિસ્તારની પોળોમાં જઈને પતંગ ચગાવી હતી. તેમની સાથે સાંસદ દિનેશ મકવાણા અને ધારાસભ્ય કૌશિક જૈન પણ જોડાયા હતા. જ્યારે મુખ્યમંત્રીએ પતંગની ડોર ખેંચી પેચ લડાવ્યા ત્યારે લોકોએ ભારે ચિચિયારીઓ પાડી તેમને પ્રોત્સાહિત કર્યા હતા. મુખ્યમંત્રીએ આ તકે રાજ્યના તમામ નાગરિકોને મકરસંક્રાંતિની હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી. બીજી તરફ સુરતમાં પણ પૂર્વ કેન્દ્રીય મંત્રી દર્શના જરદોશ અને ધારાસભ્ય ઝંખના પટેલે સાથે મળીને પતંગ ઉડાવી તહેવારની ઉજવણી કરી હતી.

# વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરથી ગુજરાતમાં ચાલુ માસના અંતે ફરી ઠંડી વધે તેવી શક્યતા

## બંગાળની ખાડી અને અરબ સાગર તરફથી આવતા ભેજવાળા પવનોને કારણે રાજ્યના વાતાવરણમાં પલટો આવે તેવી શકયતા

અમદાવાદ,
ગુજરાતમાં હાલ મિશ્ર ઋતુનો અનુભવ થઈ રહ્યો છે, પરંતુ આગામી દિબંગાળની ખાડી અને અરબ સાગર તરફથી આવતા ભેજવાળા પવનોને કારણે રાજ્યના વાતાવરણમાં પલટોવસોમાં હવામાનમાં મોટા ફેરફારો થવાના સંકેતો મળી રહ્યા છે. હવામાન વિભાગ અને નિષ્ણાંતોના મતે, બંગાળની ખાડી અને અરબ સાગર તરફથી આવતા ભેજવાળા પવનોને કારણે રાજ્યના વાતાવરણમાં પલટો આવશે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરને લીધે જાન્યુઆરીના અંતિમ દિવસોમાં ફરી એકવાર ઠંડીનું જોર વધવાની શક્યતા છે, જેની સીધી અસર નાગરિકોના જનજીવન અને ખેતી પર જોવા મળી શકે છે.

હવામાન વિભાગની આગાહી મુજબ, આગામી ૪૮ કલાક દરમિયાન રાજ્યમાં ઠંડીની તીવ્રતા યથાવત રહેશે અને તાપમાનમાં કોઈ મોટો ફેરફાર જોવા નહી મળે. જોકે, ત્યારબાદના બે દિવસમાં લઘુત્તમ તાપમાનમાં ૨ થી ૩ ડિગ્રીનો વધારો થતા ઠંડીમાં થોડી રાહત મળી શકે છે. હાલમાં નલિયા ૭.૬ ડિગ્રી સાથે રાજ્યનું સૌથી ઠંડુ શહેર નોંધાયું છે, જ્યારે અમદાવાદમાં લઘુત્તમ તાપમાન ૧૬ ડિગ્રીની આસપાસ રહેવાની શક્યતા છે. ઉત્તર-પૂર્વના પવનો ફૂંકાવાને કારણે ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના ભાગોમાં ઠંડીનું પ્રમાણ જળવાઈ રહેશે.

હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલે ખેડૂતો માટે મહત્વની આગાહી કરી છે. તેમના જણાવ્યા અનુસાર, ૧૮ થી ૨૪ જાન્યુઆરી દરમિયાન સાયક્લોનિક સર્ક્યુલેશન સર્જાવાને કારણે રાજ્યમાં વાદળછાયું વાતાવરણ રહેશે. આટલું જ નહી, ફેબ્રુઆરીથી એપ્રિલ મહિના દરમિયાન વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ નીચલા સ્તરે આવવાને કારણે કમોસમી વરસાદ એટલે કે માવઠું થવાની શક્યતા છે. આ બદલાતા હવામાન વચ્ચે ખેડૂતોએ પોતાના પાકની સુરક્ષા માટે સાવચેત રહેવું અત્યંત જરૂરી બન્યું છે.

એક તરફ શિયાળામાં માવઠાની ચિંતા છે, તો બીજી તરફ આગામી ચોમાસાને લઈને અંબાલાલ પટેલે સારા સમાચાર આપ્યા છે. જુલાઈ મહિનાથી 'અલ-નીનો'ની અસર નબળી પડવાની શક્યતા વ્યક્ત કરી છે, જેને કારણે આ વર્ષે ગુજરાતમાં ચોમાસું સારું રહેવાના સંકેતો મળી રહ્યા છે. દરિયાઈ પેરામીટર્સ સાનુકૂળ હોવાથી ખેડૂતો માટે આ વર્ષ આશાસ્પદ સાબિત થઈ શકે છે. જોકે, હાલ પૂરતું જાન્યુઆરીના અંત સુધી કોલ્ડ વેવ અને ફેબ્રુઆરીમાં આવનારા હવામાનના પલટા સામે સાવધાની રાખવી જરૂરી છે.

# અમદાવાદ એરપોર્ટ પરથી વિદેશ જતા મુસાફર પાસેથી વિદેશી ચલણ જપ્ત કર્યું

## કસ્ટમ વિભાગની ટીમે ૪૨ લાખનું વિદેશી ચલણ કબજે કરી કાર્યવાહી હાથ ધરી

અમદાવાદ,
અમદાવાદ શહેરના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર કસ્ટમ્સ વિભાગના એર ઈન્ટેલિજન્સ યુનિટ દ્વારા મોટી કાર્યવાહી કરવામાં આવી છે. એક વિદેશી ચલણની હેરાફેરીનો પર્દાફાશ કર્યો હોવાનું પ્રકાશમાં આવ્યું છે. બેંગકોક જઈ રહેલા એક મુસાફર પાસેથી કસ્ટમ્સ અધિકારીઓએ રૂપિયા ૪૨,૦૬,૩૪૦ની કિંમતની વિદેશી નોટો જપ્ત કરી હતી. આ ચલણી નોટો જપ્ત કરીને તેના સામે આગળની કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી છે.

મળતી જાણકારી પ્રમાણે, કસ્ટમ્સ વિભાગને ચોક્કસ ગુપ્ત રાહે માહિતી મળી હતી કે એક મુસાફર ગેરકાયદે રીતે મોટી માત્રામાં વિદેશી ચલણની નિકાસ કરવાની ફિરાકમાં છે. આ બાતમીના આધારે એર ઈન્ટેલિજન્સ યુનિટના અધિકારીઓએ વોચ ગોઠવી હતી. તપાસ દરમિયાન, અમદાવાદથી બેંગકોક જઈ રહેલી વિયેટજેટ એર ફ્લાઈટ ફઢ-૫૭૧ માં બેઠેલા એક પુરુષ મુસાફરની હિલચાલ શંકાસ્પદ જણાતા તેને અટકાવવામાં આવ્યો હતો. જ્યારે અધિકારીઓએ મુસાફરના સામાનની ઝીણવટભરી તપાસ કરી, ત્યારે તેઓ પણ ચોંકી ઉઠ્યા હતા. મુસાફરે અત્યંત ચાલાકીથી તેના સામાનમાં વિદેશી નોટો છુપાવી હતી.


વિદેશી નાગરિક પાસેથી કસ્ટમ્સ વિભાગ દ્વારા મોટા પ્રમાણમાં વિદેશી ચલણી નોટોનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. જેમાં ૧૦૦ ડોલરની નોટો (જેની કિંમત અંદાજે ૮,૯૧,૦૦૦) અને ૧૦૭૨ પાઉન્ડ સ્ટર્લિંગની નોટો (જેની કિંમત અનુક્રમે ૧૨,૭૩,૩૦૦ અને ૨૦,૪૨,૦૪૦) મળી આવી હતી. આમ, કુલ મળીને ૧૧૭૨ વિદેશી ચલણી નોટો કબજે કરવામાં આવી હતી, જેની ભારતીય બજારમાં કુલ કિંમત અંદાજે ૪૨,૦૬,૩૪૦ જેટલી થવા જાય છે.

# પતંગ મહોત્સવમાં રાની મુખરજી અને ઈમરાન હાશ્મી ઉપસ્થિત

અમદાવાદ,
સાબરમતી રિવરફ્રન્ટ ખાતે આયોજિત આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં બીજા દિવસે ગ્લેમરનો તડકો જોવા મળ્યો હતો. બોલીવુડની લોકપ્રિય અભિનેત્રી રાની મુખર્જી અને ઈમરાન હાશ્મીની હાજરીએ પતંગ મહોત્સવની રંગત વધારી દીધી હતી. ઉત્તરાયણ પૂર્વે યોજાયેલા આ કાર્યક્રમમાં ફિલ્મી સિતારાઓને પોતાની નજરે નિહાળવા માટે અમદાવાદીઓની ભારે ભીડ ઉમટી પડી હતી. મહોત્સવમાં સિતારાઓની એન્ટ્રી થતા જ આખું વાતાવરણ ચાહકોની ચિચિયારીઓ અને હર્ષોલ્લાસથી ગાજી ઉઠ્યું હતું.

# લીંબડીમાં પ્રેમલગ્ન મામલે યુવાનની છરીના ઘા ઝીંકી સરાજાહેર હત્યા : એક ઈજાગ્રસ્ત

## જુના બસ સ્ટેન્ડ પાસેની ઘટનામાં છ શખ્સ વિરુદ્ધ ગુનો નોંધાયો



સુરેન્દ્રનગર,
લીબડીમાં પ્રેમ લગ્ન મુદ્દે ખુની ખેલ ખેલાયો હતો. લીંબડીના લિયાદ ગામના હિતેષભાઈ હેમુભાઈ સુરેલા પરિવારના અન્ય બે સભ્યો સાથે લીબડીમાં પતંગ અને દોરીની ખરીદી કરવા આવ્યા હતા તે સમયે પાંચથી છ અજાણ્યા શખ્સોએ શહેરના જૂના બસ સ્ટેન્ડ નજીક છરી અને લાકડી વડે હુમલો કરી ગણતરીની મિનિટોમાં યુવાનની કરપીણ હત્યા નીપજાવી ફરાર થઈ ગયા હતા. પાંચથી છ લોકો લાકડી અને છરી વડે યુવક પર હુમલો કરીને તેને મોતને ઘાટ ઉતારી દીધો હતો.

હત્યા સમયે બજારમાં અનેક લોકોની હાજરીમાં હુમલાખોરો આ હિચકારી કૃત્ય કર્યું હતું, પરંતુ કોઈપણ તે લોકોને અટકાવવાનો પ્રયાસ કર્યો ન હતો. હુમલામાં અન્ય એક યુવાનને પણ છરી વાગી જતાં ઈજાગ્રસ્ત થયો હતો. ઘટનાની જાણ થતા પોલીસ કાફલો સ્થળ પર દોડી ગયો હતો. પોલીસે હિતેશ સુરેલાના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે લીંબડીની હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. જ્યા હાજર તબીબોએ યુવકને મૃત જાહેર કર્યો હતો. આ સાથે પોલીસે હત્યારાઓને શોધવા માટે તપાસના ચક્રો ગતિમાન કરી દીધા છે.

જાહેર રસ્તાઓ પર હત્યાથી ટોળેટોળા ઉમટી પડતા પોલીસે પરિસ્થિતિ પર કાબૂ મેળવવા અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દીધો છે. લીંબડી પોલીસે હત્યાનો ગુનો નોંધી ફરાર આરોપીઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે. આ લોહિયાળ ખેલ અંગત અદાવતમાં ખેલાયો હોવાનું બહાર આવ્યું પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે. મૃતક યુવાનના પરિવારની યુવતીએ લિયાદ ગામના જ યુવક સાથે પ્રેમ લગ્ન કર્યા હતા.

# ગુજરાતની પ્રાકૃતિક ખેતીની સુવાસ અમરેલીથી ઓડિશા સુધી પહોંચશે





## ઓડિશા સરકારના ઉચ્ચ અધિકારીશ્રીઓએ અમરેલી સ્થિત કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ ખાતે પ્રાકૃતિક ખેતીના પ્રાયોગિક ફાર્મની મુલાકાત લીધી

અમરેલી:ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી દ્વારા આયોજિત 'એક્સપોઝર વિઝિટ પ્રોગ્રામ' અંતર્ગત આજે ઓડિશા સરકારના ગ્રુપ-એ તથા ગ્રુપ-બીના ઉચ્ચ અધિકારીઓએ અમરેલી સ્થિત કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગના પ્રાયોગિક ફાર્મની વિશેષ મુલાકાત લીધી હતી.

આ મુલાકાતનો મુખ્ય હેતુ ગુજરાત રાજ્યમાં સફળતાપૂર્વક અમલમાં રહેલી પ્રાકૃતિક ખેતી પદ્ધતિઓનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરી તેને ઓડિશા રાજ્યમાં અમલી બનાવવાનો હતો.

આ દરમિયાન અધિકારીઓએ પ્રાકૃતિક પદ્ધતિથી ઉગાડવામાં આવેલા શિયાળુ પાકો તેમજ વિવિધ શાકભાજીના પ્લોટોની પ્રત્યક્ષ મુલાકાત લીધી હતી. રાસાયણિક ખાતર અને જંતુનાશકો વિના તૈયાર થયેલા પાકોની ગુણવત્તા નિહાળી અધિકારીઓ વિશેષ પ્રભાવિત થયા હતા.મુલાકાત દરમિયાન કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ, અમરેલીના આચાર્ય ડો.સ્વપ્નિલ દેશમુખ દ્વારા 'પ્રાકૃતિક કૃષિ પંચસ્તરીય બાગાયતી મોડેલ' અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

આ મોડેલ દ્વારા ઓછા વિસ્તારમાં વધુ ઉત્પાદન અને વધુ આવક કેવી રીતે મેળવી શકાય તે અંગે અધિકારીઓને વિગતવાર સમજણ આપવામાં આવી હતી. તેમજ પ્રાકૃતિક કૃષિના મુખ્ય આયામો જેમ કે બીજામૃત, જીવામૃત તથા ઘનજીવામૃત, મિશ્રપાક પદ્ધતિ, આચ્છાદન અને વાપ્સા દ્વારા સફળ ખેતી કેવી રીતે શક્ય બને તે અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

ફાર્મ ખાતે વિકસાવવામાં આવેલા લાલ વાલ, દેશી મકાઇ, જવ અને ઘઉં સાથે ચણાની મિશ્રપાક પદ્ધતિ તેમજ દેશી તુવેર, મરચાં, કોબી ફ્લાવર, બીટ, મૂળા, સૂર્યમુખી અને એરંડાના મિશ્રપાક મોડેલ દ્વારા અધિકારીઓએ પ્રત્યક્ષ અનુભવ પ્રાપ્ત કર્યો હતો.કાર્યક્રમના અંતે કોલેજ તરફથી ફાર્મ પર તૈયાર થયેલ શણ, ઈક્કડ, ખરસાણી, મકાઇ અને લાલ જુવારના દેશી બિયારણની કીટ અધિકારીઓને ભેટ સ્વરૂપે આપવામાં આવી હતી.

આ સમગ્ર કાર્યક્રમનું આયોજન ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી, હાલોલની વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી તેમજ કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ, અમરેલીની ટીમ દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું.

# ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ-અમરેલી દ્વારા ખાંભાના ડેડાણ મુકામે ખેડૂતો માટે પ્રેરણા પ્રવાસ યોજાયો

## કુલ ૨૩૦ ખેડૂતોએ પ્રાકૃતિક કૃષિ મોડેલ ફાર્મની મુલાકાત લીધી





અમરેલી: ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ-અમરેલી દ્વારા ખાંભાના ડેડાણ મુકામે ખેડૂતો માટે પ્રેરણા પ્રવાસ યોજાયો હતો. આ પ્રવાસનું આયોજન મુક્તાનંદ બાપુ આશ્રમના પ્રાકૃતિક મોડેલ ફાર્મ ખાતે કરવામાં આવ્યુ હતુ. જેમાં ખાંભા તાલુકાના જીવાપર, કંટાળા, સરકડીયા મોટા, ભાવરડી, ત્રાકુડા, બોરાળા ગામના કુલ મળી ૨૩૦ જેટલા ખેડૂતોએ પ્રાકૃતિક કૃષિ મોડેલ ફાર્મની મુલાકાત કરી હતી.

આત્મા પ્રોજેક્ટ ડાયરેક્ટર શ્રી મહેશ ઝીડ દ્વારા ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ વિષયક માહિતી માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ. ખેડૂતો પ્રાકૃતિક કૃષિ તરફ વળે તે માટે ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ સતત પ્રયત્નશીલ છે. જિલ્લાની અંદર પ્રેરણા પ્રવાસ અન્વયે પ્રાકૃતિક બોર્ડના માસ્ટર ટ્રેનર શ્રી વૈશાલીબેન ચાવડા અને તાલુકા પ્રોજેક્ટ મેનેજર શ્રી ઉર્વશીબેન ગજેરા પણ ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલીની કે.કે.પારેખ કોમર્સ કોલેજ ખાતે રાષ્ટ્રીય યુવા દિવસની ઉજવણી



(મિલાપ રૂપારેલ દ્વારા)અમરેલી:

અમરેલીના શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસમાં આવેલ અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત કે.કે. પારેખ કોમર્સ કોલેજ ખાતે રાષ્ટ્રીય યુવા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીના ભાગરૂપે કોલેજ ખાતે કાર્યરત ઈનોવેશન ક્લબ અંતર્ગત "સ્વામી વિવેકાનંદ: યુવાનોમાં પરિવર્તનના પ્રણેતા" વિષય પર એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનાર માટે અમરેલીના ડેરી પીપળીયા ખાતેના આશ્રમના મહંત શ્રી હંસ ગીરીબાપુ પ્રવચન માટે પધાર્યા હતા.

ત્યારબાદ પ્રા. વાય. કે. ક્યાડા દ્વારા મહંતશ્રીનો પરિચય આપવામાં આવ્યો હતો. ત્યારબાદ મહંતશ્રીએ વિવેકાનંદજી યુવાનોમાં પરિવર્તન લાવવા માટે કેવી રીતે સમર્થ છે. તેના વિશે રસપ્રદ વાતો કરી હતી. તેઓએ તેમની હળવી શૈલીમાં વિદ્યાર્થીઓને પરિવર્તન માટે પ્રોત્સાહિત કર્યા હતા. મહંતશ્રીના પ્રવચન બાદ વિદ્યાર્થીઓ સાથે પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો હતો.

કાર્યક્રમના અંતે પ્રા. જે. એમ. તળાવિયા દ્વારા આભાર વિધિ કરવામાં આવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે કોલેજના પ્રા. ડો. એ. જી. પટેલ, ડો. વાય. એચ. ઠાકર, ડો. પી. કે. ત્રિવેદી, ડો. એમ. એમ. પટેલ, ડો. એ. કે. વાળાએ જહેમત ઉઠાવી હતી. સેમિનારની શરૂઆતમાં સ્વાગત પ્રવચન કોલેજના એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડો. ગોરવાડીયાએ કર્યું હતું. ત્યારબાદ મહંત શ્રી હંસ ગીરીબાપુનું પુષ્પગુચ્છ તથા સાલ ઓઢાડીને સન્માન કોલેજના પ્રા. વાય. કે. કયાડા દ્વારા કરવામાં આવ્યું હતું. કોલેજના આચાર્યા ભારતીબેન ફીણવીયાનુ પુષ્પગુચ્છ દ્વારા સ્વાગત કોલેજના પ્રા. જે. એમ. તળાવીયા દ્વારા કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમના સફળ આયોજન બદલ અમરેલી જિલ્લા વિદ્યાસભાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, ચતુરભાઈ ખુંટ, નિયામક ડો. જી. સી. ભીમાણી અને કોલેજના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ભારતીબેન ફીણવીયાએ શુભેચ્છાઓ પાઠવી હતી.

# જેલમાં બંધ પ્રવીણ રામના પોસ્ટર સાથે આપનો વિરોધ

## ઘેડ વિસ્તારના પ્રશ્નોને લઈ સરકારને ઘેરવાનો પ્રયાસ, ઘેડ વિસ્તારમાં ફાળવાયેલા બજેટ બાદ થયેલી કામગીરીનું શ્વેતપત્ર જાહેર કરવા માગ



જૂનાગઢ: સૌરાષ્ટ્રના ઘેડ વિસ્તારની દયનીય સ્થિતિ અને પૂરના પ્રશ્ને આજે આમ આદમી પાર્ટીએ સરકાર સામે મોરચો માંડ્યો છે. જૂનાગઢ કલેક્ટર કચેરી ખાતે આજે 'આપ'ના કાર્યકરો અને નેતાઓએ ઉગ્ર સૂત્રોચ્ચાર સાથે આવેદનપત્ર પાઠવ્યું હતું. આ વિરોધ પ્રદર્શનમાં ખાસ આકર્ષણનું કેન્દ્ર જેલમાં બંધ 'આપ' નેતા પ્રવીણ રામના પોસ્ટરો રહ્યા હતા. કાર્યકરોએ પ્રવીણ રામના પોસ્ટરો હાથમાં રાખી સરકારની દમનકારી નીતિનો વિરોધ કર્યો અને ઘેડના પ્રશ્ને સરકારને આડે હાથ લીધી હતી.

સૌરાષ્ટ્ર ઝોન પ્રમુખ રાજુ બોરખતરીયાએ જણાવ્યું હતું કે, ઘેડ વિસ્તારમાં પૂરના પાણીના કાયમી નિકાલ માટે સરકારે ત્રણ તબક્કાનો માસ્ટર પ્લાન રજૂ કર્યો હતો. જેમાં નદી-નાળા ઊંડા કરવા, સ્ટ્રક્ચર નિર્માણ અને જળ સંરક્ષણની વાતો કરવામાં આવી હતી. પરંતુ વાસ્તવિકતા એ છે કે પ્રથમ તબક્કાની કામગીરી પણ હજુ 'પાપા પગલી' ભરી રહી છે. બીજા અને ત્રીજા તબક્કાનું કામ તો હજુ જોજનો દૂર જણાય છે.

વિરોધ પ્રદર્શન દરમિયાન 'આપ' નેતાઓએ આક્ષેપ કર્યો કે જાહેર સભાઓમાં મોટા નેતાઓ આવીને 'મોદીની ગેરંટી'ની વાતો કરે છે, પરંતુ ઘેડના ખેડૂતો માટે આ ગેરંટી ક્યાંય દેખાતી નથી. ડિસેમ્બર ૨૦૨૪ થી માર્ચ ૨૦૨૫ સુધીમાં કામગીરી પૂર્ણ કરવાના વાયદા કરવામાં આવ્યા હતા, પરંતુ જૂન ૨૦૨૬ નજીક હોવા છતાં ગ્રાઉન્ડ લેવલ પર કોઈ નક્કર પરિણામ દેખાતું નથી.

આ આવેદનપત્ર દ્વારા આમ આદમી પાર્ટી મુખ્યત્વે માંગ કરે છે કે સરકાર દ્વારા ઘેડ વિસ્તારના વિકાસ અને પૂર નિયંત્રણ માટે અત્યાર સુધી જેટલું પણ બજેટ ફાળવવામાં આવ્યું છે અને જેટલી કામગીરી પૂર્ણ થઈ છે, તેની વિગતો દર્શાવતું 'શ્વેતપત્ર' સાર્વજનિક કરવામાં આવે. વહીવટી તંત્ર દ્વારા એસ્ટિમેટ, ટેન્ડર અને વર્ક ઓર્ડરની પ્રક્રિયામાં સંપૂર્ણ પારદર્શિતા જાળવી તેની જાણકારી જાહેર જનતાને આપવામાં આવે તે અત્યંત અનિવાર્ય છે. વધુમાં, જૂન ૨૦૨૬ પહેલા નદી-નાળા ઊંડા કરવાની તમામ કામગીરી યુદ્ધના ધોરણે પૂર્ણ કરવાની સમયમર્યાદા નક્કી કરવામાં આવે, જેથી ચોમાસામાં ફરી જાન-માલનું નુકસાન ન થાય.આમ આદમી પાર્ટીએ આકરા શબ્દોમાં ચીમકી આપી છે કે, જો આગામી દિવસોમાં સરકાર શ્વેતપત્ર જાહેર નહીં કરે અથવા કામગીરીમાં ગતિ નહીં લાવે તો ઘેડ વિસ્તારના હિતમાં અને પ્રવીણ રામના માર્ગદર્શન હેઠળ સમગ્ર સૌરાષ્ટ્રમાં ઉગ્ર આંદોલન છેડવામાં આવશે. એક વર્ષ પહેલા પણ આ મુદ્દે રજૂઆત કરવામાં આવી હતી, પરંતુ તંત્ર તરફથી કોઈ પ્રત્યુત્તર ન મળતા આજે ફરી 'આપ' દ્વારા આક્રમક વલણ અપનાવવામાં આવ્યું છે.આ કાર્યક્રમમાં આમ આદમી પાર્ટીના અગ્રણીઓ, કાર્યકરો અને ખેડૂતો મોટી સંખ્યામાં જોડાયા હતા.

# મહાશિવરાત્રી મેળાના આયોજનની તૈયારીઓ તેજ:કલેક્ટર, એસપી, કમિશ્નર સહિતનો કાફલો ભવનાથની મુલાકાતે, દબાણો દૂર કરવા આદેશ

જૂનાગઢ:જૂનાગઢની પાવન તપોભૂમિ ગિરનારની તળેટીમાં આગામી સમયમાં યોજાનારા મિની કુંભ સમાન 'મહાશિવરાત્રી મેળા'ને લઈ વહીવટી તંત્ર એક્શન મોડમાં આવ્યું છે. આ વર્ષે કમોસમી વરસાદ અને માવઠાના કારણે લીલી પરિક્રમા રદ રાખવામાં આવી હતી, જેથી શિવરાત્રી મેળામાં ભાવિકોનો ભારે ધસારો રહેવાની શક્યતા છે. આ બાબતને ગંભીરતાથી લઈ ભાવિકોની સુરક્ષા, સલામતી અને સુવિધા માટે જૂનાગઢ જિલ્લા કલેક્ટર, પોલીસ તંત્ર અને મહાનગરપાલિકાના ઉચ્ચ અધિકારીઓએ ભવનાથ ક્ષેત્રની સંયુક્ત વિઝીટ યોજી હતી.

મેળા દરમિયાન ટ્રાફિકની સમસ્યા ન સર્જાય તે માટે વહીવટી તંત્ર દ્વારા ખાસ પ્લાનિંગ કરવામાં આવ્યું છે. અધિકારીઓના કાફલાએ ભવનાથ મૃગીકુંડ, જિલ્લા પંચાયત પાસે આવેલ પાર્કિંગ પ્લોટ અને સોનાપુરી જેવા સંવેદનશીલ વિસ્તારોની મુલાકાત લીધી હતી. કલેક્ટર અનિલ રાણાવસીયાએ જણાવ્યું હતું કે, ભાવિકોને કોઈ પણ પ્રકારની અગવડ ન પડે તે માટે એન્ટ્રી અને એક્ઝિટ પોઈન્ટ્સનું ચોકસાઈપૂર્વક મોનિટરિંગ કરવામાં આવ્યું છે.

મહાશિવરાત્રીના મેળાનું મુખ્ય આકર્ષણ રવેડી અને મૃગીકુંડમાં થતું શાહી સ્નાન છે. આ પરંપરાગત વિધિમાં



સાધુ-સંતોને પૂરતી સુવિધા મળે અને લાખો શ્રદ્ધાળુઓ આ દ્રશ્ય નિહાળી શકે તે માટે મૃગીકુંડ અને ભવનાથ મંદિર પટાંગણમાં જરૂરી ફેરફારો કરવામાં આવ્યા છે. મંદિર પરિસરમાં નડતરરૂપ હોય તેવા જૂના સ્ટ્રક્ચર દૂર કરવામાં આવ્યા છે, જેથી રવેડીના માર્ગમાં કોઈ અવરોધ ન આવે.

ભવનાથ ક્ષેત્રમાં વર્ષોથી રહેલા નડતરરૂપ દબાણો સામે તંત્રએ લાલ આંખ કરી છે. અગાઉ ગિરનાર દરવાજાથી ભવનાથ સુધીના રસ્તા પરના દબાણો દૂર કરાયા હતા. કલેક્ટરે સ્પષ્ટ કર્યું હતું કે, આગામી સમયમાં પણ જે કોઈ કાચા-પાકા દબાણો મેળાની વ્યવસ્થામાં કે ટ્રાફિકમાં અવરોધ ઊભા કરતા હશે, તેને વહેલી તકે દૂર કરવામાં આવશે. મેળાના માર્ગોને ખુલ્લા અને સુગમ બનાવવા માટે તંત્ર મક્કમ છે.

આ વર્ષે મહાશિવરાત્રીના પાવન અવસરે ભવનાથ મહાદેવના મંદિરને ભવ્ય રીતે શણગારવાનું આયોજન છે. રાત્રિના સમયે આખું ભવનાથ ક્ષેત્ર ઝગમગી ઉઠે તે માટે અત્યાધુનિક લાઈટિંગ વ્યવસ્થા કરવામાં આવશે. કલેક્ટરે સાધુ-સંતો અને મંદિરના ટ્રસ્ટીઓ સાથે સંકલન સાધીને સુશોભનના પ્લાનિંગ અંગે ચર્ચા કરી હતી.

લાખોની મેદનીને નિયંત્રિત કરવા માટે પોલીસ તંત્ર દ્વારા મેળાના રૂટનું નિરીક્ષણ કરવામાં આવ્યું છે. સીસીટીવી કેમેરા, વોચ ટાવર અને પાર્કિંગ વ્યવસ્થા પર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે. ખાસ કરીને સોનાપુરી અને જિલ્લા પંચાયત પાર્કિંગમાં વાહનોના જથ્થાને મેનેજ કરવા માટે અલગથી ટીમ તૈનાત કરવામાં આવશે.

વહીવટી તંત્ર દ્વારા અત્યાર સુધીમાં ચારથી વધુ વખત સ્થળ મુલાકાત લેવામાં આવી છે. કલેક્ટર અનિલ રાણાવસીયાના માર્ગદર્શન હેઠળ તમામ વિભાગો વચ્ચે સંકલન સાધીને મેળાને યાદગાર અને સુરક્ષિત બનાવવાની નેમ છે. સાધુ-સંતોની સુવિધાથી લઈને સામાન્ય નાગરિકની સલામતી સુધીની તમામ બાબતોનું ઝીણવટભર્યું નિરીક્ષણ કરી આખરી શરૂ કરી દેવામાં આવી છે.

# વીજ બિલ મોડું ભરતા જૂનાગઢ મનપાને ૮ લાખનો દંડ!

## વિપક્ષના નેતાએ કહ્યું, ઓડિટમાં અધિકારીઓની બેદરકારી, વોટરવર્કસ વિભાગની બેદરકારીથી જનતાના નાણાંનો વ્યય

જૂનાગઢ:જૂનાગઢ મહાનગર પાલિકામાં અધિકારીઓની બેદરકારીના કારણે પ્રજાના પરસેવાની કમાણીના લાખો રૂપિયાનો ધુમાડો થઈ રહ્યો હોવાનો ચોંકાવનારો ખુલાસો થયો છે. મનપાના વર્ષ ૨૦૨૦-૨૧ના સરકારી ઓડિટ અહેવાલમાં વોટરવર્કસ શાખાની ગંભીર ક્ષતિઓ સામે આવી છે, જેમાં સમયસર વીજ બિલ ન ભરાતા લાખો રૂપિયાની પેનલ્ટી ચૂકવવી પડી હોવાનું બહાર આવ્યું છે.વિપક્ષના નેતા લલિત પરસાણાએ આક્ષેપ કરતા જણાવ્યું હતું કે વોટરવર્કસ શાખાના વિવિધ પંપિંગ સ્ટેશનોના આશરે ?૭૫ લાખ જેટલા વીજ બિલો સમયસર ભરવામાં આવ્યા નહોતા. અધિકારીઓની આ આળસને કારણે મહાનગરપાલિકાએ ૮ લાખથી વધુની રકમ માત્ર પેનલ્ટી (દંડ) પેટે ચૂકવવી પડી છે. એક તરફ શહેરની જનતા નિયમિત ટેક્સ ભરે છે, ત્યારે બીજી




તરફ જવાબદાર અધિકારીઓ પ્રાથમિક જવાબદારી નિભાવવામાં નિષ્ફળ રહ્યા છે.

સરકારી ઓડિટ દ્વારા સ્પષ્ટ સૂચના આપવામાં આવી હતી કે, જે તે જવાબદાર અધિકારીની અંગત જવાબદારી નક્કી કરી આ દંડની રકમ તેમના પગારમાંથી વસૂલવી જોઈએ. ઓડિટમાં એ પણ નોંધવામાં આવ્યું હતું કે અન્ય બિનજરૂરી ખર્ચાઓ રોકીને પણ વીજ બિલ જેવા અનિવાર્ય ખર્ચાઓને પ્રાથમિકતા આપવી જોઈએ જેથી પેનલ્ટીથી બચી શકાય. આમ છતાં, તંત્ર દ્વારા હજુ સુધી કોઈ પણ જવાબદાર સામે પગલાં લેવામાં આવ્યા નથી, જે તંત્રની મેલી મિલીભગત તરફ આંગળી ચીંધે છે.

લલિત પરસાણાએ વોટરવર્કસ શાખાના કાર્યપાલક ઈજનેર અલ્પેશ ચાવડા પર આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે, તેમની આવી અનેક ક્ષતિઓને કારણે મનપાને કરોડોનું નુકસાન થઈ રહ્યું છે. આ મામલે જ્યારે અલ્પેશ ચાવડાનો સંપર્ક કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો ત્યારે તેમણે ફોન ઉપાડવાનું ટાળ્યું હતું, જે બાબત શંકા ઉપજાવે છે.વિપક્ષ દ્વારા કમિશનરને રજૂઆત કરવામાં આવી છે કે આ મામલે તટસ્થ તપાસ કરી જવાબદારો પાસેથી વસૂલાત કરવામાં આવે. જો યોગ્ય કાર્યવાહી નહીં થાય તો આગામી દિવસોમાં મનપાના અન્ય વિભાગોમાં ચાલતા આવા આર્થિક નુકસાનના કિસ્સાઓ પણ ઉજાગર કરવાની ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

## ૧૫ જાન્યુઆરી, "આર્મી દિવસ"

# હે ધન્ય જવાન યે અપને, હૈ ધન્ય હૈ ઉનકી જવાની

દર વર્ષે ૧૫ જાન્યુઆરીએ આર્મી દિવસ ઉજવવામાં આવે છે. તે પાછળનું કારણ એ છે કે ૧૯૪૯માં આ દિવસે, બ્રિટિશ લેફ્ટનન્ટ જનરલ કે.એમ. કારિઅપ્પા ભારતનાં છેલ્લા બ્રિટીશ કમાન્ડર-ઈન-ચીફ જનરલ ફ્રાન્સિસ બુચરની જગ્યાએ ભારતીય સેનાનાં કમાન્ડર-ઈન-ચીફ બન્યા હતા. કે.એમ. કારિઅપ્પા એવા પ્રથમ અધિકારી હતા કે જેને ફીલ્ડ માર્શલનું બિરુદ આપવામાં આવ્યું હતું. તેમના યુદ્ધ કૌશલ્ય અને વીરતાને જોઇને ભારત ઉપરાંત વિદેશોમાં પણ તેમને સન્માનિત કરવામાં આવ્યા છે. તેમણે ૧૯૪૭માં ભારત-પાક યુદ્ધમાં ભારતીય સેનાનું નેતૃત્વ કર્યું હતું. ૨૮ જાન્યુઆરી ૧૮૯૯માં કર્ણાટકના કુર્ગમાં શનિવર્સાંથિ નામના સ્થળે જન્મેલા ફીલ્ડ માર્શલ કરિઅપ્પાએ માત્ર ૨૦ વર્ષની વયે બ્રિટિશ ઈન્ડિયન આર્મીમાં નોકરી શરૂ કરી હતી. તેમના પિતા કોડંડેરા




માડિકેરીમાં 'રેવેન્યુ ઓફિસર' હતા. કરિઅપ્પાને ત્રણ ભાઈ અને બે બહેનો હતી. પરિવારજનો નાનપણમાં તેમને પ્રેમથી 'ચિમ્મા' કહીને બોલાવતા હતા. તેમણે ૧૯૩૭માં મુથૂ મચિયા સાથે લગ્ન કર્યા. તેમને એક દીકરો અને એક દીકરી હતા. તેમનો દીકરો સી કરિઅપ્પા પણ ઈન્ડિયન એરફોર્સમાં ઓફિસર હતો. સી કરિઅપ્પાએ પોતાના પિતાની બાયોગ્રાફી પણ લખી હતી જેનું નામ 'ફીલ્ડ માર્શલ કે એમ કરિઅપ્પા' રાખ્યું હતું. કારિઅપ્પા વર્ષ ૧૯૫૩માં નિવૃત્ત થયા હતા અને ૧૯૯૩માં ૯૪ વર્ષની વયે અવસાન પામ્યા હતા. કારિઅપ્પા જેવા કેટકેટલા આર્મી ઓફિસર, કમાન્ડર, ચીફ વગેરે દેશ માટે, દેશવાસીઓ માટે રોજ રોજ મોતનો સામનો કરે છે અને નીડર રહીને મોતને ભેટે છે. તેમના સન્માનમાં તેમનાં આદર સત્કારમાં દર વર્ષે આર્મી દિવસ ઉજવાય છે. લોકોએ દેશનાં રક્ષકો માટે જાગૃત થવું પડશે. એ છે તો દેશ આબાદ છે અને એ સરહદ પર આપણી સુરક્ષા હેતુ છે તો આપણે પણ તેમનાં પરિવારનાં ખ્યાલ રાખવાની ફરજ બજાવવી જોઈએ. આ દિવસે ભારતીય સેનાનો આભાર માનીએ અને એમના સન્માનમાં થોડી ક્ષણોનું મૌન જાળવીએ.

# કાથરોટાના 'ડિજિટલ ગુરુ' બળદેવપરી સાહેબનું સન્માન

## 'અસલી હીરો' અભિયાન હેઠળ બહુમાન મળ્યું

જુનાગઢ:કાથરોટા માધ્યમિક શાળાના શિક્ષક બળદેવપરી સાહેબનું તાજેતરમાં સન્માન કરવામાં આવ્યું હતું. 'આ છે અમારો અસલી હીરો' અભિયાન અંતર્ગત યોજાયેલા કાર્યક્રમમાં તેમને મોમેન્ટો અને શાલ અર્પણ કરી બહુમાન કરાયું હતું.બળદેવપરી સાહેબની શૈક્ષણિક કારકિર્દી અનેક સિદ્ધિઓથી ભરેલી છે. ગત ૫ જાન્યુઆરીએ ગાંધીનગર ખાતે રાજ્યના શિક્ષણ મંત્રીના હસ્તે તેમને 'ડિજિટલ ગુરુ'નો એવોર્ડ એનાયત થયો હતો.તેમને બે વાર રાષ્ટ્રપતિ એવોર્ડથી સન્માનિત



કરવામાં આવ્યા છે. આ ઉપરાંત, ગુજરાત સરકાર દ્વારા પણ તેમને શ્રેષ્ઠ શિક્ષક તરીકે રાજ્ય કક્ષાનો એવોર્ડ મળ્યો છે.આ સન્માન કાર્યક્રમ સ્વામી વિવેકાનંદની જન્મજયંતિ, એટલે કે 'રાષ્ટ્રીય યુવા દિવસ'ના અવસરે યોજાયો હતો. આ પ્રસંગે ગ્રામજનો, શાળા વ્યવસ્થાપક ટ્રસ્ટ મંડળ અને શાળા પરિવારના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમમાં કેશોદ તાલુકાના યુવા સરપંચ અને મારુતિ શૈક્ષણિક સંકુલ (બાટવા) ના રાજુભાઈ બોરખતરીયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે સાહેબનું વિશેષ સન્માન કર્યું હતું. ડોક્ટર વિરેન્દ્ર ભટ્ટ સાહેબે કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

ઉપસ્થિત મહેમાનોએ જણાવ્યું હતું કે બળદેવપરી સાહેબ જેવા શિક્ષકો સમાજમાં મહત્વપૂર્ણ યોગદાન આપી રહ્યા છે. તેમણે શિક્ષણ ક્ષેત્રે સાહેબના કાર્યોની પ્રશંસા કરી હતી.'ડિજિટલ ગુરુ' બળદેવપરી સાહેબનું આ સન્માન માત્ર એક વ્યક્તિનું નહીં, પરંતુ સમગ્ર શિક્ષણ જગત અને શિક્ષકોની નિષ્ઠાનું સન્માન ગણાય છે.

સૌરાષ્ટ્ર આસપાસ

Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Narayan Arcde, Nr.Old Bus Stand, Amreli. Res.Editor: Rajesh Kiritbhai Dave (Responcible for News editing as per PRB ACT)

**સૌરાષ્ટ્ર આસપાસ**

## ટેકનોલોજી, સંસ્કાર અને સ્વનિર્ભરતા નૂતન અભિગમ

ભારત એક એવો દેશ છે જેનો પાયો તેના ગામડાઓમાં નખાયો છે. મહાત્મા ગાંધીએ કહ્યું હતું કે, "જો ગામડું નાશ પામશે તો ભારત પણ નાશ પામશે." ૨૧મી સદીના આધુનિક યુગમાં આ વિધાન વધુ પ્રાસંગિક બન્યું છે, કારણ કે રાષ્ટ્રનો સાચો વિકાસ ત્યારે જ શક્ય છે જ્યારે ગામડાઓ માત્ર વસ્તીના કેન્દ્રો મટીને આર્થિક અને સામાજિક ઉન્નતિના કેન્દ્રો બને. આધુનિક ભારતનું આદર્શ ગામ એટલે માત્ર ભૌતિક સુવિધાઓનું પ્રદર્શન નહીં, પરંતુ વિજ્ઞાન અને સંસ્કારનો એક એવો સુમેળ જ્યાં માનવી પ્રકૃતિની નજીક રહીને આધુનિકતાના તમામ લાભો મેળવી શકે. આ પરિવર્તનની પ્રક્રિયામાં સરકારી યોજનાઓ અને આધુનિક ટેકનોલોજી એક ચાલક બળ (Driving Froce) તરીકે ઉભરી આવ્યા છે, જે ગ્રામીણ જીવનશૈલીની વ્યાખ્યા બદલી રહ્યા છે.

આદર્શ ગામના નિર્માણમાં સૌથી પહેલું અને મહત્વનું સોપાન સરકારી કલ્યાણકારી યોજનાઓનું સફળ અને પારદર્શક અમલીકરણ છે. કેન્દ્ર સરકારની 'સાંસદ આદર્શ ગ્રામ યોજના' (SAGY) એ આ દિશામાં એક ક્રાંતિકારી પગલું છે. આ યોજના માત્ર માળખાગત વિકાસની વાત નથી કરતી, પરંતુ સામાજિક-આર્થિક ઉત્થાન પર ભાર મૂકે છે. જ્યારે કોઈ ગામ આ યોજના હેઠળ પસંદ કરવામાં આવે છે, ત્યારે ત્યાં પાકા રસ્તાઓનું જાળ બિછાવવામાં આવે છે, જે ગામને મુખ્ય ધોરીમાર્ગો અને શહેરી બજારો સાથે જોડે છે. ૨૪ કલાક અવિરત વીજળી પુરવઠો અને દરેક ઘરમાં નળ વાટે શુદ્ધ પીવાનું પાણી પહોંચાડવું એ આધુનિક ગામની પ્રાથમિક ઓળખ બની ગઈ છે. આ સુવિધાઓને કારણે ગ્રામીણ જીવનની હાડમારીઓ ઓછી થઈ છે અને લોકોના સ્વાસ્થ્યમાં નોંધપાત્ર સુધારો જોવા મળ્યો છે.

ડિજિટલ ક્રાંતિએ આદર્શ ગામની સંકલ્પનાને એક નવો આયામ આપ્યો છે. 'ભારત નેટ' પ્રોજેક્ટ દ્વારા દરેક ગ્રામ પંચાયતને હાઈ-સ્પીડ ફાઈબર ઓપ્ટિક્સથી જોડવામાં આવી રહી છે. આ કનેક્ટિવિટીને કારણે 'ઈ-ગ્રામ' (e-Gram) જેવી સેવાઓ ગ્રામજનો માટે આશીર્વાદરૂપ સાબિત થઈ છે. હવે ખેડૂતોએ સાત-બારના ઉતારા કે અન્ય સરકારી દાખલાઓ મેળવવા માટે દિવસો સુધી તાલુકા કચેરીઓના ધક્કા ખાવા પડતા નથી; તમામ સેવાઓ પંચાયત ઘરમાંથી જ આંગળીના ટેરવે ઉપલબ્ધ બની છે. વધુમાં, ટેલી-મેડિસિનના માધ્યમથી ગામડાનો દર્દી સીધો જ શહેરના નિષ્ણાત ડોક્ટરની સલાહ લઈ શકે છે, જે અંતરિયાળ વિસ્તારોમાં આરોગ્ય સેવાઓની ખાઈને પૂરવાનું કામ કરે છે.

આર્થિક સશક્તિકરણની વાત કરીએ ત્યારે મહિલાઓની ભાગીદારી આદર્શ ગામનું અનિવાર્ય પાસું છે.હણોલ ગામમાં અનેક સખી મંડળો ચાલે છે અને બહેનો ત્યાં આત્મ નિર્ભર બન્યા છે.મહિલા સ્વસહાય જૂથો (SHG) એ ગ્રામીણ અર્થતંત્રમાં પ્રાણ ફૂંક્યા છે. બેંકો દ્વારા સરળ લોન અને કૌશલ્ય વર્ધનની તાલીમ મેળવીને મહિલાઓ હવે અગરબત્તી બનાવવા જેવા પરંપરાગત ઉદ્યોગોથી આગળ વધીને ટેકનિકલ અને વ્યવસાયિક ક્ષેત્રોમાં ડગ માંડી રહી છે. આર્થિક આઝાદીની સાથે તેમની સુરક્ષા માટે પણ ટેક્નોલોજીનો ઉપયોગ અનિવાર્ય બન્યો છે. ગામના જાહેર ચોકો અને સીમ વિસ્તારોમાં સીસીટીવી કેમેરાનું નેટવર્ક અને સોલર લાઈટ્સની રોશની રાત્રિના સમયે પણ ગામને સુરક્ષિત રાખે છે, જેનાથી મહિલાઓ અને બાળકો નિર્ભય બનીને હરી-ફરી શકે છે.યુવાધનની શક્તિનો સદુપયોગ એ કોઈપણ રાષ્ટ્રના ભવિષ્ય માટે ચાવીરૂપ છે. આદર્શ ગામમાં યુવાનોને ગામમાં જ તકો મળે તે માટે રમતગમત અને શિક્ષણ પર વિશેષ ભાર મૂકવામાં આવે છે.

# સંપત્તિ કરતાંય ચડિયાતી સમૃદ્ધિ છે 'સમય', જે સમયને સાચવે છે સમય એને સાચવે છે...

**કરંટ ટોપિક**

સમય બહુ મોટી સમૃદ્ધિ છે. એને વ્યર્થ જવા દેવી ન જોઈએ, વેડફી દેવી ન જોઈએ. જૈન પરંપરામાં સ્વયં ભગવાન મહાવીરદેવનું એક વાક્ય ખૂબ પ્રસિદ્ધ છે. શ્રી ઉત્તરાધ્યયનઆગમગ્રન્થમાં પ્રસ્તુત એ વાક્ય આ છે કે 'સમયં ગોયમ ! મા પમાયએ.' ભાવાર્થ કે હે ગૌતમ ! તું એક સમયનો પણ પ્રમાદ ન કરીશ. ધ્યાનમાં રહે જૈન કાળગણનામાં 'સમય' કાળનું સૌથી સૂક્ષ્મમાં સૂક્ષ્મ-નાનામાં નાનું સ્વરૂપ છે. વર્તમાન વ્યવહારમાં જેને 'સેકન્ડ' કહેવાય છે તેટલા કાળમાં તો જૈન દ્રષ્ટિએ અસંખ્ય સમય પસાર થઈ જાય છે !

હોય ભલે એ પાસા પાડયા વિનાનો કાચો હીરો, પરંતુ જો અભણ-ગમાર ખેડૂતના હાથમાં હોય તો એ એનો ઉપયોગ પાક પર બેસતા પંખીઓને ઉડાડવા પથ્થરરૂપે જ કરે. હોય ભલે રૂા. પાંચસોની ગાંધી છાપ નોટનું બંડલ, પરંતુ એ સાવ અણસમજ છ-બાર માસના બાળકના હાથમાં હોય તો એ એનો ઉપયોગ મુખમાં નાખવારૂપે યા ફાડવારૂપે જ કરશે એ નક્કી. વસ્તુતઃ આ બન્ને ક્રિયા ઉપયોગ નથી, પરંતુ દુરૂપયોગ છે. અને એનું કારણ છે તે જેના હાથમાં છે એનામાં રહેલ વસ્તુની સાચી મહત્તાની સમજનો અભાવ.

આ કાચા હીરાની અને રૂા. પાંચસોની નોટના બંડલની જેમ કેટલીક વિશિષ્ટ બાબતો આપણને સહુને પણ એવી મળી છે કે જે ખૂબ મહત્વની છે - મૂલ્યવાન છે અને છતાં લગભગ મહદંશ વ્યક્તિઓને એની દરકાર નથી હોતી. ખૂબી ખરી એ છે કે આ મૂલ્યવાન-મહત્વની બાબતો સામાન્યથી લઈને અસામાન્ય અને અજ્ઞાથી લઈને પ્રાજ્ઞા સુધી સહુને ઉપલબ્ધ થાય છે. જે એનો સાર્થક સદુપયોગ કરી જાણે છે એ ઉન્નતિનાં આકાશમાં ઉડાન ભરી શકે છે. આવો, આપણે હવેથી કુલ પાંચ લેખોમાં 'સ' અક્ષરથી શરૂ થતી એ પાંચ વિશિષ્ટતાનું મજાનું દિગ્દર્શન કરીએ.

(૧) સમય :- જેઓ ઊંડું ચિંતન ધરાવતા નથી તેઓને એ સમજાતું નથી કે સમય એક ખૂબ મૂલ્યવાન સંપત્તિ છે. અમે તો એમ દ્રઢતાથી કહીએ છીએ કે સંપત્તિ કરતા સમય કૈંકગણી ચડિયાતી શ્રેષ્ઠ સમૃદ્ધિ છે. એક સરખામણી સમય અને સંપત્તિ વચ્ચે નિહાળીએ : સંપત્તિ એક વાર હાથમાંથી જાય તો ય પુનઃ પરત આવી શકે છે. અરે ! કેટલીક વાર તો એ બહુ ઝડપથી પણ પરત આવી શકે છે. શેરબજાર જેવો વ્યવસાય ધરાવતી વ્યક્તિઓનાં જીવનમાં આ વાસ્તવિકતા ખૂબ સ્પષ્ટ નિહાળવા મળી શકે. આના મુકાબલે સમયની ખાસિયત સાવ ન્યારી છે. એક વાર ગયેલો સમય ફરી ક્યારેય પરત આવી શકતો નથી : લાખ ઝંખના કરો તો ય અને લાખ ઉપાયો કરો તો ય. યાદ રાખજો કે ચેન પુલ કરવાથી ટ્રેન રીવર્સમાં આવી શકે છે, રીમોટનો ઉપયોગ કરવાથી ટી.વી.નાં દ્રશ્યો રિવર્સમાં આવી શકે છે; પરંતુ ગયેલો સમય કદી રિવર્સમાં આવી શકતો નથી.

બીજી વાત, કેટલોક સમય તો એવો હોય છે કે જો વ્યક્તિ એને નિરર્થક ગુમાવે તો એ પરત તો આવી શકતો નથી, ઉપરાંત જીવનભર નડયા કરે એવી ખોટ-અધૂરપ તે વ્યક્તિના લલાટે ઝીંકી જાય છે. ઉદાહરણરૂપે લઈએ પાંચથી વીસ વર્ષ સુધીનો અભ્યાસનો સમયખંડ. વ્યક્તિના આ સમયખંડને રખડપટ્ટી-પ્રમાદ-બેદરકારી વગેરે દ્વારા વેડફી નાંખે તો એનાં નુકસાન પૂરી જિંદગી નડયા કરે. વ્યક્તિ સૌની વચ્ચે ન સારી રીતે હિંદી-ઈંગ્લિશ જેવી ભાષામાં બોલી-લખી શકે, તો તે ભાષામાં કહેવાયેલ-લખાયેલ વાતો સમજી ન શકે. કમ્પ્યુટર જેવા વ્યવહારિક ક્ષેત્રનાં આવશ્યક સંસાધનોનો ઉપયોગ ન કરી શકે, તો ટેકનોલોજીની નવી નવી બાબતો સમજી ન શકે. અરે ! ટેકનોલોજીની ક્યાં વાત ? અકબર જેવો ઈતિહાસપ્રસિદ્ધ સમ્રાટ વિદ્યાર્થીકાળ વેડફવાનાં કારણે આજીવન અંગૂઠાછાપ અભણ રહ્યો હતો. એને પૂરી જિંદગી સ્વયં વાંચતા-લખતા આવડયું જ ન હતું ! વિદ્યાર્થીકાળનો સમય વેડફાય તો જીવનભર ન ભરપાઈ થઈ શકે તેવું કેવું ભયાનક નુકસાન થાય તે અકબરનાં જીવન પરથી સમજી શકાય છે.

ત્રીજી વાત, કેટલીક વાર કેટલાક કાર્યો વ્યક્તિનાં જીવન માટે અતિશય મહત્વનાં હોય છે અને એના માટે ચોક્કસ સમય જ ઉપયોગી થતો હોય છે. એ સમયે જો તે કાર્ય ન કરી લેવાય તો પછી એ કાર્યો થાય નહિ અને એની ઊણપ-ખોટ જીવનભર રહ્યા કરે. આવાં કાર્યો માટેના સમયને કહેવાય છે તક. એ તક જો સાચવી લેવાય તો તકદીર બદલાઈ જાય અને એ તક જો વેડફાઈ નંખાય તો તકલીફ સર્જાય. આ તક સાચવી લેવાનું કાર્ય પણ સમય સાચવનાર-સાવધાન રહેવાર જ મુખ્યત્વે કરી શકે. આળસુ-પ્રમાદી-બેદરકાર તક સાચવી શકતા નથી. આ સંદર્ભમાં યાદ રાખવા જેવું છે એક મસ્ત સુવાક્ય કે 'જે સમયને સાચવે છે, સમય એને સાચવે છે.'

હવે મૂળ વાત. સમયનો મહિમા સમજાયો તો ખરો, પરંતુ તેનો સદુપયોગ કરવો શી રીતે ? સંસારી વ્યક્તિને લક્ષ્યમાં રાખી મૂળ પ્રેક્ટીકલ વાત વિચારીએ તો એમ કહી શકાય કે વ્યક્તિ તેની આજીવિકાના-વ્યવહારિક કાર્યોમાં વિવેકપૂર્વક સમયનો ઉપયોગ કરે અને એ સિવાયનોસમય (એ) પ્રભુભક્તિમાં (બી) આત્મકલ્યાણકારક ધર્મસાધનામાં અને (સી) સેવા-પરોપકારનાં કાર્યમાં ઉપયોગી કરે.

આ પંક્તિ શ્વાસોશ્વાસ પ્રભુનામથી મંડિત કરી દેવાનું કહી પ્રભુભક્તિથી સમયનો સદુપયોગ કરવાનું જણાવે છે. તો સંસ્કૃત સુભાષિતના 'ધર્મોમિત્રં મૃતસ્ય ચ.' જેવી પંક્તિ એમ કહે છે કે પરલોકમાં તો ધર્મ જ એકમાત્ર મિત્ર છે. એના સિવાય કોઈ સાથી-સંગાથી નથી. માટે જીવનનો સમય ધર્મથી મંડિત કરી દઈ એનો સદુપયોગ કરો. ત્રીજી વાત છે સેવા-પરોપકારની. એ ક્યારેક ક્યારેક જીવનની દશા-દિશા કેવી ધરમૂળથી બદલી નાંખે એ જાણવું છે ? તો વાંચો આ અદ્ભુત સત્ય ઘટના :

કચ્છનું નલિયા ગામ. ત્યાં લીલાધર ગડા નામે સેવાભાવી સજ્જને નિઃશુલ્ક નેત્ર યજ્ઞાનો કેમ્પ યોજ્યો હતો. ડોક્ટરોની ટીમ આંખોની પરિસ્થિતિ તપાસે, નાની સારવાર ત્યાં જ કરી આપે અને મોટાં ઓપરેશન જેવું લાગે તો નિદાન લખી આપે. દાયકાઓ પૂર્વેની આ વાત સમયે સારવારના ખર્ચ પ્રમાણમાં સસ્તા હતા.

કેમ્પમાં એક ડો. અજયપાલસિંઘે એક ગરીબ બેન માટે નિદાન કર્યું કે, 'આમને સારવાર માટે રાજકોટ લઈ જવા જોઈએ. ત્યાં હોસ્પિટલ-દવા વગેરે ફ્રી છે. પરંતુ આવવા-જવાનો વગેરે ખર્ચ રૂા. ૧૦૦૦ થાય. આમની સ્થિતિ એટલો ય ખર્ચ કરી શકે તેવી નથી. શું કરીશું ?' આ શબ્દો ત્યાં રહેલ એક ભાઈએ સાંભળ્યાં. એમણે તુર્ત ૧૦૦૦ રૂા. આપ્યા અને બેનનું કાર્ય થઈ ગયું. તેમનું ઓપરેશન પણ રાજકોટમાં સસ્કેસ થયું. એમને નેત્રજ્યોતિ પરત મળી. ખૂબ ખુશ થયેલ બેન પેલા ભાઈના ઘરે જઈને કહે : 'તમે મને નવજીવન આપ્યું છે. તમારો એક ફોટો આપો, મારે પૂજાકબાટમાં ઠાકોરજીની બાજુમાં એ મૂકવો છે. ઠાકોરજીની સાથે રોજે એને પણ અગરબત્તી-દીવો કરીશ.'આ શબ્દોએ ભાઈનાં આંતરચક્ષુ ઉઘાડી દીધા. કેમકે એ દાણચોરીનો વ્યવસાય કરતા હતા. ભીતરમાં ઝટકો લાગ્યો કે 'આ બેન મને ભગવાન જેવો માને અને હું આવા ખોટા ધંધા કરું એ કેમ ચાલે ?' એ દિવસથી એણે દાણચોરીનો વ્યવસાય કાયમ માટે છોડી દીધો ! એક વર્ષ પછી ભાઈની પત્ની મૃત્યુ પામી. તો એ 'ભલું થયું ભાંગી જંજાળ' માની હરિદ્વાર જતા રહ્યા. ત્યાં માત્ર ભક્તિમાં મન પરોવી જીવનનો શેષ દાયકો વીતાવ્યો. : જાણે વાલિયો લૂંટારો વાલ્મીકિ ઋષિ બની ગયો ! પરોપકારનો આ પ્રભાવ હતો.

# આયુર્વેદિક ઔષધિઓના રોપા અને બોન્સાઈ છોડનો વધતો વ્યાપ

ઉનાળાની બળબળતી ગરમીમાંથી કંટાળેલા લોકોને ઝરમર મેહુલિયો વરસતા મનને થોડી હળવાશની અનુભૂતિ થાય છે. વરસાદના આહલાદક આનંદથી જેમ માનવ મન ઝૂમી ઉઠે છે તેમ ફૂલ, ઝાડ પણ મોહરી ઉઠે છે.

અત્યારે ફ્લેટ , ટેનામેન્ટ, એપાર્ટમેન્ટ, ફાર્મ હાઉસ કે પછી પોતાના ઘર આગળ ખુલ્લુ ચોગાન ધરાવતા સૌ કોઈ ફૂલ-ઝાડના શોખીન વરસાદ પડતાં પોતાના ઘરમાં પ્લાન્ટેશન માટે રોપાઓ ખરીદવા લાગ્યા છે. વરસના આડા દિવસો કરતા જૂન-જુલાઈ મહિનામાં વૃક્ષપ્રેમી લોકો પોતાના ઘરમાં (ઈનડોર) કે ઘરની બહાર બગીચામાં (આઉટડોર, પ્લાન્ટેશન) માટે જુદા જુદા પ્રકારના ફૂલ છોડ ખરીદે છે. મુંબઈના ગીરગામ વિસ્તારમાં રહેતા રીનાબેન પટેલ કહે છે કે, ''મને નાનપણથી જુદા જુદા પ્રકારનાં ફૂલ ઉછેરવાના શોખ છે. દર વર્ષે હું નવા નવા પ્રકારનાં ફૂલોનાં રોપા ખરીદી ઘરની આગળ બગીચામાં રોપું છું. આ વર્ષે મેં રાતરાણી, જુઈ, ચમેલી અને ગુલતોરા જેવા છોડ ખરીદ્યા છે.''

વરસાદ પછીની આ સીઝનને લોકો રોપા રોપવા માટે આદર્શ માને છે. આ વિશે એક નર્સરીના સંચાલક કહે છે કે, ''ચોમાસામાં કુદરતી પાણી મળે છે, તાપ ઓછો હોય છે અને વાતાવરણ સારું હોય છે, જેથી છોડનો વિકાસ સારી રીતે થઈ શકે છે.'' વરસના અન્ય મહિનાઓ કરતા જૂન મહિનામાં પ્લાન્ટેશન વધારે થાય છે. વધુમાં તેઓ કહે છે કે, ''ચોમાસામાં હવામાન ભેજવાળું હોય છે તેમ જ સૂર્યપ્રકાશ ઓછો હોવાથી છોડને એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જઈ શકાય છે અને જમીન નરમ હોવાથી છોડનાં મુળીયા પણ સહેલાઈથી માટી સાથે ચોંટી જાય છે.''

સામાન્ય રીતે ઈન્ડોર અને આઉટડોર એમ બે પ્રકારના પ્લાન્ટેશન કરવામાં આવે છે. જોકે અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટ જેવા શહેરોના અમુક વિસ્તારોમાં આઉટડોર પ્લાન્ટેશન વધુ જોવા મળે છે. આ વિષે વડોદરાના અલકાપુરીમાં રહેતા મીના બહેન કહે છે કે, ''હું દર વર્ષે મારા બગીચામાં નવા નવા પ્લાન્ટેશન કરું છું. આ છોડને કારણે અમને ફ્રેશ હવા મળી રહે તેમ જ પર્યાવરણની જાળવણી પણ થાય તે માટે પ્લાન્ટેશનને વધારે મહત્ત્વ આપું છું.'' તેમને એકઝોરા, જાસુદ, પારિજાત અને ગ્લેડીએટર નામનાં છોડ વધારે પસંદ છે. જો કે હાલમાં અમદાવાદમાં તો આઉટડોર પ્લાન્ટેશન ફેક્ટરી, દવાખાના, ફાર્મહાઉસ અને મોટા બંગલાઓના ચોગાનોમાં થાય છે. ક્યારેક લોકો પોતાનાં બંગલાને રંગબેરંગી ફૂલોથી સુશોભિત કરવા વિવિધ પ્રકારનાં ફૂલોનાં પ્લાન્ટેશન પણ કરતાં હોય છે. આ અંગે વાત કરતા મણીનગરની એક નર્સરીના સંચાલક કહે છે કે, ''અમદાવાદમાં આઉટડોર



પ્લાન્ટેશન વધારે થાય છે. કેમ કે એકઝોરા, જુઈ, ચમેલી, ગુલમહોર, વગેરેનો ઉછેર પણ અહિંયા જ થાય છે અને છોડને અનુકૂળ હવામાન પણ મળી રહે

**વિશેષ**

છે. તેમ જ વરસાદની સીઝનમાં ફૂલો પણ આવે છે, તેથી નેચર પ્રેમીઓ આ સીઝનમાં પોતાના ઘરના બગીચા કે કંપાઉન્ડમાં વિવિધ પ્રકારનાં ફૂલોનું પ્લાન્ટેશન કરે છે.'' ઈન્ડોર પ્લાન્ટેશન વિશે વાત કરતા તેઓ વધુમાં કહે છે કે, ''ડ્રેસીના, ડાયફન બેકીયા, એકલીફા વગેરે ઈન્ડોર પ્લાન્ટેશન પુના, બેંગલોર, કોલકાતા વગેરે જગ્યાએથી મંગાવવામાં આવે છે. પણ આ છોડને અહિંયાનું હવામાન અનુકૂળ આવતું ન હોવાથી લાંબા સમય સુધી ટકી શકતા નથી.'' તેઓ ઉમેરે છે કે, 'એપાર્ટમેન્ટ કે ફ્લેટમાં સંકડાશને લીધે પણ ઈન્ડોર પ્લાન્ટેશનનું પ્રમાણ ઓછું છે. તેમ છતાંય અનેક લોકો તે કરતા હોય છે તેમાં કોઈ બે મત નથી.''

જોકે તેની સાથે ઈન્ડોર પ્લાન્ટેશન માટે પણ અનેક લોકો પોતાની રીતે નાના નાના કુલડા કે પછી કુંડા ખરીદીને તેમાં અવનવા છોડ વાવતા હોય છે. આ વિષે એક ગૃહિણી કહે છે કે, ''હું દરેક ચોમાસામાં તુલસીથી માંડી, ગુલાબના છોડ બોન્સાઈપ્લાન્ટ વગેરે જેવાં રોપા વાવું છું. ગયે વર્ષે પણ જૂન મહિનાના મધ્યમાં મેં ઈન્ડોર પ્લાન્ટેશન કર્યું હતું.'' આ પ્રકારના પ્લાન્ટેશન માટે લોકો પોતાના ફ્લેટની ગેલેરીમાં આવા નાના છોડ મૂકી દેતા હોય છે જેતી તેમને સારી રીતે હવા-પાણી અને સૂર્યપ્રકાશ મળતો રહે.અમુક નર્સરી સંચાલકો પ્રમાણે દર જૂન મહિનામાં તેમના ધંધામાં લગભગ ૮૦થી ૯૦ ટકાનો વધારો થઈ જાય છે. આ વિષે એક નર્સરી સંચાલક કહે છે કે, ''લોકો સીધા અમારી પાસે ખરીદવા માટે નથી આવતા પરંતુ લારી પર ફૂલ છોડ વેચતા લોકો મોટી સંખ્યામાં અમારાથી આ સીઝનમાં વિવિધ છોડ ખરીદી જાય છે. જેથી હોલસેલમાં અમારા ધંધામાં લગભગ ૮૦ થી ૯૦ ટકાનો વધારો થઈ જાય છે.

# હેલ્થ, વેલ્થ અને હેપીનેસ માટે પ્રાકૃતિક ખેતી અપનાવો

આધુનિક જીવનની ભૌતિક સુખસગવડોની દોડમાં આપણે પ્રકૃતિ સાથેનો સંવેદનશીલ સંબંધ ભૂલી ગયા છીએ. અવિચારી વનનાશ, ઔદ્યોગિક પ્રદૂષણ અને કૃષિમાં રસાયણોનો અતિશય ઉપયોગ એ પાણી, હવા

**પ્રાકૃતિક ખેતી માત્ર એક ખેતી પદ્ધતિ નથી, પણ આરોગ્ય, પર્યાવરણ અને સામાજિક ન્યાયને જોડતી એક સમગ્ર જીવનશૈલી અને દર્શન છે.**

અને જમીનને પ્રદૂષિત કરી રહ્યા છે. વધુ ઉત્પાદનની લાલચે રાસાયણિક ખાતર, જંતુનાશકો અને જનીન રૂપાંતરિત બિયારણોએ કુદરતી સંતુલનને ડામવામાં આવ્યું છે. આ વિકાસ મોડેલના પરિણામસ્વરૂપ આરોગ્ય સંકટ, પર્યાવરણીય અવનતિ અને ખેડૂતોનું આર્થિક સંકટ સર્જાયું છે. આ સંદર્ભમાં, પ્રાકૃતિક ખેતી એકમાત્ર ટકાઉ અને સંપૂર્ણ વિકલ્પ તરીકે ઊભી થાય છે.

પ્રાકૃતિક ખેતી એક સમગ્ર દ્રષ્ટિકોણછે.

પ્રાકૃતિક ખેતી એટલે પ્રકૃતિના નિયમો અને સંતુલનને આધાર બનાવીને કરવામાં આવતી ખેતી. તેમાં કોઈપણ પ્રકારના સિન્થેટિક રાસાયણિક ખાતર, જંતુનાશકો, ફૂગનાશકો કે જનીન રૂપાંતરિત બિયારણોનો ઉપયોગ નથી થતો. આ પદ્ધતિ જમીનને માત્ર એક 'ઉત્પાદન મશીન' નહીં, પરંતુ એક 'જીવંત સત્તા' અને 'માતા' તરીકે માને છે. તેનો મૂળ ઉદ્દેશ્ય જમીનમાં રહેલા સૂક્ષ્મ જીવાણુઓ, કૃમિઓ અને અન્ય જીવોના સ્વાસ્થ્યને જાળવવાનો છે, જે જમીનની લાંબા ગાળાની ઉપજાઉ શક્તિ માટે આવશ્યક છે.

પ્રાકૃતિક ખેતીનો આધાર સ્થાનિક સંસાધનો અને પરંપરાગત જ્ઞાન પર હોય છે. ગાય આધારિત ખેતી, જીવામૃત, ઘનજીવામૃત, બીજામૃત, આચ્છાદન , પાક ચક્ર અને મિશ્ર ખેતી જેવી પદ્ધતિઓ તેના મુખ્ય સાધનો છે. આ પદ્ધતિઓ ખેતી ખર્ચમાં નોંધપાત્ર ઘટાડો કરે છે, કારણ કે ખેડૂત પોતે જ ઘરેલું ખાતર અને જૈવિક નિયંત્રણો તૈયાર કરી શકે છે. આખરે, પ્રાકૃતિક ખેતી માત્ર એક ખેતી પદ્ધતિ નથી, પણ આરોગ્ય, પર્યાવરણ અને સામાજિક ન્યાયને જોડતી એક સમગ્ર જીવનશૈલી અને દર્શન છે.

રાસાયણિક ખાતરો એમ કહી શકાય કે તે એક ભ્રામક શરૂઆત છે પણ તેનો વિનાશક અંત આવી રહ્યો છે.

રાસાયણિક ખાતરોની શોધને ખેતી ક્ષેત્રે ક્રાંતિકારી વળાંક ગણવામાં આવી હતી. જસ્ટસ વોન લીબીગ જેવા વૈજ્ઞાનિકોએ પોષક તત્વોની ઝડપી પૂર્તિનો માર્ગ ખોલ્યો, જેથી ટૂંકા ગાળે ઉત્પાદનમાં ભારે વધારો થયો. જોકે, સમય જતાં આ 'સરળ ઉકેલ'ની વિનાશક આડઅસરો સામે આવી. અતિશય અને અસંતુલિત ઉપયોગથી જમીનની રચના નષ્ટ થઈ, તેની જીવંતતા (માઈક્રોબિયલ જીવન) નાશ પામી અને જમીન એક મૃત, રસાયણો પર આધારિત માધ્યમ બની ગઈ.

રાસાયણિક ખાતરોનું જમીનમાંથી ધોવાઈ જઈને ભૂગર્ભજળમાં પ્રવેશવું એ એક ગંભીર સમસ્યા છે, જે પીવાના પાણીને નાઈટ્રેટ જેવા ઝેરી તત્વોથી દૂષિત કરે છે. આ પોષક તત્વો ખાદ્ય સાંકળમાં પ્રવેશીને માનવ આરોગ્ય પર ગંભીર પ્રભાવ પાડે છે. લાંબાગાળાનું સંતુલિત પોષણ ન મળવાથી ઉત્પાદિત અનાજમાં પોષકતત્વોની ઘટાડો થાય છે, જેને 'ખાલી કેલરી'ની સમસ્યા તરીકે ઓળખવામાં આવે છે. આ પદ્ધતિએ ખેડૂતને કંપનીઓ પર નિર્ભર બનાવ્યો છે અને ખેતી ખર્ચ વધાર્યો છે.

જંતુનાશકો એટલે ચોરને પકડવા ઘર જ ફૂંકવા જેવું કાર્ય છે. જંતુનાશકો અને ફૂગનાશકોનો અતિશય ઉપયોગ રાસાયણિક ખાતરોથી પણ વધુ ભયાનક પરિણામો લાવ્યો છે. આ રસાયણો માત્ર લક્ષિત જીવાણુઓને જ નહીં, પરંતુ જમીનના ઉપયોગી સૂક્ષ્મ જીવાણુઓ, મધમાખીઓ જેવા પરાગણકારીઓ અને અન્ય લાભકારી જીવોને પણ નષ્ટ કરે છે. આના કારણે પરિસ્થિતિકીય સંતુલન ભાંગે છે અને પરિણામે નવા અને વધુ તીવ્ર જંતુઓનો ઉદભવ થાય છે, જેને 'પેસ્ટ સાઈકલ' કહેવાય છે.

આ રસાયણોનાં અવશેષો ખાદ્ય પદાર્થો પર રહી જાય છે, જે સીધા માનવ શરીરમાં પ્રવેશે છે. આ અવશેષો

**આસપાસ ચોપાસ — સુરેશ ભટ્ટ**

કર્કરોગ, હોર્મોનલ અસંતુલન, ન્યુરોલોજિકલ વિકારો, જન્મજાત ખામીઓ અને પ્રજનન સમસ્યાઓ સાથે સીધો સંબંધ ધરાવે છે. જમીન અને પાણીમાં એકત્રિત થઈને આ રસાયણો લાંબા સમય સુધી પર્યાવરણમાં રહે છે, જે આવનારી પીઢીઓ માટે પણ જોખમ રૂપ બને છે.

જનીન રૂપાંતરિત (જ્ઞ) બિયારણ મોટી સમસ્યા બન્યું છે.તે એક અનિશ્ચિત ભવિષ્યનો સોદો છે.

જનીન રૂપાંતરિત બિયારણોને ઉત્પાદન અને જંતુ-પ્રતિરોધકતા વધારવાનું વચન આપવામાં આવ્યું હતું. પરંતુ, તેના ગંભીર નકારાત્મક પરિણામો સામે આવ્યા છે. જ્ઞ પાકો પરંપરાગત બિયારણોનું સ્થાન લેતાં, જૈવિક વિવિધતાનો ભારે નાશ થાય છે. આ વિવિધતા જ કુદરતી આપત્તિઓ સામે પાકની રોગપ્રતિકારક શક્તિનો આધાર છે.

ખેડૂતોને દર વર્ષે નવા જ્ઞ બિયારણો ખરીદવા પડે છે, જેથી તેમની કંપનીઓ પર નિર્ભરતા વધે છે અને ખર્ચ વધે છે. જ્ઞ પાકોની આસપાસ ઉગતા કુદરતી પાકો પર 'જનીન પ્રદૂષણ'નો ડર રહે છે. આથી વંશાનુગતિક રીતે ફેરફાર કરાયેલા આહાર પદાર્થોના માનવ આરોગ્ય પર લાંબા ગાળાના પ્રભાવ અંગે હજુ પણ ગંભીર શંકાઓ બાકી છે.

પ્રાકૃતિક ખેતી વિશે એમ કહી શકાય કે તે એક સમગ્ર સમાધાનો ધરાવતો માર્ગ છે.

ઉપરોક્ત સમસ્યાઓના સંદર્ભમાં, પ્રાકૃતિક ખેતીનું મહત્વ અને ફાયદા સ્પષ્ટ થાય છે. તેના ફાયદા નીચે મુજબ છે.



૧. આરોગ્ય લાભઃ ઝેરમુક્ત, પોષકતત્વોથી ભરપૂર અને સાત્વિક આહાર પૂરો પાડે છે, જે રોગપ્રતિકારક શક્તિ વધારે છે અને ચૈતન્યદાયક જીવનશૈલીનો આધાર બને છે.

૨. પર્યાવરણીય ટકાઉપણુંઃ જમીનની ફળદ્રુપતા અને જીવંતતા સુરક્ષિત રહે છે. પાણીનું પ્રદૂષણ ઘટે છે, ભૂગર્ભજળનું પુનઃભરણ વધે છે અને કાર્બન પદચિહ્નો ઘટે છે. જૈવવિવિધતાનું સંરક્ષણ થાય છે.

૩. આર્થિક સ્વાવલંબનઃ બાહ્ય ઈનપુટ પર નિર્ભરતા ઘટવાથી ખર્ચ ઘટે છે. સ્થાનિક બજારોને પ્રોત્સાહન મળે છે. લાંબા ગાળે જમીનની ઉત્પાદકતા જળવાઈ રહેતાં ખેડૂતની આવક સ્થિર રહે છે.

૪. સામાજિક સબળીકરણઃ તે સમુદાય આધારિત ખેતીને પ્રોત્સાહન આપે છે, પરંપરાગત જ્ઞાનને સંરક્ષિત કરે છે અને ગ્રામીણ અર્થતંત્રને મજબૂત બનાવે છે.

અમૃત આહાર મહોત્સવઃ એક જીવંત ઉદાહરણ છે.'પ્રાકૃતિક ખેતી જૂથ, મીઠીવીરડી' જેવા સમૂહો આ દિશામાં પ્રેરણાદાયી કાર્ય કરી રહ્યા છે. તેઓ દ્વારા આયોજિત 'અમૃત આહાર મહોત્સવ' જેવા કાર્યક્રમો પ્રાકૃતિક ઉત્પાદનો, સાત્વિક આહાર અને જાગૃતિને પ્રોત્સાહન આપવાનું એક માધ્યમ બની રહ્યા છે. આવી પહેલ સમાજને એકઠા થઈને વૈકલ્પિક માર્ગ અપનાવવા માટે પ્રેરિત કરે છે.

આ પસંદગીનો સમય છે. આપણે શું કરવું જોઈએ. રાસાયણિક ખેતી અને પેસ્ટીસાઈડ સહિતના આધુનિક ઉપચારો વધુ ઉત્પાદન આપશે પરંતુ તેમાં અનેક માનવીઓના આરોગ્ય સામે પ્રશ્નો ઊભો થશે બીજી બાજુ પ્રાકૃતિક ખેતી છે જે સમગ્ર સમાજના આરોગ્યને એક સારી દિશા આપે છે અને એક તંદુરસ્ત સમાજનું નિર્માણ કરે છે.રાસાયણિક ખેતીની માર્ગદર્શિકા આપણને એક અટવાયેલા માર્ગ પર લઈ આવી છે, જ્યાં આરોગ્ય, પર્યાવરણ અને અર્થતંત્ર ત્રણેય સંકટમાં છે. પ્રાકૃતિક ખેતી આ પાસાને ફેરવવાની અને પ્રકૃતિ સાથે સુમેળ સાધવાની શક્તિ ધરાવે છે. તે આપણી જમીનને પુનઃજીવિત કરી, આપણા શરીરને શુદ્ધ અન્ન આપી અને આવનારી પીઢીઓ માટે સ્વચ્છ પર્યાવરણ સુરક્ષિત કરી શકે છે. હવે નિર્ણયનો સમય છે - એક લાભ-કેન્દ્રિત અને વિનાશક ભૂતકાળને ચાલુ રાખવો, અથવા સહઅસ્તિત્વ, સ્વાવલંબન અને સંપૂર્ણ આરોગ્ય તરફ દોરી જાય તેવા પ્રાકૃતિક માર્ગની પસંદગી કરવી. પ્રાકૃતિક ખેતી કોઈ વૈકલ્પિક પદ્ધતિ નથી; તે એક આવશ્યકતા અને આપણા અસ્તિત્વનો માર્ગ છે.

# ભારતીય ટીમનો બીજી વનડેમાં ૭ વિકેટે પરાજય

## ડેરિલ મિચેલની અણનમ સદી અને વિંલ યંગના ૮૭ રને મેચ એક તરફી બનાવી : રાહુલના અણનમ ૧૧૨ રને ભારતનો સ્કોર ૨૮૪ સુધી પહોંચાડ્યો : રવિવારે ઇન્દોરમાં અંતિમ નિર્ણાયક મેચ





રાજકોટ,

ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે રમાઈ રહેલી ત્રણ મેચોની વનડે સીરિઝની બીજી મેચ રાજકોટના નિરંજન શાહ સ્ટેડિયમમાં રમાઈ હતી. જેમાં ભારતીય ટીમને ન્યૂઝીલેન્ડે ૭ વિકેટથી હરાવી છે. આ જીત સાથે સીરિઝમાં ૧-૧ની બરાબરી થઈ ગઈ છે. ભારતીય ટીમે ટોસ હારીને પહેલા બેટિંગ કરતા ૫૦ ઓવરમાં ૭ વિકેટે ૨૮૪ રન બનાવ્યા હતા. ભારતે ન્યૂઝીલેન્ડને ૨૮૫ રનનો ટાર્ગેટ આપ્યો હતો. ન્યૂઝીલેન્ડની ટીમે ૪૭.૩ ઓવરમાં ૩ વિકેટના નુકસાન પર ૨૮૬ રન બનાવીને જીત હાંસલ કરી લીધી છે. ડેરિલ મિચેલની અણનમ સદી અને વિંલ યંગના ૮૭ રને મેચ પલટી નાખી હતી. આ મેચમાં કેએલ રાહુલે શાનદાર બેટિંગ કરતા પોતાની કારકિર્દીની ૮મી વનડે સદી ફટકારી ભારતને મજબૂત સ્થિતિમાં પહોંચાડ્યું હતું.

પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી ભારતીય ટીમની શરૂઆત સારી રહી હતી. કેપ્ટન શુભમન ગિલે ૫૬ રન અને રોહિત શર્માએ ૨૪ રન બનાવી પ્રથમ વિકેટ માટે ૭૦ રન જોડ્યા હતા. જોકે, મધ્યક્રમમાં વિરાટ કોહલી (૨૩) અને શ્રેયસ અય્યર (૮) મોટી ઈનિંગ રમવામાં નિષ્ફળ રહ્યા હતા.

રાહુલની લડાયક ઈનિંગ એક સમયે ભારતીય ટીમે ૧૧૮ રનમાં ૪ વિકેટ ગુમાવી દીધી હતી, ત્યારે કેએલ રાહુલે જવાબદારી સંભાળી હતી. રાહુલે ૯૨ બોલમાં અણનમ ૧૧૨ રન બનાવ્યા હતા, જેમાં શાનદાર ચોગ્ગા અને છગ્ગાનો સમાવેશ થાય છે. તેણે રવિન્દ્ર જાડેજા (૨૭) સાથે ૭૩ રનની અને નીતીશ કુમાર રેડ્ડી (૨૦) સાથે ૫૭ રનની મહત્ત્વપૂર્ણ ભાગીદારી કરી હતી.

ન્યૂઝીલેન્ડ તરફથી યુવા બોલર ક્રિશ્ચિયન ક્લાર્કે પ્રભાવશાળી બોલિંગ કરતા ૩ વિકેટ ઝડપી હતી. જ્યારે ઝાકરી ફોલ્કેસે પણ એક સફળતા મેળવી હતી. કિવી સ્પિનરોએ વચ્ચેની ઓવરોમાં રન ગતિ પર અંકુશ રાખ્યો હતો, પરંતુ અંતિમ ઓવરોમાં રાહુલે આક્રમક બેટિંગ કરી ભારતનો સ્કોર ૨૮૦ને પાર પહોંચાડ્યો હતો.

ન્યૂ ઝીલૅન્ડે ૪૭.૩ ઓવરમાં માત્ર ત્રણ વિકેટના ભોગે ૨૮૬ રન કરીને શાનથી વિજય મેળવ્યો હતો. હર્ષિત રાણા, પ્રસિદ્ધ ક્રિષ્ના અને કુલદીપ યાદવને એક-એક વિકેટ મળી હતી. રવીન્દ્ર જાડેજા, મોહમ્મદ સિરાજ અને નીતીશ રેડ્ડી વિકેટ નહોતા લઈ શક્યા.ડેરિલ મિચલે (Daryl Mitchell) પહેલાં તો વિલ યંગ (૮૭ રન, ૯૮ બૉલ, સાત ફોર) સાથે ત્રીજી વિકેટ માટે ૧૫૨ બૉલમાં ૧૬૨ રનની બહુમૂલ્ય ભાગીદારી કરી હતી અને વિલ યંગની વિકેટ પડ્યા બાદ મિચલે ગ્લેન ફિલિપ્સ (૩૨ અણનમ, પચીસ બૉલ, એક સિક્સર, બે ફોર) સાથે ચોથી વિકેટ માટે ૭૮ રનની અતૂટ પાર્ટનરશિપ કરી હતી.

# ટી ૨૦ વર્લ્ડ કપ પહેલા ઓસ્ટ્રેલિયાની અનુભવી ક્રિકેટર એલિસા હીલીએ નિવૃત્તિની જાહેરાત કરી



સિડની,

ઓસ્ટ્રેલિયાની દિગ્ગજ મહિલા ક્રિકેટર એલિસા હીલીએ ક્રિકેટના તમામ ફોર્મેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી છે. આ વર્ષે મહિલા ટી ૨૦ વર્લ્ડ કપ યોજાશે, અને તે મહત્વપૂર્ણ ટુર્નામેન્ટ પહેલા હીલીની નિવૃત્તિએ ઓસ્ટ્રેલિયન ક્રિકેટ અને ચાહકોને મોટો ફટકો આપ્યો છે. તેણીએ કહ્યું છે કે તે માર્ચ ૨૦૨૬ પછી નિવૃત્તિ લેશે. ૩૫ વર્ષીય ખેલાડી ભારત સામે તેની છેલ્લી આંતરરાષ્ટ્રીય મેચ રમશે.

૩૫ વર્ષીય વિકેટકીપર-બેટ્સમેને ૧૨ જાન્યુઆરીએ વિલો ટોક પોડકાસ્ટ પર આ સમાચાર જાહેર કર્યા. હીલીએ તેના નિવેદનમાં કહ્યું, "ભારત સામેની આગામી શ્રેણી ઓસ્ટ્રેલિયા માટે મારી છેલ્લી શ્રેણી હશે. મને હજુ પણ ઓસ્ટ્રેલિયા માટે રમવાનો જુસ્સો છે, પરંતુ ક્યાંક ને ક્યાંક, મેં શરૂઆતથી જ ક્રિકેટ રમવા માટે પ્રેરિત કરતી સ્પર્ધાત્મક ભાવના ગુમાવી દીધી છે. તેથી, મને લાગે છે કે હવે નિવૃત્તિ લેવાનો યોગ્ય સમય છે."૨૦૨૩ માં મેગ લેનિંગની જગ્યાએ હીલીને પૂર્ણ-સમયની કેપ્ટન તરીકે નિયુક્ત કરવામાં આવી હતી. તે ભારત શ્રેણીની ટી ૨૦ મેચોમાં રમશે નહીં જેથી ઓસ્ટ્રેલિયા આ વર્ષના અંતમાં ટી ૨૦ વર્લ્ડ કપની તૈયારીઓ શરૂ કરી શકે. તે વનડે શ્રેણીમાં રમશે અને પછી ૬-૯ માર્ચ દરમિયાન પર્થમાં ડે-નાઈટ મેચ રમીને પોતાની કારકિર્દીનો અંત લાવશે. આ તેની કારકિર્દીની ૧૧મી ટેસ્ટ મેચ હશે. આગામી મહિલા ટી ૨૦ વર્લ્ડ કપમાં ઓસ્ટ્રેલિયા એક નવા કેપ્ટન હેઠળ રમશે.હીલીએ ફેબ્રુઆરી ૨૦૧૦ માં ૧૯ વર્ષની ઉંમરે ઓસ્ટ્રેલિયા માટે ડેબ્યૂ કર્યું હતું. તેણીએ ૧૨૩ વનડે માં ૩,૫૬૩ થી વધુ રન બનાવ્યા છે. ૧૬૨ ટી ૨૦ માં, તેણીએ ૨૫.૪૫ ની સરેરાશથી ૩,૦૫૪ રન બનાવ્યા છે, જેમાં કારકિર્દીનો શ્રેષ્ઠ સ્કોર ૧૪૮ અણનમ છે. આ પૂર્ણ સભ્ય ટીમમાં કોઈપણ ખેલાડી દ્વારા સૌથી વધુ વ્યક્તિગત સ્કોર છે. તે ઓસ્ટ્રેલિયા માટે બીજા ક્રમે સૌથી વધુ ટી ૨૦ ખેલાડી છે.

# વામિકા ૫ વર્ષની થઈ, અનુષ્કા શર્માએ તેની પુત્રીના જન્મદિવસ પર ખાસ સંદેશ લખ્યો



મુંબઈ,

અનુષ્કા શર્મા છેલ્લા ૭ વર્ષથી મોટા પડદાથી દૂર છે. ખાસ કરીને તેના બાળકો, વામિકા અને પુત્ર અકયના જન્મથી, તે પોતાનો બધો સમય તેના બાળકો માટે સમર્પિત કરી રહી છે અને પોતાને લાઈમલાઈટથી દૂર રાખી રહી છે. આ દિવસોમાં, તે લંડનમાં તેના પરિવાર સાથે મોટાભાગનો સમય વિતાવે છે. જોકે, તે સોશિયલ મીડિયા દ્વારા તેના જીવનની ઝલક શેર કરતી રહે છે. દરમિયાન, અભિનેત્રીએ તેની પુત્રી વામિકાના ૫મા જન્મદિવસની ઉજવણી કરી. ૧૧ જાન્યુઆરીએ, અનુષ્કા શર્મા અને વિરાટ કોહલીની પુત્રી વામિકાના ૫મા જન્મદિવસ, જેના પર અભિનેત્રીએ એક મીઠી અને હૃદયસ્પર્શી પોસ્ટ શેર કરી.

અનુષ્કા શર્માએ તેની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર તેની પુત્રીના જન્મદિવસ પર એક ખાસ પોસ્ટ શેર કરી. તેણીએ એક ફોટો પોસ્ટ કર્યો જેમાં એક મહિલા તેના બાળકને એક ખોળામાં પકડીને બીજા હાથથી અન્ય વસ્તુઓનું સંચાલન કરતી દેખાય છે. ફોટો પર કેપ્શનમાં લખ્યું છે, "માતૃત્વ તમને બદલવા દો." ફોટો પોસ્ટ કરતા, અભિનેત્રીએ લખ્યું, "અને હું તે સમયમાં પાછા જવા માંગતી નથી જ્યારે હું તને ઓળખતી ન હતી, મારા બાળક. ૧૧ જાન્યુઆરી, ૨૦૨૧." અભિનેત્રીએ બે હૃદય ઈમોજી પણ ઉમેર્યા.અનુષ્કા શર્માએ ૧૧ જાન્યુઆરી, ૨૦૨૧ ના રોજ તેની પુત્રી વામિકાને જન્મ આપ્યો. તેણીએ સોશિયલ મીડિયા પર તેના બેબી બમ્પ સાથેનો એક ફોટો શેર કર્યો, ચાહકો સાથે ખુશખબર શેર કરી. વામિકાના જન્મના ચાર વર્ષ પછી, અભિનેત્રીએ તેના બીજા બાળક, અકયને જન્મ આપ્યો. તેણીએ ૧૫ ફેબ્રુઆરી, ૨૦૨૪ ના રોજ અકયનું વિશ્વમાં સ્વાગત કર્યું, અને તે આ વર્ષે બે વર્ષનો થશે.કામના મોરચે, અનુષ્કા શર્મા સાત વર્ષથી મોટા પડદાથી દૂર છે. અભિનેત્રી છેલ્લે ડિસેમ્બર ૨૦૧૮ માં "ઝીરો" માં જોવા મળી હતી.

# મને સમજાતું નથી કે લોકો કેમ વિચારે છે કે અમારી વચ્ચે કંઈક ખોટું છે : હેમા માલિની



મુંબઈ,

૨૪ નવેમ્બર, ૨૦૨૫ ધર્મેન્દ્રએ આ દુનિયાને અલવિદા કહ્યું, અને ત્યારથી તેમનો આખો પરિવાર હેડલાઈન્સમાં છે. દાયકાઓ સુધી પડદા પર મજબૂત હાજરી અને વિવાદાસ્પદ અંગત જીવન ધરાવતા ધર્મેન્દ્રના અવસાન પછી, લોકોનું ધ્યાન સ્વાભાવિક રીતે તેમની બંને પત્નીઓ, પ્રકાશ કૌર અને હેમા માલિની અને તેમના બાળકો વચ્ચેના સંબંધો પર કેન્દ્રિત થયું. ખાસ કરીને જ્યારે અંતિમ સંસ્કાર અને પ્રાર્થના સભાઓ અલગથી યોજાતી હતી. સોશિયલ મીડિયાથી લઈને સમાચાર સુધી, દરેક જગ્યાએ પ્રશ્નો ઉભા થયા. પરંતુ આ બધી અટકળો વચ્ચે, હેમા માલિનીએ શાંત અને સંયમિત વલણ જાળવી રાખ્યું.ધર્મેન્દ્રના મૃત્યુ પછી, સની દેઓલ અને તેમના પરિવારે તેમની રાખ હરિદ્વારમાં વિસર્જિત કરી, જ્યારે હેમા માલિનીએ તેમની પુત્રીઓ એશા અને આહના સાથે વિવિધ સ્થળોએ પ્રાર્થના સભાઓ યોજી. આનાથી વાર્તાઓનો ધસારો શરૂ થયો, જેમાં કેટલાકે કૌટુંબિક અણબનાવનો આરોપ લગાવ્યો અને અન્યોએ સંબંધોમાં કડવાશ વિશે અનુમાન લગાવ્યું. જો કે, હેમા માલિનીએ એક ઇન્ટરવ્યુમાં પહેલાથી જ સ્પષ્ટતા કરી હતી કે દરેક પરિવાર પોતાની રીતે શોક કરે છે, અને સમજાવવાની કોઈ જરૂર નથી.

# અનન્યા પાંડે ભગવાન શિવની ભક્તિમાં ડૂબી ગઈ, કપાળ પર ચંદનનો લેપ લગાવી અને શિવને નમન કર્યું



મુંબઈ,

અનન્યા પાંડે તાજેતરમાં તેની ફિલ્મ "તુ મેરી મૈં તેરા, મૈં તેરા તુ મેરી" માટે હેડલાઈન્સ બની હતી, જેમાં તેણીએ કાર્તિક આર્યન સાથે અભિનય કર્યો હતો. અનન્યા અને કાર્તિકે ખૂબ જ ઉત્સાહથી ફિલ્મનું પ્રમોશન કર્યું હતું, પરંતુ તેને દર્શકો તરફથી બહુ પ્રતિસાદ મળ્યો ન હતો. દરમિયાન, અનન્યા પાંડેએ તાજેતરમાં શેર કરેલી એક નવી પોસ્ટ સાથે હેડલાઈન્સ બનાવી છે. આ પોસ્ટમાં, અનન્યા પાંડે ભગવાન શિવની ભક્તિમાં ડૂબેલી જોવા મળે છે, અને યુઝર્સ તેની પોસ્ટ પર ઉત્સાહપૂર્વક પ્રતિક્રિયા આપી રહ્યા છે.

અનન્યા પાંડે તાજેતરમાં ભગવાન શિવના દર્શન કરવા માટે એક મંદિરમાં ગઈ હતી, અને તેણે તેના કેટલાક ફોટા સોશિયલ મીડિયા પર શેર કર્યા હતા. આ ફોટામાં, અનન્યા ભગવાન શિવ સમક્ષ ભક્તિમાં ડૂબેલી, માથું નમાવતી જોવા મળે છે. બીજા ફોટામાં, અનન્યા તેની કારમાં બેઠી હોય ત્યારે તેના કપાળ પર ચંદનનો લેપ લગાવતી જોવા મળે છે. આ ફોટા શેર કરતા, અભિનેત્રીએ કેપ્શન આપ્યું, "હર હર મહાદેવ." અનન્યા પાંડેના આ ફોટા પર યુઝર્સ પણ ઉત્સાહપૂર્વક પ્રતિક્રિયા આપી રહ્યા છે. એક યુઝરે ટિપ્પણી કરી, "હર હર મહાદેવ." બીજાએ લખ્યું, "ઓમ નમઃ શિવાય." અભિનેત્રીની પોસ્ટ પર પણ આવી જ પ્રતિક્રિયાઓ જોવા મળી રહી છે.કામના મોરચે, અનન્યા પાંડેએ તાજેતરમાં કાર્તિક આર્યન સાથે "તુ મેરી મૈં તેરા, મૈં તેરા તુ મેરી" માં મુખ્ય ભૂમિકા ભજવી હતી. આ ફિલ્મ ૨૫ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ ક્રિસમસના દિવસે સિનેમાઘરોમાં રિલીઝ થઈ હતી. પહેલા સપ્તાહના અંતે ફિલ્મે ૨૩ કરોડ (આશરે ૨.૩ બિલિયન) કમાણી કરી હતી, પરંતુ પછીના દિવસોમાં ફિલ્મની કમાણીમાં ખાસ વધારો જોવા મળ્યો ન હતો. ૧૫ દિવસમાં ફિલ્મનું કુલ કલેક્શન ૩૨ કરોડ (આશરે ૩.૨ બિલિયન) સુધી મર્યાદિત હતું, જ્યારે ફિલ્મનું બજેટ ૯૦ કરોડ (આશરે ૯૦ બિલિયન) હોવાનું કહેવાય છે.

"તુ મેરી મૈં તેરા, મૈં તેરા તુ મેરી" પછી, અનન્યા પાંડે કરણ જોહરની બીજી રોમેન્ટિક ડ્રામા ફિલ્મ "ચાંદ મેરા દિલ" માં લક્ષ્ય લાલવાણી સાથે જોવા મળશે. તેની પાસે "કોલ મી બે ૨" વેબ સિરીઝ પણ છે, જેની પહેલી સીઝનને દર્શકો તરફથી જબરદસ્ત પ્રતિસાદ મળ્યો હતો.

## શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| બા | રી | ર | ઉ | ભ | મ | મા | ક | હા | ળ | ર | રો |
| ર | વા | ળ | ણ | સ | ર | વા | ળો | બા | ર | સા | દા |
| સા | ઉ | કા | ક્ષ | કા | રી | શિ | શિ | ત | ધ | બં | મો |
| ખ | દ | ન | જી | લ | ર | ળો | શ | ક્ષ | ક્ષો | ભો | ધ |
| ત | મા | મ | વા | ઊ | ળ | બ | ઊ | ર | ણ | ગ | ઉ |
| બં | આ | ભા | વ | આ | દા | આ | ર | આ | ખ | ડો | વિ |
| સા | ઉ | વિ | કા | ક | ભ | હિ | પ્ર | સા | કુ | ચા | ઉ |
| હિ | જ્ઞા | મ | દ | ણિ | કા | હા | ભ | ર | ર | ણિ | ક |
| ન | ર | ગ | ર | ર | હા | શિ | બિ | ણા | કા | ઊ | જી |
| ર | ધ | વ | અ | ઐ | લા | ત | ક્ષ | રી | તી | ળ | સા |
| ન | ક | મા | ગી | સ | ખ | ક | ગ | ક | ર | લ | ળ |
| બૂ | લ | ર | જી | બં | લી | સ | લ | તુ | સ | મ | ધ |

**શબ્દ શોધો:** મોભો, રણકાર, બારસાખ, વિચારણા, વિજ્ઞાન, શિક્ષક, શિક્ષણ, સરવાળો, સાલસ, હારબંધ

# દીપિકા પાદુકોણ અને રણવીર સિંહે ન્યૂ યોર્કના એક રેસ્ટોરન્ટમાં રોમેન્ટિક ડિનર માણ્યું



મુંબઈ,

દીપિકા પાદુકોણ અને રણવીર સિંહ નવા વર્ષની ઉજવણી કરવા ન્યૂ યોર્ક ગયા હતા. તેઓ ૧૧ જાન્યુઆરીએ ભારત પાછા ફર્યા. આ સમય દરમિયાન, રણવીર અને દીપિકાએ એક રેસ્ટોરન્ટમાં રોમેન્ટિક ડિનર માણ્યું, જેનો ફોટો હવે સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. ઉપરાંત, જાણો દીપિકા અને રણવીરે તેમના રોમેન્ટિક ડિનર દરમિયાન કઈ મનપસંદ વાનગીનો ઓર્ડર આપ્યો હતો.એક ખાસ ફોટામાં, બંને ન્યૂ યોર્કના પ્રખ્યાત મિશેલિન-સ્ટાર રેસ્ટોરન્ટ મુસાફરમાં ડિનર પછી શેફ મયંક ઈસ્તવાલ સાથે પોઝ આપતા જોવા મળ્યા હતા. બંને કાળા રંગના વસ્ત્રોમાં જોડિયા હતા. શેફ મયંકે આ ફોટો ઈન્સ્ટાગ્રામ પર શેર કર્યો અને લખ્યું, "દીપિકા પાદુકોણ અને રણવીર સિંહને હોસ્ટ કરવાનો ખૂબ આનંદ થયો. આવા અદ્ભુત લોકો."દીપિકા અને રણવીરે તેમની રોમેન્ટિક ડેટ માટે ખાસ દાલ મખાણીનો ઓર્ડર આપ્યો હતો, કારણ કે શેફ મયંકની દાલ મખાણી ખૂબ પ્રખ્યાત છે. દીપિકા અને રણવીરે ત્યાં ભારતીય ભોજનનો આનંદ માણ્યો. દીપિકા અને રણવીરનો આ ખાસ ફોટો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. અગાઉ, બંનેએ શેફ વિકાસ ખન્નાના રેસ્ટોરન્ટ બંગલોની પણ મુલાકાત લીધી હતી, જ્યાં તેઓએ મોદક ખાઈને રણવીરની ફિલ્મ "ધુરંધર" ની સફળતાની ઉજવણી કરી હતી. દીપિકાએ વિકાસ ખન્નાની મદદથી મોદક બનાવવાનું શીખ્યા.

દીપિકા ટૂંક સમયમાં શાહરૂખ ખાન સાથે ફિલ્મ "કિંગ" માં જોવા મળશે. સિદ્ધાર્થ આનંદ દ્વારા દિગ્દર્શિત આ ફિલ્મમાં સુહાના ખાન, જયદીપ અહલાવત અને અભિષેક બચ્ચન પણ છે. દીપિકા ડિરેક્ટર એટલીની ફિલ્મ એએર૨એકસએ૬માં પણ જોવા મળશે, જેમાં અલ્લુ અર્જુન મુખ્ય ભૂમિકામાં છે.

# રાજકોટ શહેરમાં ૧૩૦૪ બાંધકામો ફાયર એન.ઓ.સી. વિહોણા, ટૂંક સમયમાં કાર્યવાહી

## ફાયરના નિયમો મુજબનું બાંધકામ ન હોવાથી સેંકડો અરજીઓ નામંજૂર કરી નોટિસ ફટકારાઈ

રાજકોટ,રાજ્ય સરકાર દ્વારા અનઅધિકૃત બાંધકામો કાયદેસર કરવા માટે નિયમ હેઠળ ઈમ્પેકટ ફી કાયદો અમલમાં મૂકયો છે. જે અંતર્ગત વધારાના બાંધકામ કરનાર આસામીઓ પૈકી ફાયર એનઓસીમાં આવત હોય તેવા એકમોએ ઈમ્પેકટ ફીનો લાભ લઈ ફાયર એનઓસી માટે અરજી મૂકી હતી. પરંતુ ઈમ્પેકટ ફીમાં નિયમ મુજબ થયેલા વધારાના નવા બાંધકામો ફાયર એનઓસીના નિયમોમાં ફીટ ન બેસતા અનેક આસામીઓ હવે ફાયર ઓનઓસી મેળવવા માટે ઈમ્પેકટ ફીનો લાભ લીધો હતો. પરંતુ ફાયર એનઓસી માટે જરૂરી બાંધકામ ન હોય ૧૩૦૦થી વધુ બાંધકામોને ફાયર એનઓસી મળે શકે તેમ નથી. આથી આ પ્રકારના વધારાના બાંધબકામો તોડી પાડવા માટે ટૂંક સમયમાં કાર્યવાહી કરવામાં આવશે. તેમ જાણવા મળેલ છે.

રાજ્ય સરકારે ગેરકાયદેસર બાંધકામોને નિયત કરવા માટે ઈમ્પેકટ ફી કાયદો અમલમાં મૂકી પૈસા રળવાનું શરૂ કર્યું હતું. જેના લીધે કોમર્શિયલ બાંધકામોમાં આંધાધૂંધી સર્જાઈ હોવાનું જાણવા મળેલ છે. રહેણાંકના એકમો માટે ઈમ્પેકટ ફી કાયદો ફાયદા રૂપ નિવડ્યો છે. પરંતુ કોમર્શિયલ બાંધકામોની પછેળી દબાણી હોય તેમ ઈમ્પેકટ ફીનો લાભ લઈ વધારાનું બાંધકામ કર્યા બાદ ફાયર એનઓસી માટે અરજી કરવામા આવી હતી. ત્યારબાદ ફાયર વિભાગ દ્વારા સ્થળ તપાસ દરમિયાન મોટાભાગના એકમોમા કરેલા વધારાના બાંધકામો ફાયર એનઓસીના નિયમોને અનુરૂપ ન હોવાથી ફાયર એનઓસી આપવાનો ઈક્રાર કરી દીધો હતો. ગેમઝોન દુર્ઘટના બાદ સરકાર દ્વારા ફાયર સેફટીના નવા નિયમો અમલમાં મૂકયા છે. તે સમયે ફાયર એનઓસી વિહોણા અનેક એકમો સીલ કરવામાં આવ્યા હતા.અને હવે ઈમ્પેકટ ફી હેઠળ થયેલા વધારાના બાંધકામો પૈકી અનેક બાંધકામોમા એકઝીટ ગેઈટ તેમજ ડબલ સીડી અને આગળ પાછળ મૂકવામાં આવતી જગ્યાઓ તેમજ બાંધકામોના ઈસ્યુ ઉભા થયા છે. જેના કારણે આ પ્રકારના બાંધકામોને ફાયર એનઓસી મળવા પાત્ર નથી. ફાયર વિભાગના સત્તાવાર આંકડા મુજબ ઈમ્પેકટ ફીનો લાભ લેનાર અને વધારાનું બાંધકામ મંજૂરી વગર કરી નાખ્યુ હોય તેવા હાલના ૧૩૦૦થી વધુ આસામીઓએ ફાયર એનઓસી માટે અરજી કરેલ જે સ્થળ તપાસ દરમિયાન ફાયર વિભાગે ના મંજૂર કરી વધારાના બાંધકામો દૂર કરવાની સુચના આપી છે. છતાં આ પ્રકારના બાંધકામો દુર નહી થાયતો ટૂંક સમયમાં ડિમોલીશેન સહિતની કાર્યવાહી હાથ ધરાવમાં આવશે.

# વાઈબ્રન્ટ સમિટમાં ફાઈટર પ્લેન તેજસથી લઈને સુખોઈની પ્રતિકૃતિ સહિતના આકર્ષણ

રાજકોટ, મારવાડી યુનિવર્સિટી ખાતે આયોજિત વાઈબ્રન્ટ ગુજરાત રીજનલ અકિઝબિશન તા.૧૫ જાન્યુઆરી દરમિયાન નાગરિકો માટે મુલાકાતાર્થે ખુલ્લું રહેશે. નાગરિકો માટે આ એક્ઝિબિશનમાં માટે દરરોજ સાંજે લકી ડ્રોનું આયોજન કરવામાં આવ્યું છે. આ એક્ઝિબિશનમાં ભારતીય વાયુ સેનાના ફાઈટર પ્લેન તેજસથી લઈને સુખોઈ-૩૦ની પ્રતિકૃતિ, સ્વદેશી હાટ, લાઈવ કદના જહાજ સહિત અનેક આકર્ષણ કેન્દ્રો છે, જે નાગરિકોને વિવિધ ઔદ્યોગિક વિકાસ ક્ષેત્રો અંગે નવી સમજ આપશે.

આ એકિઝબીશનમાં મુલાકાતીઓ માટે દરરોજ સાંજે લકી ડ્રોનું આયોજન કરવામાં આવ્યું છે. લકી ડ્રોમાં ઈલેક્ટ્રિક સ્કૂટર, ૪૨ ઈંચ કઊઉ ટીવી, રેફ્રિજરેટર, સ્માર્ટફોન, ગિફ્ટ વાઉચર્સ અને ગિફ્ટ હેમ્પર્સ જેવા આકર્ષક ઈનામો આપવામાં આવશે. એક્ઝિબિશન સ્થળે વિવિધ સ્ટેજ પર સાંસ્કૃતિક કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું છે, જેમાં કચ્છ અને સૌરાષ્ટ્ર પ્રદેશના લોકનૃત્યો દ્વારા ગુજરાતની સંસ્કૃતિની સમૃદ્ધ પરંપરાનું મનમોહક પ્રદર્શન કરવામાં આવી રહ્યું છે.

૨૬,૦૦૦ ચોરસ મીટર વિસ્તારમાં ફેલાયેલ આ પ્રદર્શનમાં ૪૦૦થી વધુ પ્રદર્શકો દ્વારા વિવિધ ક્ષેત્રોમાં પોતાની ક્ષમતાઓ અને નવીનતાઓ રજૂ કરવામાં આવી રહી છે. એક્ઝિબિશન છ વિશિષ્ટ થીમેટિક ડોમમાં આયોજિત કરવામાં આવી છે.

જેમાં ગેટવે ટુ ગ્લોબલ ગ્રોથ, ગ્રીન એનર્જી ઈકોસિસ્ટમ અને પેટ્રોકેમિકલ્સ, ક્રાફ્ટ્સ વિલેજ અને ખજખઊ પેવેલિયન, ઓશન ઓફ ઓપોર્ચ્યુનિટીઝ, એન્ટરપ્રાઈઝ એક્સેલન્સ પેવેલિયન અને પબ્લિક સેક્ટર પાવરહાઉસ થીમ સામેલ છે. નાગરિકોએ આ છ થીમનો લાભ લેવા માટે અલગ અલગ હોલમાં વ્યવસ્થા કરવામાં આવી છે

# રાજકોટ બજરંગ ગૃપ દ્વારા ચીકી-મમરાના લાડુના પેકેટસનું વિતરણ



રાજકોટ, રાજકોટ મકરસંક્રાંતિ પર્વ નિમિતે ગરેડીયા કુવા રોડ, પંચમુખી હનુમાનજીની ડેરી પાસે આવેલ બજરંગ ગૃપના કાર્યાલય ખાતે હરેશભાઈ સાહોલીયા, બાલાભાઈ તથા વશરામભાઈ ભરવાડ (રામનાથપરા), રસીકભાઈ ધોળકીઆ, દુર્લભજીભાઈ તન્ના પંચમુખી હનુમાનજી ડેરીના, સંસ્થાજના પૂજારી જીકાભાઈ ભગત કિશોરભાઈ કારીયા (પ્રમુખ), હસુભાઈ ગણાત્રા પ્રોજેકટ ચેરમેન, જતીનભાઈ ભીંડોરા, ખજાનચી દિનેશભાઈ તન્ના, પ્રવિણભાઈ વિઠલાણી, પ્રવિણભાઈ સોમૈયા, રાકેશભાઈ દવે, જનકભાઈ ચૌહાણ, સુનીલભાઈ મજેઠીયા, હરેશભાઈ દવે, મીનાબેન છાગાણી, હર્ષાબેન કક્કડ, સંજયભાઈ અને દિપકભાઈ ઠકરાર બંધુ ચંદ્રકાંતભાઈ (દિલુભાઈ) સેજપાલ, રિવા કોટેચા (હ. આકાશભાઈ કોટેચા) મેહુલભાઈ ખંધેડીયા, બટુકભાઈ રાચ્છ, ચંદ્રેશભાઈ ગણાત્રા અને અકિલા પરિવારના જગદિશભાઈ ગણાત્રાના હસ્તે ચીકી (મગફળી તલપાક) તથા મમરાના લાડુના પેકેટનું વિનામુલ્યે વિતરણ કરવામાં આવેલ હતું. જાગૃતિબેન ખીમાણી, મનીષાબેન કુંડલીયા, અનિતાબેન કેસરીયા, જયોતિબેન ભટ્ટ, મનુભાઈ મકવાણા, ભુપેન્દ્રનભાઈ કોટક, ભગીરથસિંહ -હર્ષદસિંહ જાડેજા બંધુ, કિશોરભાઈ કક્કડ, બી.કે. જાડેજા, વાહિદ મારફાણી, હર્ષ (કાનાભાઈ) માત્રાવડીયા, વિજયભાઈ ભટ્ટ, તુલસીદાસ ટહેલરામાણી, વસંતભાઈ બુધ્ધ દેવ (મામા) વિગેરેએ કાર્યક્રમને યશસ્વીજ બનાવ્યો હતો. તેમ કિશોર કારીયા, હસુભાઈ ગણાત્રા અને જતનીભાઈ ભિંડોરાની એક અખબારી યાદીમાં જણાવવામાં આવેલ છે.

# રાજકોટ વોર્ડ નં.૪ની સ્કુલમાં આરોગ્ય ચકાસણી કેમ્પ યોજાયો



રાજકોટ, ઈસ્ટ ઝોનના ભગવતીપરા સેજાના વોર્ડ નં.૪ ના જયોતિબા ફુલે પ્રાથમિક શાળામાં જઅખ, ખઅખ, જગ્રઠ, ખગ્રઠ બાળકોનો આરોગ્ય તપાસણી કેમ્પ ગઈકાલે યોજાતા બાળકોનું વજન-ઉંચાઈ અને આરોગ્ય તપાસણી કરવામાં આવી હતી. જરૂરી દવા ઉપરાંત શેર વિથ સ્માઈલના સહયોગથી પ્રોટીન પાવડર આપવામાં આવ્યો હતો. આંગણવાડી કેન્દ્રમાંથી મળતા બાલશક્તિના પેકેટમાંથી વિવિધ સભર વાનગી કઈ રીતે બાળકોને જમાડવી અને કેટલી જમાડવી અને એના શું શું ફાયદા છે? એ માટે દરેક વાલીને સમજાવવામાં આવ્યું હતું.

દરેક વાલીને બાળકનું વજન રોજનું ૧૦ થી ૧૫ ગ્રામ વધે તે માટે શું કરવું જોઈએ અને મહિનાના અંતે ૫૦૦ ગ્રામ વજન વધવું જોઈએ, એના માટે દરેક વાલીને બાળકની જમવાની સારી ટેવ, સ્વચ્છતાની તેમજ બહારનો ખોરાક બિલકુલ નહીં ખવડાવવો અને બાળક માંદુ ના પડે તે માટે વિશેષ કાળજી રાખવા માટે આહવાન કરવામાં આવ્યું. વાલીઓને ખાસ સુચના આપી હતી કે બાળકનું વજન વધવું જોઈએ, વજન ન વધે તો બાળક મોટો થઈને પણ કુપોષણમાં રહેશે.

અને આગળ અભ્યાસ કરી શકશે નહીં અને સમાજને બોજારૂપ બનશે એ માટે દરેક વાલીને ખાસ કાઉન્સલિંગ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મેયર નયનાબેન પેઢડિયા, શેર વીથ સ્માઈલની ટીમ, આરોગ્ય કેન્દ્રોના ડોકટર પ્રોગ્રામ ઓફિસર શારદાબેન દેસાઈ, જયશ્રીબેન સાકરીયા, મુખ્યસેવિકા જાડેજા મહેશબા હાજર રહ્યા હતા.

# રાજકોટમાં યુનિક વિકલાંગ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા દિવ્યાંગો માટે યુનિક આનંદોત્સવ ઉજવ્યો

રાજકોટ, શારીરિક કે માનસિક ક્ષતિ ઉત્તરાયણ જેવો આનંદનો ઉત્સવ ઉજવામાં બાધારૂપ ન બની રહે તે માટે યુનિક વિકલાંગ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા દિવ્યાંગો માટે ગત તા.૧૦ ને શનિવારના "દિવ્યાંગ આનંદ મહોત્સવ - ૨૦૨૬"નું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં મ્યુઝીકના સથવારે વિવિધ રમતો શરૂ કરી હતી.રમતો પૈકી ફુગ્ગા ફુલાવવાની સ્પર્ધામાં ચેતન વૈષ્ણવ અને મહિલાઓમા ઈલાબેન દેવમુરારી, નિશાન તાક સ્પર્ધામાં મનોજ રાઠોડ અને દયાબેન વાઢેર, સેફટીપીનમાં બંગળીઓ પોરવવાની સ્પર્ધામાં અશોકભાઈ પરમાર અને ગૌરીબેન ગોહેલ, ટી કપ સ્પર્ધામાં મિરાબેન મકવાણા, ચણા રબર સ્પર્ધામાં દિનેશભાઈ ગાંગાણી અને હિનાબેન પાટડીયા, બોલ ટેપીંગ સ્પર્ધામાં લાલુભા જાડેજા અને હેતલબેન મૈત્રા તેમજ પંજા લડાવવાની સ્પર્ધામાં પ્રભાબેન શીયાળે જીત મેળવી હતી. તમામ વિજેતાઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

### વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની રાજકોટ મુલાકાત દરમિયાન

# કાંતિભાઈ અને યશવંતભાઈ ભટ્ટ પરિવાર સાથે પારિવારિક મુલાકાત



રાજકોટ, સંઘ પરિવારને સમર્પિત પરિવાર સાથે જુની વાતો વાગોળતા શ્રી નરેન્દ્રભાઈ મોદી : ભટ્ટ પરિવાર દ્વારા ગાયનું પ્રતિક ભેટમાં અપાયું

વાઈબ્રન્ટ ગુજરાત રીજીયોનલ સમિત માટે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી રાજકોટ પધાર્યા હતા. આ વખતે રાજકોટ જુના એરપોર્ટ ખાતે સંઘ પરિવારને સમર્પિત પરિવાર શ્રી કાંતિભાઈ ભટ્ટ અને શ્રી યશવંતભાઈ ભટ્ટ પરિવારજનોને મળ્યા હતા. આ મુલકાત દરમિયાન શ્રી ગીરીશભાઈ ભટ્ટ (સરકારી વકીલ), શ્રીમતી જ્યોતિબેન ભટ્ટ (ડિરેકટર-રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.) અને બંને પરિવારના તમામ સદસ્યો ઉપસ્થિત રહ્યા હતા. ઈ.સ. ૧૯૪૨થી રાષ્ટ્રીય સ્વંયસેવક સંઘના સાથે જોડાયેલા અને એક વિચારધારાને સમર્પિત ભટ્ટ પરિવાર સાથે શ્રી નરેન્દ્રભાઈ મોદીને ઈ.સ. ૧૯૭૧થી ઘનિષ્ઠ નાતો છે. તે ઉપરાંત શ્રી ગીરીશભાઈ ભટ્ટને તાજેતરમાં ૭૫ વર્ષ પૂર્ણ થતાં વડાપ્રધાનને મળવાની લાગણી વ્યક્ત કરી હતી. જોગાનુયોગ રવિવારે આ સંયોગ બનતાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રૂબરૂ મળી શ્રી ગીરીશભાઈ ભટ્ટને જન્મદિવસની શુભેચ્છા પાઠવતાં તંદુરસ્તી સાથે દીર્ઘાયુષ્યની લાગણી વ્યક્ત કરી હતી. આ અવસરે ભટ્ટ પરિવાર દ્વારા શ્રી નરેન્દ્રભાઈ મોદીને ગાયનું પ્રતિક ભેટમાં આપવામાં આવ્યું હતું. પરિવારનાં સૌથી નાના સદસ્યને વહાલ વરસાવી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આત્મીયતા દર્શાવી હતી.

# રાજકોટ શહેર સમસ્ત મુસ્લિમ વાઘેર જમાતના હોદેદારોની બિનહરીફ વરણી





રાજકોટ, રાજકોટ શહેર સમસ્ત સુન્ની મુસ્લિમ વાઘેર જમાતની એક બેઠક મળી હતી. જેમાં હોદેદારોની વરણી કરવામાં આવી હતી. બેઠકમાં સમાજના લોકો બહોળી સંખ્યામાં ઉપસ્થિંત રહ્યા હતાં.

આ બેઠકમાં હોદેદારોની વરણી કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ પદે બુચડ હાજીભાઈ ઈલ્યાસભાઈ, ઉપપ્રમુખ જસરાયા યાસીનભાઈ આમદભાઈ, મહામંત્રી જસરાયા દિલાવર જુમાભાઈ, મંત્રી સોઢા સલીમભાઈ સાલેમામદભાઈ, ખજાનચી તરીકે સિકાર ફરીદભાઈ તૈયબભાઈ, સભ્યો તરીકે પારા ઈસ્માઈલભાઈ હનીફભાઈ, કકલ જાકીરભાઈ અબ્બાસભાઈ, સુમારીયા સાલેમામદભાઈ, આમદભાઈ, કકલ મામદભાઈ ઈબ્રાહીમભાઈ અને જગીયા ઓસમાણભાઈ ઈસાભાઈ અને છેર સલીમભાઈ અયુબભાઈનો સમાવેશ થાય છે.

# રાજકોટમાં મા આનંદમયી કન્યા વિદ્યાલયમાં વિજ્ઞાન જાથાનો જાગૃતિ કાર્યક્રમ યોજાયો

રાજકોટ, રાજકોટ મહાત્મા ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત મા આનંદમયી કન્યા વિદ્યાલયના છાત્રાઓમાં અંધશ્રદ્ધા દૂર કરવાનો ભારત જન વિજ્ઞાન જાથાનો ચમત્કારોથી ચેતો લોકજાગૃતિ કાર્યક્રમ સફળતાથી સંપન્ન થયો હતો. સોશ્યલ મિડીયા શક્તિશાળી સાધન સાથે વધુ પડતો ઉપયોગ બેદરકારી વિનાશ નોતરે છે.

તેની રસપ્રદ માહિતી આપવામાં આવી હતી. કિશોરાવસ્થામાં છાત્ર-છાત્રાઓ નાજુક તબક્કામાં પસાર થતા હોય તેના મનના બદલાવમાં માતા-પિતા, શિક્ષકો, સમાજે ક્યાં પ્રકારની સહાનુભૂતિ રાખવી જોઈએ તેનાથી માહિતગાર કરવામાં આવેલ. વિજ્ઞાન જાથાનો ૧૦૦૭૨ મો કાર્યક્રમમાં રાજકોટ પોલીસ કમિશ્નર કચેરી, માલવીયાનગર પોલીસ સ્ટેશને પુરતો સ્ટાફ ફાળવ્યો હતો.

કાર્યક્રમનું વૈજ્ઞાનિક પદ્ધતિથી ઉદઘાટન પ્રિન્સિપાલ લીનાબેન ત્રિવેદીએ કરતાં જણાવ્યું કે ૨૧ મી સદી વિજ્ઞાન ટેકનોલોજી નેનો છે. દુનિયામાં દરરોજ નવા સંશોધનો થાય છે. તર્કને પ્રાધાન્ય આપી આગળ આવવું જોઈએ. છાત્રાઓને જાથાના કાર્યક્રમો સમાજ ઉપયોગી હોય જીવનમાં ઉતારવા શીખ આપી હતી.

# ટાટા એઆઈએ ઔરા : ભારતના વીમા ઉદ્યોગસાહસિકોની આગામી પેઢીને આકાર આપી રહ્યું છે

રાજકોટ, ઝડપથી વિકસિત થઈ રહેલા નાણાકીય પરિદ્રશ્યમાં, વીમા સલાહકારોની ભૂમિકામાં મોટું પરિવર્તન આવ્યું છે, કેમ કે મોટી સંખ્યામાં યુવા વ્યાવસાયિકો તેને ઉદ્યોગસાહસિકતાની સંપૂર્ણ તક તરીકે સ્વીકારી રહ્યા છે. ભારતના જીવન વીમા ક્ષેત્રમાં અગ્રણી ટાટા એઆઈએ આ પરિવર્તનમાં મોખરે રહ્યું છે, અને તેના પ્લેટફોર્મ, ટાટા એઆઈએ ઔરાના માધ્યમથી સલાહકારો માટે ઉદ્યોગસાહસિક તરીકે ખીલવાનો માર્ગ મોકળો કર્યો છે. આવતીકાલના સલાહકારોને સશક્ત બનાવવાભારતમાં, ૩૧.૫ લાખથી વધુ જીવન વીમા સલાહકારો પરિવારોના નાણાકીય ભવિષ્યને સુરક્ષિત કરવામાં યોગદાન આપે છે. જો કે, સ્થિર વૃદ્ધિ છતા, વીમાનો વ્યાપ પ્રમાણમાં ઓછો છે, કેમ કે ભારતના જ્ઞ્મમાં જીવન વીમાનો ફાળો માત્ર ૩.૭% છે (નાણાકીય વર્ષ ૨૦૨૪). આ ક્ષેત્રમાં અપાર સંભાવનાની ઓળખ કરીને, ટાટા એઆઈએ ઔરા, "૨૦૪૭ સુધીમાં તમામ માટે વીમાને હાંસલ કરવા તરફ દેશને આગળ વધવામાં મદદ કરવા માટે ખાસ કરીને ઓછી પહોંચ ધરાવતા વિસ્તારોમાં આગામી પેઢીના સલાહકારોને વિકાસ અને જાગૃતિ લાવવા સશક્ત બનાવવા માગે છે. ઉત્કૃષ્ટતા પ્રત્યે ટાટા એઆઈએની પ્રતિબદ્ધતા ઉદ્યોગમાં તેના સાતત્યપૂર્વકના નેતૃત્વમાં પ્રતિબિંબિત થાય છે. સતત ત્રણ વર્ષથી, ટાટા એઆઈએને મિલિયન ડોલર રાઉન્ડ ટેબલ (MDRT) મેમ્બરશીપ માટે ભારતમાં નંબર ૧ સ્થાન આપવામાં આવ્યું છે, જે તેના સલાહકારોને અસાધારણ કામગીરી અને વૈશ્વિક જીવન વીમા સલાહકારી ઈકોસિસ્ટમ પ્રત્યે સમર્પણ માટે માન્યતા આપે છે. આ બાબત એ હકીકત પર ભાર મૂકે છે કે ટાટા એઆઈએ દ્વારા સમર્થિત જીવન વીમા સલાહકારો માત્ર કંપનીની સફળતામાં ફાળો નથી આપી રહ્યા, પણ સહાનુભૂતિ, નિપુણતા અને પરિવારોના રક્ષણ માટેની ઊંડી પ્રતિબદ્ધતા દ્વારા સંચાલિત ભારતમાં નાણાકીય સલાહકારીના ભવિષ્યને આકાર આપી રહ્યા છે.

# રાજકોટમાં બ્રહ્માકુમારીઝ રિટ્રીટ સેન્ટર હેપી દ્વારા યુવા દિવસની ઉજવણી



રાજકોટ, તા. ૧૨ ને વિશ્વભરમાં "યુવા દિવસ" તરીકે ઉજવવામાં આવે છે. કેમકે, ત્યારે યુવાનોના આદર્શ એવા સ્વામી વિવેકાનદની જન્મ જયંતી હોય છે. દુનિયાભરમાં આ દિવસે ઘણા બધા કાર્યક્રમો થયા, જે પૈકી ગત તા.૧૧ ના રોજ રાજકોટમાં બ્રહ્માકુમારીઝ રિટ્રીટ સેન્ટર હેપી વિલેજ ખાતે એક સુંદર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં હેલ્ધી લાઈફ સ્ટાઈલ ફોર યુથ વિષય પર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. હેલ્ધી લાઈફ સ્ટાઈલ ફોર યુથ કાર્યક્રમમાં માઈન્ડ હેકર્સ, ઈમોશનલ એક્સપ્લોરર, ડિજિટલ ડીટોક્ષ, પર્પસ ધ એનર્જી જેવા વિભિન્ન ગેમ્સ દ્વારા વર્કશોપ કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં ૧૮ થી ૪૦ વર્ષના ૧૫૦થી વધુ ભાઈઓ-બહેનોએ લાભ લીધો.

# રાજોતમાં વિજયભાઈ રૂપાણીની ૭મી માસિક પુણ્યતિથિ નિમિત્તે ગરીબ-નિરાધાર લોકોને ધાબળા-ચીકીનું વિતરણ



રાજકોટ,વિજયભાઈ રૂપાણીની ૭મી માસિક પુણ્યતિથિ નીમીતે શિયાળાની ઋતુમાં ફૂટપાથ અને ઝુંપડપટ્ટી વિસ્તારોમાં પુજીત રૂપાણી મેમોરીયલ ટ્રસ્ટ દ્વારા રાત્રીના ધાબળા-ચીકીનું વિતરણ કરવામાં આવ્યું હતું. ટ્રસ્ટી શ્રીમતી અંજલીબેન રૂપાણીના માર્ગદર્શન હેઠળ જયોતીન્દ્રભાઈ મહેતા, મુકેશભાઈ મહેતા, હરીશભાઈ શાહ, શૈલેષભાઈ વ્યાસ, નિસર્ગભાઈ મહેતા, જયોતિબેન મહેતા, પ્રવિણભાઈ વેકરીયાએ સમગ્ર વિતરણ વ્યવસ્થા સંભાળી હતી.

# ભારતીય નાગરિકોને ઈરાન છોડી દેવા ભારતીય દૂતાવાસે અનુરોધ કર્યો

## ઈરાનમાં હિંસાની સ્થિતિ અને અમેરિકાની ધમકી વચ્ચે ભારતીય નાગરિકોને ઈરાન છોડી દેવા તકેદારી રાખવા જણાવાયું

નવી દિલ્હી,

ઈરાનમાં વધતા હિંસક પ્રદર્શનો અને અસ્થિરતાના માહોલ વચ્ચે ભારતીય દૂતાવાસે ભારતીય નાગરિકો માટે નવી એડવાઈઝરી જાહેર કરવામાં આવી છે. વધતી હિંસા વચ્ચે અમેરિકાએ પણ દખલગીરી કરવાની ધમકી આપ્યા પછી સંકટનું નિર્માણ થઈ શકે છે. જોકે, ભારતીય દૂતાવાસે ઈરાનમાં રહેલા તમામ ભારતીયોને જેમાં વિદ્યાર્થીઓ, વેપારીઓ સહિત પર્યટકો પણ આવી જાય છે તેમને પણ ઉપલબ્ધ પરિવહનના માધ્યમો દ્વારા તાત્કાલિક દેશ છોડી દેવાની સલાહ આપવામાં આવી છે. ઈરાનની બદલાતી સુરક્ષા સ્થિતિ



કરતા આ એડવાઈઝરી જારી કરી છે.

ઈરાનમાં અત્યારે સરકાર વિરોધી પ્રદર્શનો તીવ્ર બની રહ્યાં છે. એટલું જ નહીં પરંતુ અમેરિકા દ્વારા ઈરાનમાં આર્મી મુકલાની પણ ચેતાવણી આપવામાં આવી છે. જેના કારણે તણાવ વધારે વધી રહ્યો છે. ઈરાનમાં વિરોધ પ્રદર્શન દરમિયાન કુલ ૨૫૦૦થી પણ વધુ લોકોના મોત થયાના અહેવાલો મળ્યાં છે. આવી સ્થિતિમાં ભારતીય નાગરિકોની સુરક્ષા માટે આ એડવાઈઝરી જાહેર કરવામાં આવી છે. ભારતીય નાગરિકોને સત્વરે ઈરાન દેશ છોડી દેવા માટે કહેવામાં આવ્યું છે.

ભારતીય દૂતાવાસની એડવાઈઝરી પ્રમાણે, તમામ ભારતીય નાગરિકો અને ને વિરોધ ક્ષેત્રો અને ભીડથી દૂર રહેવાની, સ્થાનિક મીડિયા અને દૂતાવાસની વેબસાઈટ-સોશિયલ મીડિયા પર નજર રાખવાની સલાહ આપી છે. આ સાથે પોતાના પાસપોર્ટ અને ટ્રાવેલ દસ્તાવેજો તૈયાર રાખવાનું પણ કહ્યું છે. એટલું જ નહીં, પરંતુ ભારતીય દૂતાવાસ દ્વારા ઈમર્જન્સી હેલ્પલાઈન્સ પર સંપર્ક કરવા માટે કહેવામાં આવ્યું છે. રેસિડન્ટ વીઝા પર રહેનાર ભારતીયોએ સત્વરે ભારતીય દૂતાવાસમાં નોંધણી કરાવી લેવા માટે કહેવામાં આવ્યું છે.

ઈરાનમાં રહેલા ભારતીયોને અત્યંત સાવચેતી બરતવાની અને પ્રદર્શન સ્થળોથી દૂર રહેવા કહેવામાં આવ્યું છે. ઈરાનમાં હજારો ભારતીય વિદ્યાર્થીઓ, વેપારીઓ અને તીર્થયાત્રીઓ છે. પરિસ્થિતિ વધુ બગડવાની આશંકા વચ્ચે દૂતાવાસે તાત્કાલિક ઈરાન છોડી દેવા માટે કહ્યું છે. આ સાથે ઈરાનમાં રહેતા તમામ ભારતીયોને દૂતાવાસના સંપર્કમાં રહેવાનું અને સુરક્ષા માટે તૈયાર રહેવાનું કહ્યું છે.

# છત્તીસગઢના સુકમા જિલ્લામાં વધુ ૨૯ નકસલવાદીઓએ આત્મસમર્પણ કર્યું

## આત્મસમર્પણ કરનાર એક નકસલી ઉપર બે લાખનું ઈનામ હતું

સૂકમા,

છત્તીસગઢના સુકમા જિલ્લામાં ૨૯ નકસલીઓએ આત્મસમર્પણ કર્યું છે. આ આત્મસમર્પણ કરનારા નક્સલીઓમાંથી એક નક્સલી પર રૂપિયા ૨ લાખનું ઈનામ જાહેર કરવામાં આવ્યું હતું.

સુકમા જિલ્લાના ગોગુંડા વિસ્તાર હેઠળના કેરળપાલ વિસ્તાર સમિતિમાં સક્રિય ૨૯ માઓવાદીઓએ સુરક્ષા દળો સમક્ષ આત્મસમર્પણ કર્યું છે. અહેવાલો અનુસાર આત્મસમર્પણ કરનારા નક્સલીઓમાં ગોગુંડા પંચાયતમાં દંડકારણ્ય આદિવાસી કિસાન મજદૂર સંગઠનના પ્રમુખ પોડિયમ બુધરાનો પણ સમાવેશ થાય છે, જેમની પર રૂપિયા ૨ લાખનું ઈનામ હતું. આ નકસલીઓ સુકમા જિલ્લામાં અનેક મોટી નક્સલી ઘટનાઓમાં સામેલ હતા.

ગોગુંડા વિસ્તારમાં સુરક્ષા છાવણીની સ્થાપનાએ આત્મ સમર્પણમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. નક્સલ વિરોધી કામગીરી સતત દબાણ અને વિસ્તારમાં સર્ચ ઓપરેશનના લીધે નકસલી સંગઠનની પ્રવૃત્તિઓ મર્યાદિત થઈ ગઈ હતી. જેના લીધે તેમણે આત્મસમર્પણ કરવાનો નિર્ણય લીધો હતો. આ અંગે અધિકારીઓએ જણાવ્યું છે કે આ વિસ્તારની દુર્ગમ ભૌગોલિક પરિસ્થિતિઓને કારણે, ગોગુંડા વિસ્તાર નક્સલીઓ માટે સલામત અને અનુકૂળ સ્થાન માનવામાં આવતું હતું. જો કે, સુરક્ષા છાવણીની કાર્યરત થતા નક્સલી કેમ્પોની નાશ કરવામાં આવ્યો હતો.

# ભારતીય નૌકાદળનું જહાજ INSV કૌડિન્ય મસ્કત પહોંચ્યું

## ભારત-ઓમાન વચ્ચેના પાંચ હજાર વર્ષ જૂના દરિયાઈ સંબંધો પુનર્જીવિત થયા

નવી દિલ્હી,

ભારત અને ઓમાન વચ્ચેના હજારો વર્ષ જૂના દરિયાઈ અને સાંસ્કૃતિક સંબંધોમાં આજે એક નવો અધ્યાય ઉમેરાયો છે. ભારતીય નૌકાદળનું પરંપરાગત રીતે નિર્મિત જહાજ ઁદ્બજીક્ર કૌડિન્ય તેની પ્રથમ પોરબંદર-મસ્કત સફર સફળતાપૂર્વક પૂર્ણ કરીને મસ્કત પહોંચ્યું છે. મસ્કતના પોર્ટ સુલતાન કાબૂસ ખાતે કેન્દ્રીય બંદર, શિપિંગ અને જળમાર્ગ મંત્રી સર્બાનંદ સોનોવાલે જહાજના ક્રૂ મેમ્બર્સનું ભવ્ય સ્વાગત કર્યું હતું. પ્રાચીન કળા અને આધુનિક મૈત્રીનો સંગમૈંદ્બજીક્ર કૌડિન્યનો હેતુ ભારતની પ્રાચીન જહાજ નિર્માણ કળાને વિશ્વ સમક્ષ લાવવાનો છે. અજંતાની ગુફાઓના ચિત્રોમાંથી પ્રેરિત આ જહાજને આધુનિક ખીલીઓ કે ધાતુના જોડાણ વગર, માત્ર દોરીઓથી સીવીને (જૈંજીરીંદ્બ-ક્કહા ૈજીરહૈ) તૈયાર કરવામાં આવ્યું છે. આ સફર ભારત અને ઓમાન વચ્ચેના ૫,૦૦૦ વર્ષ જૂના વ્યાપારિક અને સભ્યતાના જોડાણને પુનર્જીવિત કરે છે.આ દરમિયાન મંત્રી સર્બાનંદ સોનોવાલે ઓમાનના પરિવહન અને ૈં મંત્રી એચ.ઈ. એન્જિનિયર સઈદ બિન હમૂદ સાથે દ્વિપક્ષીય બેઠક યોજી હતી. આ બેઠકમાં સોનોવાલે બંને દેશો વચ્ચે 'ગ્રીન શિપિંગ કોરિડોર' સ્થાપવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. તેમણે ઓમાનની કંપનીઓને ભારતના વિશાળ મેરીટાઈમ પ્રોજેક્ટ્સ જેવા કે મહારાષ્ટ્રના વધાવણ પોર્ટ (૯ અબજ ડોલર) અને તમિલનાડુના તુતીકોરીન પ્રોજેક્ટમાં રોકાણ કરવા આમંત્રણ આપ્યું હતું.

# દિલ્હીમાં લોરેન્સ બિશ્નોઈ ગેંગ પર પોલીસનું ફાયરિંગ : બે શૂટર્સ ઝડપાયા

## પંજાબ પોલીસે પણ કુખ્યાત ગેંગના ચાર સાગરીતોને ઝડપી લીધા

નવી દિલ્હી

લોરેન્સ બિશ્નોઈ ગેંગના ઘણા સભ્યો ખુલ્લેઆમ ફરી રહ્યા છે. પાછલા કેટલાક સમયમાં આ ગેંગના સભ્યો ઘણા લોકોને પોતાની બંદૂકનો નિશાનો બનાવી ચૂક્યા છે. તેથી આ પોલીસ આ ગેંગના સભ્યોને પકડવા માટે મોટી જહેમત ઉઠાવી રહી છે. ત્યારે આ ગેંગના બે સભ્યોને પકડવામાં દિલ્હી પોલીસને સફળતા મળી છે.

દિલ્હીન પશ્ચિમ વિહાર અને વિનોદ નગર વિસ્તારમાં લોરેન્સ બિશ્નોઈ ગેંગના બે શાર્પશૂટર દિલ્હી પોલીસની નજરે ચડ્યા હતા. પોલીસને જોઈને શાર્પશૂટર્સે ફાયરિંગ શરૂ કર્યું હતું. વળતા જવાબમાં પોલીસે પણ ફાયરિંગ શરૂ કરી દીધું હતું. આ એન્કાઉન્ટરમાં એક



શાર્પશૂટરને પગમાં ગોળી વાગી હતી. જેને હોસ્પિટલમાં ભરતી કરવામાં આવ્યો હતો. બીજો શાર્પશૂટર પણ ધરપકડ કરવામાં આવી હતી. આ શાર્પશૂટર સગીર હોવાનું સામે આવ્યું છે.

પાછલા દિવસોમાં પંજાબ પોલીસને પણ લોરેન્સ બિશ્નોઈ ગેંગના સભ્યોને પકડવામાં સફળતા મળી હતી. પંજાબ પોલીસની એન્ટી-ગેંગસ્ટર ટાસ્ક ફોર્સ અને સ્થાનિક પોલીસે એક જોઈન્ટ ઓપરેશન હેઠળ એન્કાઉન્ટર બાદ લોરેન્સ બિશ્નોઈ ગેંગના ચાર શૂટર્સની ધરપકડ કરી હતી. આ શૂટર્સ ગેંગસ્ટર ગોલ્ડી ઢિલ્લોંના કહેવાથી ચંડીગઢ ટ્રાઈસિટી અને પટિયાલા વિસ્તારમાં 'ટાર્ગેટ કિલિંગ'ને અંજામ આપવાનો પ્લાન કરી રહ્યા હતા.

ઉલ્લેખનીય છે કે, પંજાબમાંથી ઝડપાયેલા ચાર શૂટર્સ પાસેથી સાત ૩૨ કેલિબરની પિસ્તોલ અને ૭૦ જીવતા કારતૂસ જપ્ત કરવામાં આવ્યા હતા. ત્રણેય આરોપીઓ પટિયાલાના રાજપુરાના રહેવાસી હતા. જેમના નામ હરવિંદર સિંહ ઉર્ફ ભોલા, લખવિંદર સિંહ, મોહમ્મદ સમીર અને રોહિત શર્મા હોવાનું સામે આવ્યું હતું.

# થાઈલેન્ડમાં ચાલતી ટ્રેન ઉપર ક્રેન તૂટી પડતા ૨૨ મુસાફરીના મોત નીપજ્યા

## હાઈસ્પીડ રેલ માટેના કોરીડોરના નિર્માણકાર્ય માટે કર્યા ચાલતું હતું ત્યારે સર્જાઈ દુર્ઘટના

બેંગકોક,

થાઈલેન્ડમાં એક ગંભીર ટ્રેન દુર્ઘટના સર્જાઈ હતી. હાઈસ્પીડ રેલ માટેના કોરીડોરના નિર્માણકાર્ય માટે તૈનાત ક્રેન તૂટીને બાજુમાંથી પસાર થઈ રહેલી ટ્રેન પર પડી, જેને કારણે ટ્રેન પાટા પરથી ઉતરી ગઈ હતી. આ દુર્ઘટનામાં ૨૨ લોકોના મોત થયા છે.

આ અકસ્માત બુધવારે સવારે ૯.૦૫ વાગ્યે થાઈલેન્ડના પાટનગર બેંગકોકથી ૨૩૦ કિમી ઉત્તરપૂર્વમાં નાખોન રત્ચાસિમા પ્રાંતના શીખિયો જિલ્લામાં બની હતી. હાઈ-સ્પીડ રેલ પ્રોજેક્ટ પર કામ કરતી એક ક્રેન તૂટી પડી અને બાજુમાંથી પસાર થતી ટ્રેન સાથે અથડાઈ, જેના કારણે ટ્રેન પાટા પરથી ઉતરી ગઈ અને ટ્રેનમાં આગ ફાટી નીકળી. હાલ આગ ઓલવાઈ ગઈ છે, બચાવ કાર્ય ચાલી રહ્યું છે. મૃત્યુઆંક વધી શકે છે.

થાઈલેન્ડના પબ્લિક રીલેશન ડીપાર્ટમેન્ટના ઓફિશિયલ ઠ હેન્ડલ પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે આ ઘટનાના કારણે ઘણા મુસાફરો ટ્રેનમાં ફસાયેલા છે

આ ટ્રેન થાઈલેન્ડના બેંગકોકથી ઉબોન રત્ચાથાની પ્રાંત જઈ રહી હતી. રેસ્ક્યુ ઓપરેશનનો વિડીયો સોશિયલ મીડિયા પર શેર કારવામાં આવ્યો છે. જેમાં જોવા મળે છે કે બચાવ કર્મીઓ અને લોકો ફસાયેલા મુસાફરોને બહાર કાઢવાનો પ્રયાસ કરી રહ્યા છે.

# લંડનમાં શીખોએ પાકિસ્તાની ગ્રુમિંગ ગેંગના સભ્યના ચુંગાલમાંથી સગીરાને બચાવી

## શીખ સમુદાય રસ્તા પર ઉતરી આવ્યો અને સગીરાને બચાવવા માટે ઘરનો ઘેરાવ કર્યો

હાઉન્સલો

લંડનમાં પણ પાકિસ્તાની ગ્રુમિંગ ગેંગ સક્રિય છે. જે બાળકીઓનું અપહરણ કરીને તેમની સાથે દુષ્કર્મ જેવી ઘટનાઓને અંજામ આપે છે. જે અંતર્ગત પશ્ચિમ લંડનમાં આ ગેંગના સભ્યએ ૧૬ વર્ષની સગીરને લલચાવીને અપહરણ કર્યું હતું તેની બાદ બળાત્કાર ગુજાર્યો હતો. જોકે, આ અંગે જ્યારે ત્યાં રહેતા શીખ સમુદાયને જાણ થઈ ત્યારે તેને બચાવવા માટે ૨૦૦ થી વધુ શીખ એકત્ર થયા હતા. તેમજ આરોપીના ઘરે હુમલો કર્યો હતો અને સગીરાને છોડાવી હતી.

આ અંગે મળતી માહિતી મુજબ સગીરાને બચાવવા માટે શીખ સમુદાયના સભ્યોએ ઘણા કલાકો સુધી વિરોધ પ્રદર્શન કર્યું હતું. જેમાં પોલીસ પર દબાણ કર્યું હતું. ત્યાર બાદ શંકાસ્પદ વ્યક્તિને કસ્ટડીમાં લેવામાં આવ્યો અને સગીરાને તેના પરિવારને મળાવી દેવામાં આવી હતી.

જ્યારે શીખ પ્રેસ એસોસિએશનના અહેવાલ મુજબ આરોપી ૩૦ વર્ષથી વધુ ઉંમરનો હતો. તેણે પશ્ચિમ લંડનના હાઉન્સલો વિસ્તારમાં ૧૬ વર્ષથી ઓછી ઉંમરની છોકરી સાથે મિત્રતા કરી અને તેમનું શોષણ કર્યું હતું. આ સગીરા શીખ સમુદાયની છે અને આરોપીએ તેની સાથે મિત્રતા કરવાનું શરૂ કર્યું જ્યારે તે ૧૩ વર્ષની હતી. લંડનના હાઉન્સલોમાં બનેલી ઘટનાનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે. તેમજ ફૂટેજમાં બતાવવામાં આવ્યું છે કે પોલીસ કલાકોના વિરોધ પ્રદર્શન પછી આરોપીને વાનમાં લઈ જઈ રહી છે.

શીખ પ્રેસ એસોસિએશનના જણાવ્યા અનુસાર, આરોપીએ શીખ છોકરીને ૧૬ વર્ષની ઉંમરે ઘર છોડવા માટે દબાણ કર્યું હતું. તેને લલચાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. તેમજ આરોપી કાયદાકીય છટકબારીનો ઉપયોગ કર્યો હોવાથી પોલીસ અત્યાર સુધી આ કેસમાં મદદ કરી શકી ન હતી. આ જોઈને શીખ સમુદાય રસ્તા પર ઉતરી આવ્યો અને સગીરાને બચાવવા માટે પગલાં લીધાં હતા.

# ભાજપે કેરળનું નામ બદલવાના પ્રસ્તાવને સમર્થન આપ્યું, પ્રધાનમંત્રી અને મુખ્યમંત્રીને પત્ર લખ્યો



તિરુવનંતપુરમ,

કેરળ ભાજપે પણ કેરળનું નામ બદલવાના એલડીએફ સરકારના પ્રસ્તાવને સમર્થન આપ્યું છે. ભાજપે વડા પ્રધાન મોદીને પત્ર લખીને આ મામલે હસ્તક્ષેપ કરવાની માંગ કરી છે. ન્ઘ્ક્ષ સરકારે કેરળનું નામ બદલીને કેરળમ કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે. રાજ્ય ભાજપ એકમના પ્રમુખ રાજીવ ચંદ્રશેખરે વડા પ્રધાન મોદી અને મુખ્યમંત્રી પિનરાઈ વિજયનને પત્ર લખીને પોતાનો ટેકો વ્યક્ત કર્યો છે.

પત્રમાં ચંદ્રશેખરે લખ્યું છે કે નામ બદલવાથી રાજ્યમાં ઉગ્રવાદી શક્તિઓને કાબુમાં લેવામાં મદદ મળશે જે ધર્મના આધારે અલગ જિલ્લા બનાવવાની માંગ કરી રહ્યા છે. ચંદ્રશેખરે જણાવ્યું હતું કે રાજ્ય વિધાનસભાએ આ ઠરાવ પસાર કર્યો છે. તેમણે કહ્યું હતું કે ભાજપની વિચારધારા ભાષા, સંસ્કૃતિ અને પરંપરાઓના સંરક્ષણ પર આધારિત છે, અને ભાજપ હંમેશા કેરળને કેરળમ તરીકે જુએ છે, કારણ કે રાજ્યમાં હજારો વર્ષોનો ઈતિહાસ અને સંસ્કૃતિ છે. ચંદ્રશેખરે કેરળના મુખ્યમંત્રીને એક પત્ર પણ લખ્યો હતો, જેમાં આશા વ્યક્ત કરવામાં આવી હતી કે કેરળ એક સુરક્ષિત અને વિકસિત રાજ્ય બનશે જ્યાં બધા મલયાલીઓ સાથે રહી શકે.

કેરળ વિધાનસભાએ ઓગસ્ટ ૨૦૨૪ માં સર્વાનુમતે કેરળનું નામ બદલીને કેરળમ કરવાની માંગણી કરતો ઠરાવ પસાર કર્યો હતો. આ પ્રસ્તાવમાં, કેન્દ્ર સરકાર પાસેથી માંગ કરવામાં આવી હતી કે રાજ્યનું નામ બદલીને કેરળમ કરવામાં આવે અને બંધારણની આઠમી અનુસૂચિમાં પણ નામ બદલવું જોઈએ.

# ઈરાનનું એરસ્પેસ બંધ થતા એર ઈન્ડિયા, ઈન્ડિગો અને સ્પાઈસજેટ જેવી એરલાઈન્સની અનેક ફ્લાઈટ્સ રદ

## ઈરાનનું એર સ્પેસ બંધ થતા ભારતીય એરલાઈન્સને વિપરીત અસર

નવી દિલ્હી,

ઈરાનમાં છેલ્લા ૧૫ દિવસ કરતાંય વધારે સમયથી જનઆંદોલન ચાલી રહ્યું છે. સૈનિકો સાથેની અથડામણમાં અત્યારસુધી ૨૫૦૦થી વધારે લોકોનૌ મોત થઈ ચૂક્યા છે. આવી તણાવપૂર્ણ પરિસ્થિતિમાં ઈરાનનું એરસ્પેસ બંધ કરવામાં આવ્યું છે. જેની અસર ભારતની અગ્રણી એરલાઈન્સ પર પડી છે.

ઈરાનનું એરસ્પેસ બંધ થતા એર ઈન્ડિયા, ઈન્ડિગો અને સ્પાઈસજેટ જેવી એરલાઈન્સની અનેક ફ્લાઈટ્સ રદ થઈ છે. જેને લઈને આ તમામ એરલાઈન્સે મુસાફરો માટે ટ્રાવેલ એડવાઈઝરી જાહેર કરી છે. એર ઈન્ડિયાએ જણાવ્યું છે કે, મુસાફરો અને ક્રૂની સુરક્ષા સર્વોપરી હોવાથી તમામ ફ્લાઈટ્સ માટે વૈકલ્પિક રૂટ અપનાવવામાં આવી રહ્યા છે.



જેના કારણે વિમાનોના સમયમાં વિલંબ થઈ શકે છે. જ્યાં વૈકલ્પિક રૂટ શક્ય નથી, તેવી ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે.

ઈન્ડિગો એરલાઈન દ્વારા જણાવવામાં આવ્યું છે કે, પરિસ્થિતિ તેમના કંટ્રોલ બહાર છે. અસરગ્રસ્ત મુસાફરોને રિશિડ્યુલિંગ અથવા સંપૂર્ણ રિફંડના વિકલ્પો આપવામાં આવી રહ્યા છે. સ્પાઈસજેટે મુસાફરોને રવાના થતા પહેલા વેબસાઈટ અથવા 24×7 હેલ્પલાઈન પર ફ્લાઈટ સ્ટેટસ તપાસી લેવાની સલાહ આપી છે.

તમામ એરલાઈન્સે મુસાફરોને વિનંતી કરી છે કે એરપોર્ટ પહોંચતા પહેલા તેમની ફ્લાઈટનું લાઈવ સ્ટેટસ ઓનલાઈન ચેક કરી લેવું. અસુવિધા ટાળવા માટે એરલાઈન્સ દ્વારા આપવામાં આવેલા રિબુકિંગ વિકલ્પોનો ઉપયોગ કરવા પણ જણાવાયું છે.

# સુપ્રીમ કોર્ટે ભ્રષ્ટાચાર વિરોધી કાયદા પર વિભાજિત ચુકાદો આપ્યો, કેસની સુનાવણી માટે મોટી બેન્ચ

## ફરજિયાત પૂર્વ મંજૂરીની જરૂરિયાત પર પ્રશ્ન ઉઠાવતા ન્યાયાધીશ નાગરત્નાએ જણાવ્યું હતું કે આ શરત ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમની ભાવના વિરુદ્ધ છે

નવીદિલ્હી,

સુપ્રીમ કોર્ટે ભ્રષ્ટાચાર વિરોધી કાયદાની ૨૦૧૮ ની જોગવાઈની બંધારણીય માન્યતા પર વિભાજિત ચુકાદો આપ્યો છે જેમાં ભ્રષ્ટાચારના કેસમાં સરકારી કર્મચારી સામે તપાસ શરૂ કરતા પહેલા પૂર્વ મંજૂરીની જરૂર છે. ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, ૧૯૮૮ સાથે સંકળાયેલા આ કેસમાં, ન્યાયાધીશ બી.વી. નાગરત્નાએ જણાવ્યું હતું કે ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમની કલમ ૧૭એ ગેરબંધારણીય છે અને તેને રદ કરવી જોઈએ.

"ફરજિયાત પૂર્વ મંજૂરી" ની જરૂરિયાત પર પ્રશ્ન ઉઠાવતા, ન્યાયાધીશ નાગરત્નાએ જણાવ્યું હતું કે આ શરત ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમની ભાવના વિરુદ્ધ છે અને તપાસમાં અવરોધ ઉભો કરે છે. કાયદાના આવા વિભાગો ભ્રષ્ટ વ્યક્તિઓનું રક્ષણ કરે છે. જો કે, કેસની સુનાવણી કરી રહેલા બેન્ચના અન્ય એક ન્યાયાધીશે કાયદાના આ વિભાગને બંધારણીય જાહેર કર્યો. જસ્ટિસ કે.વી. વિશ્વનાથને ચુકાદાના પોતાના ભાગમાં લખ્યું હતું કે, "ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમની કલમ ૧૭એ એક બંધારણીય જોગવાઈ છે." તેમણે કહ્યું હતું કે કાયદાની આ જોગવાઈ પ્રામાણિક અધિકારીઓનું રક્ષણ કરે છે, જેના પર ભાર મૂકવાની જરૂર છે. જ્યારે ન્યાયાધીશ બી.વી. નાગરત્નાએ જણાવ્યું હતું કે ભ્રષ્ટાચાર નિવારણ કાયદાની કલમ ૧૭એ ગેરબંધારણીય છે અને તેને રદ કરવી જોઈએ, ત્યારે ન્યાયાધીશ કે.વી. વિશ્વનાથને આ જોગવાઈને બંધારણીય જાહેર કરી અને પ્રામાણિક અધિકારીઓનું રક્ષણ કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો.

આ મામલો હવે મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત સમક્ષ મૂકવામાં આવશે જેથી અંતિમ નિર્ણય માટે કેસની ફરીથી સુનાવણી કરી શકાય.

જુલાઈ ૨૦૧૮ માં રજૂ કરાયેલ ભ્રષ્ટાચાર નિવારણ કાયદા, ૧૯૮૮ ની કલમ ૧૭એ, સક્ષમ અધિકારીની પૂર્વ મંજૂરી વિના સત્તાવાર ફરજો બજાવવામાં ભલામણો માટે કોઈપણ જાહેર સેવક સામે કોઈપણ 'તપાસ અથવા તપાસ' પર પ્રતિબંધ મૂકે છે. સુપ્રીમ કોર્ટનો આ નિર્ણય ભ્રષ્ટાચાર નિવારણ કાયદાની સુધારેલી કલમ ૧૭એની માન્યતાને પડકારતી એનજીઓ સેન્ટર ફોર પબ્લિક ઈન્ટરેસ્ટ લિટિગેશન દ્વારા દાખલ કરાયેલી જાહેર હિતની અરજી પર આવ્યો છે.

# રાહુલ ગાંધી ટૂંક સમયમાં રામ મંદિરની મુલાકાત લેશે, બારાબંકીના સાંસદ તનુજ પુનિયા

લખનૌ,

ઉત્તર પ્રદેશના અયોધ્યામાં ભગવાન શ્રી રામનું ભવ્ય મંદિર પૂર્ણ થયું છે. રામ મંદિર ભક્તો માટે ભક્તિનું કેન્દ્ર બની ગયું છે, અને હજારો અને લાખો ભક્તો રામ લલ્લાના દર્શન કરવા આવી રહ્યા છે. ભાજપ અને વિવિધ રાજકીય પક્ષોના અગ્રણી નેતાઓ, જેમાં પીએમ મોદીનો પણ સમાવેશ થાય છે, રામ મંદિરની મુલાકાત લીધી છે. જોકે, કોંગ્રેસના સાંસદ અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી દ્વારા રામ મંદિરની મુલાકાત લેવાનો ઈનકાર કરવા અંગેપ્રશ્નો ઉભા થયા છે. હવે, માહિતી સામે આવી છે કે રાહુલ ગાંધી ટૂંક સમયમાં રામ મંદિરની મુલાકાત લઈ શકે છે.

હકીકતમાં, ઉત્તર પ્રદેશના બારાબંકીના લોકસભા સાંસદ તનુજ પુનિયાએ રાહુલ ગાંધીની રામ મંદિરની મુલાકાત અંગે માહિતી શેર કરી હતી. સાંસદ તનુજ પુનિયાએ કહ્યું હતું કે, "રાહુલ ગાંધીએ સ્પષ્ટ કર્યું હતું કે જ્યાં સુધી આખું મંદિર ન બને ત્યાં સુધી તેઓ રામ મંદિરની મુલાકાત લેશે નહીં. વધુમાં, ચાર શંકરાચાર્યોએ પણ સ્પષ્ટ કર્યું હતું કે શિખર ધ્વજની પૂજા થયા પછી જ તેઓ રામ મંદિરની મુલાકાત લેશે. તેથી, રાહુલ ગાંધી ટૂંક સમયમાં રામ મંદિરની મુલાકાત લેશે. કારણ કે હવે, મારા મતે, મંદિર પૂર્ણ થઈ ગયું છે. તેથી, તે સ્પષ્ટ છે કે કોઈ પણ અધૂરા મંદિરમાં પૂજા કરવા જતું નથી." કોંગ્રેસના સાંસદ તનુજ પુનિયા ગોંડાની એક દિવસની મુલાકાતે હતા, જ્યાં તેમણે એક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન આ નિવેદન આપ્યું હતું. ગયા વર્ષે ૨૫ નવેમ્બરના રોજ અયોધ્યામાં શ્રી રામ મંદિરની ટોચ પર ધ્વજ ફરકાવવામાં આવ્યો હતો.

# પ્રવાસમાં ગયેલી યુવતીઓની પાછળ આબુ જઈ ગીરીશ ભીમાણીએ નશાની હાલતમાં અડપલા કર્યા! વિદ્યાસભાએ તાબડતોબ ભીમાણીની હકાલપટ્ટી કરી

## લે બેટા કોલ્ડ્રીંક્સ પી તેમ કહેતા કહેતા એક પછી એક યુવતિના શરીરે અડપલા કર્યા



અમરેલી:
અમરેલી જિલ્લાના શિક્ષણ જગતને કંલક લગાડતી એક ઘટનામાં વિદ્યાસભાની બીસીએ કોલેજની છાત્રાઓ આબુના પ્રવાસે ગઈ હતી ત્યારે કોલેજના નિયામક ગીરીશ ભીમાણીએ પાછળથી પોતાની કાર લઈ આબુ પહોંચી નશાની હાલતમાં ૧૦ જેટલી છાત્રાઓની છેડતી કરી અડપલા કર્યાનું બહાર આવ્યું છે. વિધાનસભાના પ્રમુખ વસંતભાઇ ગજેરાએ જણાવ્યું હતું કે છાત્રોની છેડતી અંગે રજૂઆત મળતા વિદ્યાસભાએ તાબડતોબ ભીમાણીની હકાલપટ્ટી કરી છે. છાત્રાઓ આ મુદ્દે પોલીસ મથકે પણ પહોંચી હતી.સૌરાષ્ટ્ર યુનિવર્સીટીના પૂર્વ વાઈસ ચાન્સલર ગીરીશ ભીમાણીએ આબુમાં લખણ ઝળકાવ્યા છે. યુનિવર્સીટીમાંથી નિવૃત થયા બાદ જાણકાર હોવાના નાતે અમરેલી જિલ્લા વિદ્યાસભામાં તેને કોલેજ વિભાગમાં નિયામક બનાવવામાં આવ્યા હતા. પરંતુ અહીં પણ તેમણે પોત પ્રકાશ્યું હતું અને કોલેજની છાત્રાઓની છેડતી કરી હતી. અમરેલી એબીવીપીના અગ્રણી ભીષ્મ ભરાડે જણાવ્યું હતું કે અહીની બીસીએ કોલેજના છાત્ર-છાત્રાઓનો એક પ્રવાસ ત્રણ દિવસ પહેલા આબુ ગયો હતો. ગઈકાલે આ પ્રવાસનો છેલ્લો દિવસ હતો. ત્યારે ગઈકાલે ગીરીશ ભીમાણી પોતાની કાર લઈ આબુ પહોંચી ગયા હતા.એબીવીપીના આગેવાનોએ આક્ષેપ કર્યો હતો કે દારૂના નશામાં ભીમાણીએ છાત્રાઓને સારી હોટલમાં રહેવાની અને કોલ્ડ્રીંક્સ પીવડાવવાની લાલચ આપી હતી અને આ બહાને ૧૦ જેટલી છાત્રાઓના શરીરે અડપલા કરી બીભત્સ વર્તન કર્યું હતું અને તેમની હાજરીમાં બીભત્સ વાર્તાલાપ કર્યો હતો. સાથે ગયેલા સ્ટાફે મામલો થાળે પાડ્યો હતો. પરંતુ છાત્રાઓએ એબીવીપીના આગેવાનોને વાત કરતા સવારે પ્રવાસ પરત આવ્યો ત્યારે કાર્યકરો વિદ્યાસભામાં પહોંચી ગયા હતા અને હોબાળો મચાવ્યો હતો. છાત્રાઓ સાથે આ કાર્યકરો અમરેલી સીટી પોલીસ મથકે પણ દોડી ગઈ હતી.જો કે સ્થાનિક પોલીસ કર્મીઓએ તેને આ ફરિયાદ આબુમાં થઈ શકે તેમ સમજાવી વળાવી દીધા હતા. બીજી તરફ આ અંગે જાણ થતા વિદ્યાસભા મેનેજમેન્ટ દ્વારા ગીરીશ ભીમાણીને નિયામકના હોદ્દા પરથી તાબડતોબ દૂર કરવામાં આવ્યા છે. છાત્રોએ હવે ગીરીશ ભીમાણી વિદ્યાસભાના કેમ્પસમાં ક્યારેય પગ ન મુકે તેવી માંગ કરી છે. દિવ્ય ભાસ્કરે આ ઘટનામાં ખરેખર શું છે તે જાણવા વારંવાર ગિરીશ ભીમાણીનો સંપર્ક કર્યો હતો પણ તેમણે ફોન ઉઠાવ્યો ન હતો.

એબીવીપીના આગેવાનોને છાત્રાઓએ એવી ફરિયાદ કરી હતી કે ગીરીશ ભીમાણી આબુમાં તેમની પાછળ કાર લઈને આવ્યા હતા અને તેઓ જ્યા રોકાયા હતા ત્યા નશાની હાલતમાં તેમની પાછળ આવ્યા હતા. છાત્રાઓને સારી હોટલમાં ઉતારવાની અને જમાડવાની લાલચ આપી હતી. પરંતુ છાત્રાઓ તૈયાર ન થતા પરાણે કોલટ્રીંક્સ પીવડાવવાનો પ્રયાસ કર્યો હતો. એક પછી એક છાત્રાને તેણે લે બેટા... કોલટ્રીંક્સ પી તેમ કહી શરીરે અડપલા કર્યા હતા અને છાત્રાઓની હાજરીમાં બીભત્સ અને દ્વિ અર્થી વાતો કરી હતી. આજે સવારે છાત્રાઓ પરત અમરેલી આવી ગઈ હતી. પરંતુ ગીરીશ ભીમાણી વિવાદ થવાની આશંકાએ પરત આવ્યા ન હતા.એબીવીપીના ભાવનગર વિભાગના સંયોજક ભીષ્મ ભરાડે જણાવ્યું હતું કે છાત્રાઓએ અગાઉ વાત કરી હોય અમે પ્રવાસ પરત આવવાના સમયે જ વિદ્યાસભામાં પહોંચ્યા હતા. સાથે ગયેલા સ્ટાફે પણ આવી ઘટના બની હોવાનું અમને જણાવ્યું હતું. જેથી અમે છાત્રાઓને લઈ પોલીસ મથકે પહોંચ્યા હતા.અમરેલી જિલ્લા વિદ્યાસભાના ચેરમેન વસંતભાઈ ગજેરાએ જણાવ્યું હતું કે કોલેજના પ્રવાસની ઘટના અંગે અમને મોખિક રજૂઆત મળી છે અને આજે ગીરીશ ભીમાણીને તેમના હોદ્દા પરથી દૂર કરવામાં આવ્યા છે.

# સૌરાષ્ટ્ર, કચ્છ અને દક્ષિણ ગુજરાતમાં ૨૪ કલાકમાં ૪ ભૂકંપના આંચકા




(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી:
ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન ફરી એકવાર ભૂકંપની ગતિવિધિઓ નોંધાઈ છે. રાજ્યના સૌરાષ્ટ્ર, કચ્છ અને દક્ષિણ ગુજરાતના વિસ્તારોમાં કુલ ચાર હળવા આંચકા અનુભવાયા છે. જોકે, તમામ આંચકાઓની તીવ્રતા ઓછી હોવાના કારણે ક્યાંય પણ જાનમાલના નુકસાનના કોઈ અહેવાલ નથી. મકર સંક્રાંતિના દિવસે વહેલી સવારે ૦૨:૨૩ વાગ્યે એક જ સમયે બે અલગ-અલગ વિસ્તારોમાં ભૂકંપના કંપન નોંધાયા હતા

સૌરાષ્ટ્રના અમરેલી નજીક ૨.૫ની તીવ્રતાનો ભૂકંપ નોંધાયો, જેનું કેન્દ્રબિંદુ અમરેલીથી ૩૭ કિલોમીટર દક્ષિણ-પશ્ચિમ દિશામાં જમીનથી ૧૧ કિલોમીટરની ઊંડાઈએ હતું. તે જ સમયે દક્ષિણ ગુજરાતના વાંસદા નજીક ૧.૬ની તીવ્રતાનો એક અત્યંત હળવો આંચકો નોંધાયો હતો. તેનું કેન્દ્રબિંદુ વાંસદાથી ૮ કિલોમીટર દક્ષિણ-પૂર્વ દિશામાં માત્ર ૧.૬ કિલોમીટરની ઊંડાઈએ હતું.આ પહેલાં ગઈકાલે, મંગળવારના રોજ, કચ્છ અને સૌરાષ્ટ્રના દરિયાકાંઠે પણ ભૂકંપની હલચલ જોવા મળી હતી:

# અમરેલીમાં મંત્રી કૌશિક વેકરીયાએ પતંગ ઉત્સવ ઉજવ્યો: સાંસદ ભરત સુતરીયા પણ કાર્યકરો સાથે જોડાયા





અમરેલી:
સમગ્ર ગુજરાત રાજયમાં ઉત્તરાયણ પર્વની પરંપરાગત ઉજવણી ચાલી રહી છે. આ પાવન પર્વ નિમિત્તે અમરેલીમાં રાજ્ય કક્ષાના ઊર્જા અને કાયદા વિભાગના મંત્રી કૌશિક વેકરીયા અને લોકસભાના સાંસદ ભરત સુતરીયાએ ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો અને નાગરિકો સાથે પતંગ ઉત્સવની ઉજવણી કરી હતી.સામાન્ય રીતે રાજકીય આગેવાનો પરિવારજનો સાથે ઉત્તરાયણ ઉજવતા હોય છે, ત્યારે મંત્રી કૌશિક વેકરીયાએ સામાન્ય કાર્યકરની જેમ ધાબા પર ચઢી પતંગ ઉડાવી હતી. તેમની આ સાદગીભરી અને લોકસંપર્કસભર ઉજવણીથી કાર્યકરોમાં વિશેષ ઉત્સાહ જોવા મળ્યો હતો. પતંગ ઉત્સવ દરમિયાન "કાઈ પો છે"ના નારાથી વાતાવરણ આનંદમય બની ગયું હતું.આ પ્રસંગે લોકસભાના સાંસદ ભરત સુતરીયાએ જણાવ્યું હતું કે, "આજે માત્ર પતંગ નહીં, પરંતુ વિકાસની પતંગ આકાશમાં ઉડી રહી છે. ગુજરાત અને દેશ વિકાસના નવા આયામો સર કરી રહ્યા છે." તેમણે તમામ નાગરિકોને પર્યાવરણને નુકસાન ન થાય તે રીતે સુરક્ષિત પતંગ ઉડાવવાની અપીલ પણ કરી હતી.

રાજ્ય સરકારના મંત્રી કૌશિક વેકરીયાએ વધુમાં કહ્યું કે, ઉત્તરાયણ પર્વ લોકો પરિવાર અને ભાઈબંધો સાથે ઉજવે છે. રાજ્ય અને દેશમાં વિકાસના કાર્યો થઈ રહ્યા છે. તેમણે સોમનાથના ઈતિહાસનો ઉલ્લેખ કરતા જણાવ્યું કે, વડાપ્રધાને વિશ્વને સંદેશ આપ્યો છે. આજના દિવસે વિકાસના કાર્યો થતા રહે તે માટે સોમનાથ દાદાને પ્રાર્થના છે.

આ કાર્યક્રમમાં નગરપાલિકાના હોદ્દેદારો, ભાજપના વિવિધ મોરચાના પદાધિકારીઓ, કાર્યકરો તેમજ મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. આ પતંગ ઉત્સવ માત્ર તહેવારની ઉજવણી પૂરતો સીમિત ન રહેતા, કાર્યકરો અને નેતાઓ વચ્ચેના આત્મીય સંબંધો તેમજ સંગઠનની એકતા દર્શાવતો યાદગાર પ્રસંગ બની રહ્યો હતો.

# અમરેલીના નાના મુંજયાસરમાં ગમખ્વાર અકસ્માત, બેકાબૂ કાર રોડ નીચે ઉતરી જતાં મહિલાનું મોત




અમરેલી:
અમરેલી જિલ્લાના બગસરા તાલુકાના માણેકવાડા રોડ પર એક કરુણ અકસ્માત સર્જાયો હતો. ચક્કરગઢ દેવળીયાથી ભલગામ તરફ જઈ રહેલી એક કાર અચાનક નિયંત્રણ ગુમાવીને રોડ નીચે ઉતરી જતાં પલટી ખાઈ ગઈ હતી. આ દુર્ઘટનામાં એક મહિલાનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું, જ્યારે કારમાં સવાર અન્ય સભ્યોનો આબાદ બચાવ થયો છે.મળતી માહિતી મુજબ, અમરેલીના ચક્કરગઢ દેવળીયા ગામનો પરિવાર કાર લઈને ભલગામ તરફ જઈ રહ્યો હતો. આ દરમિયાન બગસરાના નાના મુંજયાસર ગામ પાસે માણેકવાડા રોડ પર કારચાલકે સ્ટેયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો. કાર પૂરઝડપે હોવાથી અચાનક રોડની નીચે ઉતરી ગઈ હતી અને ગોથું ખાઈ ગઈ હતી. આ અકસ્માતમાં કારમાં સવાર હેતલબેન જાદવ નામની મહિલાને ગંભીર ઈજાઓ પહોંચતા તેમનું કરુણ મોત નીપજ્યું હતું. જ્યારે કારચાલક અને કારમાં સવાર એક માસૂમ બાળકનો આ અકસ્માતમાં બચાવ થયો હતો.અકસ્માતની જાણ થતા જ આસપાસના લોકો દોડી આવ્યા હતા અને ઈજાગ્રસ્તોને બહાર કાઢવાની કામગીરી હાથ ધરી હતી. બનાવની જાણ થતા જ પોલીસ કાફલો પણ ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. મૃતક હેતલબેનના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે બગસરાની સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. પોલીસે આ મામલે અકસ્માતે મોતના ગુના હેઠળ ફરિયાદ નોંધી છે અને અકસ્માત પાછળનું ચોક્કસ કારણ જાણવા તપાસ હાથ ધરી છે. આ ઘટનાને પગલે મૃતક મહિલાના પરિવારમાં અને ચક્કરગઢ દેવળીયા ગામમાં શોકની લાગણી વ્યાપી ગઈ છે.

# બાબરામાં પૃથ્વી સમ્રાટ માંધાતાની જન્મજયંતિ ઉજવાઈ

## ચમારડી, ખાખરીયા ગામે 'જય માંધાતા'ના નાદ સાથે કોળી સમાજ જોડાયો



બાબરા:બાબરા તાલુકામાં સમસ્ત કોળી સમાજ દ્વારા પૃથ્વી સમ્રાટ ભગવાન માંધાતાની જન્મજયંતિની ઉજવણી કરવામાં આવી હતી. ૧૪મી જાન્યુઆરીના રોજ ચમારડી અને ખાખરીયા સહિત વિવિધ ગામોમાં આ કાર્યક્રમોનું આયોજન થયું હતું, જેમાં સમાજના અગ્રણીઓ અને યુવાનો મોટી સંખ્યામાં જોડાયા હતા.ખાખરીયા ગામમાં સમસ્ત કોળી યુવા સમાજના અગ્રણી અને સરપંચ વિપુલભાઈ કાચેલાના અધ્યક્ષ સ્થાને વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. અહીં ભગવાન માંધાતાના ફોટાને ફૂલહાર કરી વિધિવત પૂજન-અર્ચન કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત યુવાનોએ 'જય માંધાતા'ના નાદ સાથે વાતાવરણને ગુંજવી દીધું હતું.

બીજી તરફ, ચમારડી ગામે જિલ્લા પંચાયતના સભ્ય અને કોળી સમાજના અગ્રણી નીતિનભાઈ રાઠોડના અધ્યક્ષ સ્થાને ઉજવણી થઈ હતી. ગામમાં સ્થાપિત ભગવાન માંધાતાની પ્રતિમાને નીતિનભાઈ રાઠોડ અને તાલુકાના અન્ય અગ્રણીઓ દ્વારા પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી.પૂજન-અર્ચન બાદ સમાજના શ્રેષ્ઠીઓએ ભગવાન માંધાતાના જીવન અને શૌર્ય વિશે વક્તવ્યો આપ્યા હતા.સમસ્ત કોળી સમાજના આસ્થાના કેન્દ્ર સમાન ભગવાન માંધાતાની જન્મજયંતિ દર વર્ષે બાબરા પંથકમાં ધામધૂમથી ઉજવાય છે. આ વર્ષે પણ ૧૪મી જાન્યુઆરીએ પરંપરાગત રીતે શ્રદ્ધાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું, જેનાથી સમગ્ર તાલુકામાં કોળી સમાજમાં ઉત્સાહ જોવા મળ્યો હતો.

# રાજેન્દ્ર બાપુનું ઉત્તરાખંડમાં સન્માન

## મુખ્યમંત્રી પુષ્કરસિંહ ધામીએ કર્યું, કુંભમેળાની તૈયારીઓ નિહાળી



અમરેલી:રામપરા વૃંદાવન માધવબાગના મહંત રાજેન્દ્ર બાપુનું ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ સન્માન કર્યું છે. આ સન્માન દેવભૂમિ ઉત્તરાખંડમાં કરવામાં આવ્યું હતું.મુખ્યમંત્રી ધામીએ રાજેન્દ્ર બાપુની સાધુ તરીકેની કામગીરી અને આગામી ૨૭મા કુંભમેળાની તૈયારીઓ અંગે સંતો સાથેની તેમની બેઠકો નિહાળી હતી. તેમની હિંદુ ધર્મ પ્રત્યેની સેવા અને નિષ્ઠાવાન કાર્યને બિરદાવતા મુખ્યમંત્રીએ સંતોષ વ્યક્ત કર્યો હતો.રાજેન્દ્ર બાપુ અખિલ ભારતીય અખાડા પરિષદના મહામંત્રી અને રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે પણ કાર્યરત છે. તેઓ રાજુલા તાલુકાના રામપરા ગામે આવેલા વૃંદાવન બાગના મહંત છે, જે આસ્થાનું કેન્દ્ર છે. તેઓ હિંદુ ધર્મ માટે સેવા કાર્યોમાં સક્રિય રહે છે.તેમના આશ્રમો રામપરા, જયપુર અને હરિદ્વાર ખાતે આવેલા છે. તેઓ ધર્મની રક્ષા માટે વિશ્વભરના સંતો સાથે સતત સેવા કાર્યો કરી રહ્યા છે.આ સન્માન બદલ સૌરાષ્ટ્રની દેહાળ જગ્યાઓના મહંતો, રાજેન્દ્ર બાપુના સેવકગણ અને વિવિધ અગ્રણીઓએ ખુશી વ્યક્ત કરી હતી. જેમાં રાજુલા-જાફરાબાદના ધારાસભ્ય હીરાભાઈ સોલંકી, પીપાવાવ જગ્યાના મહંત મહેશ બાપુ, નિંગાળા જગ્યાના મહંત અમરદાસ બાપુ, કેસરીનંદન જગ્યાના મહંત સનાતન બાપુ, કાગધામના બાપભાઈ કાગ, રાજુલા ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ ગૌરાંગભાઈ મહેતા, વિશ્વ હિંદુ પરિષદના પ્રમુખ યુવરાજભાઈ, રામપરાના સનાભાઈ, સેવક શીવાભાઈ વાઘ, ગોલ્ડન લાલા આતા, કવિ હેમાળવીર શશીભાઈ રાજ્યગુરુ, કનુભાઈ વરુ, પ્રતાપભાઈ ધાખડા અને સાવજભાઈ લાખણોત્રાનો સમાવેશ થાય છે.

# દામનગર BAPS મંદિરમાં દિવ્ય શાકોત્સવ યોજાયો



અમરેલી:દામનગર BAPS મંદિર પરિસરમાં વરિષ્ઠ સંતોના સાનિધ્યમાં દિવ્ય શાકોત્સવ અને સત્સંગનું આયોજન કરવામાં આવ્યું હતું. અમરેલી મ્છજી મંદિરના કોઠારી વરિષ્ઠ સંત પૂજ્ય સ્વામી શ્રી સાધુચરિતદાસજીએ 'ભગવાન જ કર્તા' વિષયે મનનીય સત્સંગ કર્યો હતો.

આ શાકોત્સવમાં યોગવીરદાસજી સ્વામી, ભગવતકીર્તનદાસજી સ્વામી અને અંન્તરાજદાસજી સહિત અનેક સંતવૃંદની પાવન નિશ્રા રહી હતી. દામનગર શહેર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાંથી હજારો સત્સંગીઓએ સ્થિરપ્રજ્ઞ બની આ દિવ્ય સત્સંગનો લાભ લીધો હતો.

# આઝાદ ગ્રુપે મકરસંક્રાંતિએ જાફરાબાદમાં અનેક પક્ષીઓ બચાવ્યા

## પતંગની દોરીથી ઘાયલ પક્ષીઓની સારવાર કરી, જાગૃતિ અભિયાન ચલાવ્યું



જાફરાબાદ:જાફરાબાદમાં મકરસંક્રાંતિ પર્વ નિમિત્તે આઝાદ ગ્રુપના યુવાનો દ્વારા 'પક્ષી બચાવો અભિયાન' હાથ ધરવામાં આવ્યું હતું. આ અભિયાન અંતર્ગત બંદર ચોક, પીપળી કાંઠા વિસ્તાર અને ત્રિકોણ સર્કલ સહિતના વિસ્તારોમાંથી પતંગની દોરીથી ઘાયલ થયેલા અસંખ્ય પક્ષીઓના જીવ બચાવવામાં આવ્યા હતા.આઝાદ ગ્રુપે ૧૪ જાન્યુઆરી, ૨૦૨૬ (બુધવાર) ના રોજ બંદર રોડ, પીપળીકાંઠા વિસ્તારમાં પક્ષી સુરક્ષા માટે એક વિશેષ મંડપનું આયોજન કર્યું હતું. આ મંડપ પર ઘાયલ પક્ષીઓને લાવીને તેમની યોગ્ય સારવાર કરવામાં આવી હતી.પક્ષી બચાવવાની સાથે, આ ટીમે ઉત્તરાયણ પર્વ નિમિત્તે બાળકો, વડીલો અને યુવાનોને ધાબા, અગાસી કે રોડ પર સાવચેતી રાખવા અને બાળકોને પતંગ લૂંટવાથી રોકવા અંગે જાગૃત કર્યા હતા.જાફરાબાદ શહેરમાં આઝાદ ગ્રુપ ધાર્મિક અને સામાજિક કાર્યોમાં પણ સક્રિય છે. વિશાળ સભ્યોની ટીમ ધરાવતા આ ગ્રુપે આ વખતે ઉત્તરાયણ પર્વમાં પણ અસંખ્ય અબોલ જીવોના જીવ બચાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

# ગોડાઉનના અભાવે મગફળીની બોરીઓના થપ્પા

## અમરેલીમાં ટેકાના ભાવની ખરીદીથી ૧૩ કેન્દ્રો સંપૂર્ણ ભરાઇ ગયા,નવો માલ ક્યાં ઉતારવો એ મોટો પ્રશ્ન



અમરેલી:અમરેલી જિલ્લામાં ચાલુ સિઝનમાં ટેકાના ભાવે મગફળીની મોટા પાયે ખરીદી થઈ રહી છે. ગોડાઉનમાં પૂરતી જગ્યાના અભાવે જિલ્લાના કુલ ૧૩ ખરીદી કેન્દ્રો પર મગફળીની બોરીઓના થપ્પા જોવા મળી રહ્યા છે. આ મગફળી હાલ માર્કેટયાર્ડ અને ખુલ્લા મેદાનોમાં સંગ્રહિત કરવામાં આવી છે. હવે ખેડૂતોને નવો માલ ક્યાં ઉતારવો એ મોટો પ્રશ્ન છે.આ ૧૩ કેન્દ્રો પૈકી, અમરેલી કેન્દ્ર ખાતે અંદાજે ૮૦ હજાર બોરી, સાવરકુંડલા કેન્દ્રમાં ૯૦ હજાર બોરી, બાબરા કેન્દ્રમાં ૫૦ હજારથી વધુ બોરી, ખાંભા કેન્દ્રમાં ૫૦ હજાર બોરી, કુકાવાવ કેન્દ્રમાં ૨૦ હજાર બોરી, લાઠી કેન્દ્રમાં ૨૫ હજાર બોરી અને ધારી કેન્દ્રમાં અંદાજે ૪૫ હજાર બોરી મળી કુલ ૩૬૦ બોરી મગફળીનો ભરાવો થયો છે.સૌથી વધુ ભરાવો સાવરકુંડલા માર્કેટિંગ યાર્ડમાં જોવા મળી રહ્યો છે. મગફળીના આ વિશાળ ઢગલાને કારણે માર્કેટિંગ યાર્ડમાં અન્ય ખેડૂતોના પાક લાવવામાં ભારે મુશ્કેલી સર્જાઈ રહી છે. ખેડૂતોને પોતાના પાક વેચવા માટે લાંબો સમય રાહ જોવી પડી રહી છે.ખેડૂત ભરતભાઈ ખોખરે જણાવ્યું કે, હું શીંગ લઈને આવ્યો હતો, પણ સાવરકુંડલા સંઘમાં ૮૦થી ૯૦ હજાર ગુણીઓનો સ્ટોક છે. સરકારને વિનંતી છે કે ગોડાઉનની વ્યવસ્થા કરે અને શીંગ જલ્દીથી જલ્દી ઉપડે તેવી વ્યવસ્થા કરે, જેથી બીજા ખેડૂતો જે શીંગ નાખવાની રાહ જોઈ રહ્યા છે, તેમને તક મળે. ખરીદીની તારીખ લંબાવવામાં આવે તો આ સમસ્યાનો ઉકેલ આવી શકે છે. સરકારે આખા અમરેલી જિલ્લામાં સર્જાયેલી આ પરિસ્થિતિ પર ધ્યાન આપવું જોઈએ.અન્ય એક ખેડૂત જીવનભાઈ પ્રજાપતિ જણાવે છે કે, આજે હું શીંગ લઈ આવ્યો છું, પરંતુ અહી જગ્યા જ નથી કે નવો માલ આવી શકે. જૂની ૮૦ હજાર બોરી તો પડતર છે. જો સરકાર ગોડાઉનની વ્યવસ્થા કરે તો બધા ખેડૂતોની શીંગ વેચાઈ જાય અને બધાનો વારો આવી જાય. આખા જિલ્લામાં આ જ પરિસ્થિતિ છે. નવા ખેડૂતોને વારો આવે તે પહેલાં તારીખ પૂરી થઈ જાય તેમ છે, તેથી ખરીદીની તારીખમાં વધારો કરવામાં આવે તેવી અમારી માંગ છે.

આ સમસ્યા અંગે સાવરકુંડલા ખરીદ વેચાણ સંઘ પ્રમુખ દિપક માલાણી જણાવે છે કે, અમરેલી જિલ્લામાં ટેકાના ભાવે મગફળી ખરીદી કરવા માટે સરકારમાંથી ૧૩ જેટલા કેન્દ્ર મંજૂર કર્યા છે. ૯ નવેમ્બરથી આ કામગીરીનો પ્રારંભ કર્યો છે. કેટલાક દિવસોથી કેન્દ્રને જરૂરિયાત મુજબ આવેલ મગફળી મોકલવા માટે સ્ટોર્સ માટે ગોડાઉન મળવામાં વિલંબ થાય છે.

# બગસરા નગર પાલિકા પ્રમુખને બદલે પતિ ચલાવે છે વહિવટ- હાઈકોર્ટે કહ્યું નિયામક તપાસ કરે

અમરેલી:બગસરા નગરપાલિકાના પ્રમુખ જ્યોત્સનાબેન રીબડીયાના બદલે તેમના પતિ એ. વી. રુબડીયા જ તમામ પ્રકારનો વહિવટ કરી સહિ કરવા અને નિર્ણય લેવા સુધીના કામ કરતા હોય આ અંગે રજૂઆત છતાં કોઈ પગલાં ન લેવાતા સ્થાનિક રહીશે હાઈકોર્ટમાં મામલો ઉઠાવ્યો છે. જેને પગલે હવે હાઈકોર્ટે નિયામકને તપાસ સોંપી છે.બગસરાના દિનેશભાઈ ભાનુભાઈ હડિયલે આ બારામાં હાઈકોર્ટમાં અપીલ દાખલ કરી હતી. તેમણે અગાઉ જુદા જુદા સ્થળે પાલિકા પ્રમુખના બદલે તેમના પતિ વહિવટ ચલાવતા હોવા અંગે રજૂઆત કરી હતી. જ્યોત્સનાબેન રીબડીયા ભાગ્યે જ નગરપાલિકામાં આવે છે. તેમની ખુરશી પર બેસી પતિ એ.વી.રીબડીયા વહિવટ ચલાવે છે. એટલું જ નહી તમામ નિર્ણયો પણ તે જ લે છે, પત્નિના નામની સહિ પણ તે જ કરે છે. મીટીંગમાં પણ તેઓ જ હાજર રહે છે અને મીડિયા સમક્ષ પણ તેઓ જ ઉપસ્થિત થાય છે. આ અંગે જુદા જુદા સ્તરે રજૂઆત છતાં કોઈ જ પગલાં લેવાયા ન હતા.આ મામલો આજે હાઈકોર્ટમાં ચાલી જતા અદાલતે મામલાને ગંભીર ગણી આ અંગે પાલિકાના પ્રદેશ નિયામકને તપાસનો આદેશ કર્યો હતો. દિનેશભાઈએ અદાલતમાં એ.વી.રીબડીયા પાલિકામાં પ્રમુખની ચેમ્બરમાં ખુરશી પર બેઠા હોય અને વહિવટ ચલાવતા હોય તથા મીડિયાને સંબોધન કરતા હોય તેવા ફોટોગ્રાફ પણ અદાલતમાં રજુ કર્યા હતા.આ અંગે એ.વી.રીબડીયાએ જણાવ્યું હતું કે હું પ્રમુખની ખુરશીમાં બેસતો નથી. બાજુની ખુરશીમાં બેસુ છું. હું ક્યારેય પ્રમુખની સહિ કરતો નથી. મારા પત્નિ જ તમામ નિર્ણયો લે છે. તેઓ બીએસસી એગ્રી સુધી ભણેલા છે અને નિર્ણય લેવા સક્ષમ છે.